Vol. 41, No.1
May 2020
ISSN 2455 - 4162

નવનીત સમર્પણ

Rs: 30

જીવન, સાહિત્ય અને સંસ્કારનું સામયિક



અનહદ બાની

❑ સુભાષ ભટ્ટ

વિશ્વખ્યાત કવિ વોલ્ટ વ્હીટમેન કહે છે કે મારામાં વિરોધાભાસો એટલે છે કે હું બૃહદ છું. હું અસંખ્યથી ઘડાયેલો છું. ખરી જીવન-સાધના એટલે અંતહીન વિરોધાભાસોનો સમાવેશ, જુઓ, શ્રદ્ધામાં સમર્પણ છે તો સંદેહમાં સાહસ છે, મિલનમાં પરિતૃપ્તિ છે તો વિરહમાં પરિશુદ્ધિ છે. સત્ય કે સૌંદર્યની ખોજમાં બહાર નીકળીએ તો તેની લંબાઈ-પહોળાઈ મપાય છે અને અંદર નીકળી પડીએ તો તેની ઊંચાઈ અને ઊંડાઈ પમાય છે. જીવન એટલે બહિર્ખોજ અને અંતર્ખોજનું શાશ્વત યુગલ-ગીત. આવો, એક કથા વાચીએ.

બે મિત્રો હતા, જાણે ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ. એકને નવી વસ્તુઓ વિચારો અને મારગ ખોજવા ગમે, નવાં શિખરો અને સાગરો માપવા ગમે. તેને હંમેશાં પોતાની ક્ષમતાઓ અને સંભાવના ચકાસવી ગમે. તેથી તેના અનુભવોનો ક્રમ હંમેશાં ક થી ખ અને ખ થી ગ પ્રમાણે રહેવો. તો વળી બીજો મિત્ર થોડો શરમાળ અને અંતર્મુખી હતો. તેનામાં વસ્તુ-વિચાર કે વાસ્તવિકતાની અંદર પ્રત્યક્ષ જોવાની, સમજવાની અને પામવાની અને હા, પ્રવેશવાની ક્ષમતા હતી. તેથી તેનો અનુભવોનો ક્રમ ક થી ખ નો નહીં પણ ક થી વધુને વધુ ઊંડાઈમાં જવાનો રહેતો. આમ તે બંને એકમેકના પરિપૂરક. પોષક, પ્રેરક અને પાંખો સમાન હતા. તેથી પ્રેમી બન્યા અને સાથે રહેવા લાગ્યા. અલબત્ત, કાળક્રમે આ મૈત્રી એક સંબંધ બની ગયો, એક પાંજરું બની ગઈ. કારણ કે, એકને આ દેખીતા વિશ્વની પારનાં વિશ્વો શોધવાં હતાં તો વળી બીજાને આ દેખીતા વિશ્વની અંદરનાં વિશ્વો પામવાં હતાં. એકને દૂર જવું હતું તો વળી બીજાને અંદર ચાલ્યા જવું હતું. તેમને એ ન સમજાયું કે આ એક જ ચેતનાની બે અવસ્થાઓ છે, બે વિકલ્પો નથી. ખેર... તે બન્ને છૂટા પડ્યા.

જીવન એટલે આપણી જ અંદર વસતા આવા અનેક રખડુઓ સાથે રખડવું અને સ્વ-ગૃહ એટલે આવા રખડુ વસતા હોય તે તંબુ...

❑❑❑

૧૦૫

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः।
દરેક દિશાએથી અમને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ - ઋગ્વેદ ૧-૮૯-૧

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું માસિક

વર્ષ : ૪૧ અંક: ૧, મે ૨૦૨૦

સંસ્થાપકો :
કનૈયાલાલ મુનશી
શ્રીગોપાલ નેવટિયા
સમર્પણ : સ્થા. ૧૯૫૯
નવનીત : સ્થા. ૧૯૬૨

સંપાદકઃ
દીપક દોશી

વરિષ્ઠ ઉપ-સંપાદક
અનસૂયા સિંધાત્રા

પૃષ્ઠસજ્જા : યોગેશ પટેલ

પ્રકાશક :
પી. વી. શંકરનકુટ્ટી

કાર્યાલય : ભારતીય વિદ્યા ભવન,
કુલપતિ મુનશી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૭.
E-mail : deepsamarpan@yahoo.com
website : www.bhavans.info
રવાનગી વિભાગ :
૨૩૫૩૦૯૧૬, ૨૩૫૧૪૪૬૬

આવરણ : કૌશિક ઘેલાણી
દૂધવા નેશનલપાર્ક

લવાજમના દરો : એક વર્ષ : રૂ. ૩૦૦, બે વર્ષ : રૂ. ૫૮૦, ત્રણ વર્ષ : રૂ. ૮૫૦, પાંચ વર્ષ : રૂ. ૧,૪૦૦, દસ વર્ષ : રૂ. ૨,૮૦૦ ❑ વિદેશમાં એક વર્ષના : દરિયાઈ માર્ગે : રૂ. ૧,૫૦૦ હવાઈ માર્ગે : દરેક દેશમાં : રૂ. ૨,૬૦૦ ❑ ચેક/ડ્રાફ્ટ 'ભારતીય વિદ્યા ભવન'ના નામે મોકલવો.

ભા. વિ. ભ અમૃતમહોત્સવ

ક. મા. મુનશી ૧૨૫ વર્ષ



મુનશીવાણી

ભારતનું રાજ્યબંધારણ અને રાષ્ટ્રપતિ

મારા નવયુવાન મિત્ર,

રાષ્ટ્રપતિ વિશ્વાસપૂર્વક પોતાનાં કર્તવ્યો કરવાનાં અને બંધારણની રક્ષા-પ્રતિરક્ષા કરવાના સોગંદ લે છે. આથી કોઈ પણ પ્રકારના હુમલાઓ સામે રાષ્ટ્રપતિએ બંધારણને સાચવવું પડે છે. આટલું જ નહીં, ભારતનું કલ્યાણ કરવાના શપથ પણ તેમને લેવાના હોય છે. આમ દેશનાં અખંડિતતા અને ઐક્ય જાળવવાની જનતાની લાગણીનું આમાં પ્રતિબિંબ પડી જ રહે છે.

આમાંથી નીચે દર્શાવેલી રાષ્ટ્રપતિની સત્તાઓ અને જવાબદારી ફલિત થાય છે:

(1) જ્યારે યોગ્ય લાગે ત્યારે કટોકટીના કાળમાં (ભાગ 18) બંધારણને વિભાગીય ઢબે બિનઅમલી બનાવી દેવું. (2) કાયદો કે હકીકતના પણ જરૂરી લાગતા પ્રશ્ન પરત્વે સર્વોચ્ચ અદાલતનો અભિપ્રાય મેળવવો. (3) બંધારણીય બાબતો અંગે યોગ્ય સંયોગોમાં સ્વતંત્ર અભિપ્રાય મળે તે માટે (બંધારણની) કલમ 76 મુજબ એટર્ની જનરલની નિમણૂક કરવી અને પોતાની (રાષ્ટ્રપતિની) મરજી હોય ત્યાં લગી એ સેવાઓ મેળવવી.

આ જોગવાઈઓ રાષ્ટ્રપતિને, પ્રધાનમંડળથી સ્વતંત્ર રહીને, રાજકારણી દબાણો અથવા બંધારણીય અકસ્માતોથી દેશબંધારણને વણસતું અટકાવી દેવાની સગવડ આપી રહે છે.

આ સત્તાઓનું, બંધારણ નીચે જે સંકલન છે તેમાંથી એ ફલિત થાય છે કે એક સ્વતંત્ર કાયદાના સલાહકાર તરીકે એટર્ની જનરલ રાષ્ટ્રપતિને અથવા સરકારને મળી શકે છે અને તેમને દૂર કરવાનો હક્ક એકલા રાષ્ટ્રપતિને જ છે. આ બાબતમાં પ્રધાનમંડળની સંયુક્ત જવાબદારીની વાત જ નથી. જો એટર્ની જનરલ આમ સ્વતંત્ર ના હોય તો બંધારણને ભયમાં રાખી દેતી બાબતમાં રાષ્ટ્રપતિને સ્વતંત્ર સલાહ મળે જ નહીં અને તો પછી સર્વોચ્ચ અદાલત પાસે જવાનો રાષ્ટ્રપતિનો હક એ કેવળ ભ્રામક ખ્યાલ જ બની જશે.

[ક્રમશઃ]

બાબરી

❑ હેમન્ત દવે

કોરોનો વિષાણુના વાવરના કપરા દિવસોમાં મનને હળવું કરવા માટે અનેક પ્રકારોની રમૂજો ફરતી થઈ છે. એમાંનો એક વિનોદ એવો છે કે તાળાબંધીને કારણે વાળ કાપવાની દુકાનો પણ બંધ થઈ ગઈ હોવાથી આવનારા દિવસોમાં ઘરેઘરમાંથી વિશ્વામિત્ર, વશિષ્ઠ ને એવા ઋષિમુનિઓ નીકળશે! જૂના સમયમાં ઋષિઓ જટાધારી હોવાને કારણે આ ગમ્મત કોઈએ કાઢી છે એ તો દેખીતું છે. તાળાબંધી પૂરી થયે એથી મોટા ભાગના પુરુષોને બાબરી લેવડાવવી પડશે.

ગુજરાતીમાં 'બાબર-' સાથે સંલગ્ન શબ્દોમાં (સર. કે. કા. શાસ્ત્રીનો *બૃ. ગુ. કોશ,* પૃ. 1592) એનો અર્થ 'માથાના વાળ' થાય છે. જેમ કે, 'બાબરી લેવડાવવી, ઉતરાવવી' એટલે 'માથાના વાળ કઢાવવા'. કે. કા. શાસ્ત્રીના કોશમાં એ રીતે સમજૂતી આપી નથી પણ સામાન્ય રીતે બાળકના પહેલી વાર કઢાવાતા વાળ (ચૌલક્રિયા કે મુંડન સંસ્કાર) જો કોઈ દેવી-દેવતાની બાધા રાખી જે તે સ્થળે ઉતારવામાં આવે તો એ માટે આ શબ્દપ્રયોગ થાય છે. પણ પછી માથાના વધી ગયેલા વાળ માટે, ખાસ કરીને અસ્તવ્યસ્ત હોય ત્યારે એ માટે 'બાબરા' શબ્દ પ્રયોજાય છે. પંજાબી અને સિંધીમાં 'બાબરિયાં' એટલે 'ફકીરના લાંબા ગૂંચવાયેલા વાળ' (ટર્નર તુ. કોશ, 9158).


'બાબર-'ની વ્યુત્પત્તિ કે. કા. શાસ્ત્રી *બૃ. ગુ. કોશ*માં દેશ્ય અને પ્રાકૃત बब्बरिया એટલે કે 'કેશરચના' ઉપરથી બતાવે છે પણ આર. એલ. ટર્નરના તુલનાત્મક કોશને આધારે રચાયેલા એમના *ગુજરાતી વ્યુત્પત્તિકોશ*માં આ શબ્દને તેઓ સં. बर्बरक > પ્રા. बब्बर ઉપરથી બતાવે છે અને એનો અર્થ 'માથાના છૂટા મોવાળા' એમ આપે છે (પૃ. 137). *સાર્થ જોડણીકોશ* પણ એની વ્યુત્પત્તિ દેશ્ય बब्बरी ઉપરથી જ બતાવે છે. દેશીશબ્દસંગ્રહમાં દેશ્ય बब्बरी 'કેસરયના' (=કેશરચના)ના અર્થમાં નોંધાયો છે. (6.90).

*કાઠકસંહિતા*માં 'વર્વર' શબ્દ વાંકળિયા વાળ, ગૂંચવાયેલા વાળ માટે પ્રયોજાયો છે (25.7). એની ઉપરથી જ સંસ્કૃતમાં 'બર્બર' શબ્દ પણ આવ્યો છે (અસભ્ય, જંગલી કે તોતડું એવા અર્થના 'બર્બર' કરતાં આ 'બર્બર' શબ્દનું મૂળ જુદું છે) અને 'કેશરચના' એવા અર્થનો પ્રાકૃત बब्बरी પણ. સંસ્કૃત 'વર્વર' = 'બર્બર' વિશે માયર્હોફર એમના નવ્ય વ્યુત્પત્તિ કોશમાં લખે છે કે એનું મૂળ સ્પષ્ટ નથી અને એ કદાચ મુંડા હોય તો હોય (2.221).

ભલે સંસ્કૃત શબ્દ વર્વર/બર્બરનું મૂળ સ્પષ્ટ ન હોય, પણ ગુજરાતીમાં તો એ વૈદિક શબ્દાવલિમાંથી જ આવ્યો છે. ❑❑❑

પ્રમુખના પત્રો

સમયનો સદુપયોગ



આધુનિક જીવનની સૌથી મોટી કોઈ ફરિયાદ સાંભળવા મળતી હોય તો તે સમયના અભાવની છે. જો કે હાલ લોકડાઉનના સમયમાં સમયનું જુદું જ સ્વરૂપ આપણી સામે પ્રગટ થઈ રહ્યું છે. સામાન્ય સંજોગોમાં મોટાભાગના લોકો સમયની તાણ અનુભવતા હોય છે. ખાસ કરીને શહેરમાં વસતા લોકો. પણ સમયના અભાવની આ ફરિયાદને સૂક્ષ્મદર્શકયંત્ર નીચે મૂકીને જોઈએ તો આ ફરિયાદમાં કોઈ તથ્ય છે ખરું?

ના.

આપણે જો સમયને યોગ્ય ક્રમમાં અગ્રતા આપી સમયખંડ પ્રમાણે ગોઠવી શકીએ તો 24 કલાકના સમયગાળામાં આપણી જાગૃત અવસ્થા દરમિયાન ઘણું બધું કાર્ય સંપન્ન થઈ શકે. નિશ્ચિત સમયગાળામાં સંપન્ન કરવા ધારેલાં કાર્ય માટે આપણે વ્યવસ્થિત આયોજન કરવું પડે. કાર્ય સંપન્ન કરવા માટેનો દૃઢ નિશ્ચય અને એના માટે જરૂરી સંપૂર્ણ સમર્પણ. ક્યારેક એવુંય બને કે આપણે આપમેળે અમુક કાર્યો ન કરી શકીએ. આપણને અન્યોની સહાય જરૂરી બને. આવી સ્થિતિમાં આપણી પાસે કેટલાં માનવ સંસાધનો છે, કેટલાં જરૂરી છે, કઈ રીતે એમનું જૂથ બનાવવું, એમને આ કાર્યનો ઉદ્દેશ સમજાવવો અને જૂથની દરેક વ્યક્તિને એને સોંપેલું કાર્ય સમજાવવું જરૂરી

બને, જેથી શિસ્ત અને અસરકારક સહયોગ નિર્માણ થઈ શકે.

જૂથમાં દરેક સભ્યની ભૂમિકા અગત્યની અને આવશ્યક હોય છે. વ્યક્તિગત કૌશલ અને કાર્યદક્ષતા પણ એટલાં જ અગત્યનાં છે. આ બધાનું એકસૂત્રી સંયોજન કાર્યને સકારાત્મક પરિણામ તરફ દોરી જાય છે. આમાં વ્યક્તિ પોતાની ભૂમિકા કેટલી ક્ષમતાથી અદા કરી શકે છે, કેટલી દક્ષતાથી વ્યક્તિ પોતાની કાર્યક્ષમતા પુરવાર કરી શકે છે અને એમ કરતાં કેટલી ત્વરાથી પોતાની દક્ષતાને સંવર્ધિત કરી શકે છે એ એના કાર્ય સંપન્ન કરવાના દૃઢ નિશ્ચય ઉપર આધાર રાખે છે.

જેમનામાં શિસ્ત અને દૃઢ નિશ્ચિય હોય છે તેઓ જ જૂથના સંન્નિષ્ઠ હાર્દનો હિસ્સો બની શકે છે. નિષ્ફળતા સંનિષ્ઠ સભ્યને હતોત્સાહ નથી કરી શકતી. બલકે આખા જૂથ માટે એક દિશાદર્શક બની શકે છે. સફળતા અને નિષ્ફળતા બન્ને જૂથના સભ્યોમાં પરસ્પર વિશ્વાસ દૃઢ કરી આગળ વધવાની ક્ષમતા પૂરી પાડે છે. જૂથના દરેક સભ્યને એક જવાબદારી અદા કરવાની હોય છે. એમાં નવા વિચારો અને અભિપ્રાયો વ્યક્ત કરવાનો પણ સમાવેશ થાય છે. વ્યક્તિના સમર્થન અને વિરોધ બન્નેની અભિવ્યક્તિ માટેનાં અવકાશ અને મુક્તિ પ્રગતિ માટેના સમર્થ અંગભૂત ઘટકો બની રહે છે. દરેક સભ્યની જવાબદારી પોતાનું કાર્ય અસરકારક રીતે અને આર્થિક સંદર્ભને અનુકૂળ રીતે કરવાની છે. અહીં આર્થિક સંદર્ભ એટલે સમય અને કિંમત. જૂથના સભ્યો માટે આ પણ એક સંનિષ્ઠાનો ભાગ છે.

ચાલો આપણે આવા કપરા કાળમાં સાવચેતીપૂર્વક વરતીએ અને સલામતીપૂર્વક આપણા દરેક કાર્યમાં એક ગુણવત્તા ઊભી કરીએ.

સુરેન્દ્રલાલ ગિ. મહેતા

હાલ લોકડાઉનની સ્થિતિમાં ઘરેથી 'નવનીત સમર્પણ'નો મે 2020 ઈ-અંક વાચકો સુધી પહોંચાડવાનો આ પ્રથમ પ્રયાસ છે. ટાંચાં સાધનોથી શક્ય તેટલાં પાનાં મૂકવાનો પ્રયત્ન કર્યો છે. કેટલીક તૃટિઓ રહી ગઈ હોય તો દરગુજર કરશો. ઘરમાં રહી સુરક્ષિત રહેશો.

ભારતીય લેખનકલામાં પર્ણપત્ર

□ પૂર્વી મોદી મલકાણ

नाकरिष्यद्यदि ब्रह्मा लिखितं चक्षुरुत्तमम् ।
तत्रेयमस्य लोकस्य नाभविष्यच्छुभा गतिः ॥

नारदस्मृतिः ४-७०

અર્થ:- નારદ સ્મૃતિમાં કહ્યું છે કે, અગર બ્રહ્માજીએ લેખન લિપિને પ્રગટ ન કરી હોત તો આ લોકની શુભગતિ ક્યારેય થઈ ન હોત.

થોડા સમય પહેલાં ફિલાડેલ્ફિયાના આર્ટ મ્યુઝિયમમાં કયા દેશની લેખન શૈલી પ્રાચીન છે તે વિશે એક કોન્ફરન્સ થયેલી. આ કોન્ફરન્સમાં એક મત મેસોપોટેમિયા અને ઇજિપ્તની લેખનશૈલી તરફ, બીજો મત ચાઇનીઝ લખાણ તરફ અને ત્રીજો મત ભારતીય સંસ્કૃતિ તરફ ગયો. ત્યારે ત્યાં હાજર રહેલા ડો. જોહન વેન્ચુરીએ કહ્યું કે, ભારતનો ઇતિહાસ ૧૦,૦૦૦ વર્ષ જૂનો છે, પરંતુ ડો. જોહનની વાતને માનવામાં ન આવી તેનું કારણ એ કે તેમને ભારતની આટલી પ્રાચીન સભ્યતાનું કોઈ લેખિત પ્રમાણ મળેલું નથી. આથી ફાઇનલ નિષ્કર્ષ તરીકે ડેન્યુબે વેલીના (Danube Valley) લખાણને સૌથી પ્રાચીન માનવામાં આવ્યું, જે પથ્થરો પર અંકિત કરાયેલું છે. ડેન્યુબે વેલી બાદ બીજા નંબરે મેસોપોટેમિયા અને ઇજિપ્તનો આવ્યો ત્યારબાદ ત્રીજા નંબરે ભારતની પ્રાચીન લેખન શૈલી રહી. ઇજિપ્ત અને ભારત બંનેની સંસ્કૃતિ અતિ પ્રાચીન હોવા છતાં પશ્ચિમી જગતે કેવળ ઇજિપ્તને જ કેમ પ્રાચીન માન્યું છે તેમ પ્રશ્ન કરવામાં આવ્યો ત્યારે કહેવામાં આવ્યું કે, ઇજિપ્તનો લિખિત ઇતિહાસ ૮૦૦૦ વર્ષ જૂનો છે જ્યારે ભારતનો લિખિત ઇતિહાસ કેવળ ૫૦૦૦ વર્ષ જૂનો છે. જો ભારતની લેખન શૈલી કેવળ પાંચ હજાર વર્ષ જૂની હોય તો તે સમય ભગવાન કૃષ્ણના સમયનો હતો પરંતુ કૃષ્ણનો સમય આવ્યો તે પહેલાં ઉપનિષદો, સંહિતાઓ અને વેદોનું નિર્માણ થઈ ગયું હતું તો આ ગ્રંથોનો ઉલ્લેખ કેમ ન કરાયો તે એક સવાલ બની રહે. આ કોન્ફરન્સમાં રહેલા પ્રો. ડો. એરિક ફોનેરનું માનવું હતું કે વેદોનું નિર્માણ એ આર્યો દ્વારા થયેલું હતું અને ઉપનિષદો, સંહિતા વગેરે રચાયાં હતાં કે નહીં તેનું કોઈ લેખિત પ્રૂફ ભારતીયો પાસે નથી. પશ્ચિમી જગતની માન્યતા ભલે ખોટી હોય પણ તેમના હાથમાં જે કાંઈ સંશોધન આવ્યું તેનું આ પરિણામ હતું અને જો પ્રો. એરિકની વાત માનીએ તો

ઋષિમુનિઓ દ્વારા લખાયેલા આપણાં પ્રાચીન ગ્રંથો ક્યાં ગયા? ચાલો આજે ઇતિહાસનાં એ પાનાંની સફર કરીને શોધીએ કે આપણી પૂર્વ સંસ્કૃતિનો ઇતિહાસ ક્યાં ગયો.

આપણી પ્રાચીન સંસ્કૃતિનાં પાનાં એ પર્ણો અને વૃક્ષની છાલ પર ઉદ્ભવેલી હતી, જેમાં પ્રથમ આવે છે તાડનું વૃક્ષ.

તાડપત્રો:- તાડ એ નાળિયેરી, ખજૂરી ને સોપારીની જાતનું વૃક્ષ છે જેનું થડ ઊંચું હોય છે અને ઉપરની તરફ પાંદડાં હોય છે. આ વૃક્ષનાં ફળ દેખાવમાં નાળિયેર જેવાં હોય છે પણ અંદરથી પાણીને બદલે પાણીરૂપી રસ ધરાવતાં ૩ થી ૪ ફળ નીકળે છે જેને આપણે તાડગોળા તરીકે ઓળખીએ છીએ. પ્રાચીન કાળમાં આ તાડપત્રોનો મુખ્ય લેખન સામગ્રીમાં ઉપયોગ થતો હતો. તેનું કારણ એ હતું કે તાડપત્રોને સરળતાથી ઊધઈ લાગતી નથી આથી એમ કહી શકાય કે, બધાં જ પ્રકારનાં પત્રોમાંથી કેવળ તાડપત્રો



તાડપત્ર




તાડપત્ર

જ છે જેનું ધ્યાન રાખવામાં આવે તો તે લાંબો સમય ટકી શકે છે. છઠ્ઠી શતાબ્દીમાં લખાયેલ "કુરુદ ફલક"માં સ્પષ્ટ રીતે કહેલ છે કે તાડપત્રોનો ઉપયોગ વિશેષતઃ રાજદ્વારી કાર્ય હેતુસર થતો હતો. ચાઇનીઝ યાત્રી હ્યુ એન સાંગે પણ પોતાની યાત્રાના સંસ્મરણમાં કહ્યું છે કે ભારતમાં ગ્રંથો લખવા માટે તાડપત્રોનો મોટા પ્રમાણમાં ઉપયોગ થાય છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે આ તાડપત્રો ઉપર કોલસાને ઘસવામાં આવે છે ત્યારબાદ તેને પ્રથમ સુકવવામાં આવે છે ત્યારબાદ તેના ઉપર લખવામાં આવે છે. ત્યારબાદ તેના બંને છેડાના ભાગમાં બે-બે કાણાં પાડી, એમાં દોરી પરોવવામાં આવે છે અને ઉપરથી ગાંઠ બાંધવામાં આવે છે, જેથી પાનાં છૂટાં ન થઈ જાય. આ લખીને બંધાયેલ તાડપત્રોને "પોથીકા" ને નામે ઓળખવામાં આવે છે. નેપાળમાંથી આ પ્રકારની સ્કંદ પુરાણ, પરમેશ્વર તંત્ર, લંકાવતાર વગેરેની પોથીકાઓ મળી આવી

છે જ્યારે બંગાળ, રાજસ્થાન અને ગુજરાતમાંથી પણ નવમી સદીની અને ત્યારપછીની સદીઓમાં બનેલી આ પ્રકારની પોથીકાઓ મળેલી છે.

ભૂર્જપત્રો:- ભૂર્જપત્રોને સામાન્ય રીતે આપણે ભોજપત્ર તરીકે ઓળખીએ છીએ. એક અનુમાન લગાવવામાં આવે છે કે ભૂર્જપત્રોનો પ્રયોગ ઉત્તર પશ્ચિમ ભારતમાંથી શરૂ થયેલો હતો. ભૂર્જપત્ર એ ભૂર્ગ (બર્ચ) નામના વૃક્ષની અંદરની તરફની છાલ છે. આ ભૂર્ગ વૃક્ષો મોટેભાગે ઉત્તર ભારતમાં અને હિમાલયની પર્વતમાળામાં જોવામાં આવે છે. એલેક્ઝાન્ડરના સૈન્યમાં રહેલા કર્ટિયસે પોતાના પુસ્તકમાં આ વાતનો ઉલ્લેખ





બર્ચ ટ્રી - ભૂર્જ પત્રની છાલ

કરતાં કહ્યું છે કે વ્યાસ નદીની આ તરફ રહેલા લોકો અને પેલી તરફ રહેલા લોકો લેખન સામગ્રીના રૂપમાં આ વૃક્ષનો પ્રયોગ કરતા હતા. કવિ કાલિદાસના કુમારસંભવમાં પણ લેખન સામગ્રીના રૂપમાં ભૂર્જપત્રોનો ઉલ્લેખ કરાયો છે. તાડપત્રોની જેમ ભૂર્જપત્રોને પણ બાંધીને તેની પોથીકા બનાવવામાં આવતી. મુગલકાળમાં બનેલ ભૂર્જપત્ર ઉપર અરબી અને ફારસી લિપિમાં લખવામાં આવતું હતું. આ સમયે ભૂર્જપત્રની પોથીકાની ઉપરના પત્ર ખરાબ ન થાય તે હેતુથી તેના પર ચામડાનું કવર ચડાવવામાં આવતું હતું. આ ભૂર્જપત્ર (પોથીકા) ઉપરની મોટાભાગની કોપીઓ ઈ. સ. ૧૫મી સદી પૂર્વેની મળેલ છે. પેરિસના લૂવ્ર મ્યુઝિયમમાં આસામી, મૈથિલી અને બંગાળી ભાષામાં લખાયેલ રામાયણના સુંદરકાંડની ભૂર્જપત્રની પોથીકા રહેલી છે.

કમલપત્રો:- એક સમયે ભૂર્જપત્ર અને તાડપત્રોની માફક લેખન સામગ્રીમાં કમલપત્રનો પણ ઉપયોગ થતો હતો, પરંતુ ફર્ક માત્ર એટલો હતો કે કમલપત્રોની કોઈ પોથીકાઓ બનતી ન હતી. આ કમલપત્રો દ્વારા છૂટાછવાયા સંદેશાઓ મોકલાતા હતા. વ્રજ સાહિત્યમાં જણાવેલ છે કે ભગવાન કૃષ્ણ પણ રાધાજીને પોતાનો સંદેશો પહોંચાડવા માટે કમલપત્રોનો ઉપયોગ કરતા હતા. તેજ રીતે જ્યારે મધ્યયુગમાં ગણિકાઓ આ




કમળ પત્ર

પત્રોનો ઉપયોગ ધનિકો સુધી સંદેશ પહોચાડવા માટે કરતી હતી.

તાંબુલપત્રો:- લેખન સામગ્રીમાં તાંબુલપત્રોનો ઉપયોગ રાજા વિક્રમાદિત્યના સમયથી શરૂ થયેલો હતો તેવી એક માન્યતા છે. આ સમયે તાંબુલપત્રમાં ગુપ્ત સંદેશો મોકલાતો હતો તેમ વૈતાળ પચીસીમાં જણાવાયું છે. મુગલકાળમાં તાંબુલપત્રોનો જે ગુપ્ત સંદેશો હતો તેવો જ બીજો પ્રેમનો સંદેશ લખીને બાદશાહ સુધી પહોંચાડાતો હતો. પુષ્ટિ સાહિત્યમાં એક પ્રસંગ છે કે આચાર્યચરણ શ્રી વિઠ્ઠલનાથજી પોતે ખાધેલા પાનની પિક વડે તાંબુલપત્રમાં વિરહનો સંદેશો લખીને શ્રીનાથજી બાવા સુધી પહોચાડતા હતા.

અશ્વત્થ પત્ર:- અશ્વત્થ વૃક્ષ કે પિપ્પલ વૃક્ષ તરીકે ઓળખાતાં આ વૃક્ષનાં પાંદડામાં લખાણની શરૂઆત મહર્ષિ વશિષ્ઠે કરેલી. પરંતુ મહર્ષિ વશિષ્ઠ બાદ ઋષિપરંપરામાં આ પત્રોનો ખાસ ઉલ્લેખ ન થયો. યુગો બાદ ભગવાન બુદ્ધના બોધિ વૃક્ષ તરીકે આ વૃક્ષને માન મળ્યું ત્યારથી વિશ્વભરના બૌદ્ધો માટે આ વૃક્ષનું મહત્ત્વ વધી ગયું છે. ભગવાન બુદ્ધ બાદ સીધો ચાલુક્યવંશના ઇતિહાસમાં આ પત્રનો ઉલ્લેખ કરતાં કહ્યું છે કે, દક્ષિણસાગરને કિનારે વસેલા દ્રવિડો દ્વારા અશ્વત્થ પત્રો પર લખાણની શરૂઆત થયેલી. જ્યારે ભારતીય લેખનસાહિત્ય તરફ જોઈએ તો આ પત્રમાં લેખન ઓછું ને ચિત્રકારી કે સંજ્ઞા ચિત્રણ અંગેનો વધુ ઉલ્લેખ જોવા મળે છે. બીજી વાત એ કે, જેના પર ચિત્રકારી કરવામાં આવી છે તેને માટે આ પત્રને સૂકવીને જાળીવાળા કરાય છે ત્યાર પછી જ તેની ઉપર રંગોને રમતા મૂકવામાં આવે છે કે ગ્રામ્ય સંસ્કૃતિને ઉભારવામાં આવે છે, પણ આધુનિક યુગમાં પિપ્પલ પત્રનો ઉપયોગ શુભ પ્રસંગોના આમંત્રણ પત્ર તરીકે કરી જાણે



પિપ્પલ પત્ર



પિપળ પર્ણ

અજાણે એક વિસરાઈ રહેલી પ્રથાને જીવંત સ્વરૂપ આપવામાં આવે છે.

પલાશ પત્ર:- સંસ્કૃતમાં પલાશ અને કિશુંક, ગુજરાતીમાં ખાખરો કે કેસૂડો, પંજાબીમાં ટેશુઆ અને અંગ્રેજીમાં Butea Frondosa or Butea Monosperma તરીકે ઓળખાતા આ વૃક્ષનો ઉપયોગ આપણે ત્યાં આયુર્વેદમાં થાય છે, પણ મધ્ય અમેરિકાના દ્વીપોમાં આ મુખ્ય વૃક્ષ હોવાથી ત્યાંના લોકોમાં રિવાજ છે કે, વિવાહ કરવા ઇચ્છતા યુગલો પલાશપર્ણમાં પોતાની પરસ્પરની સંમતિ લખીને આપે પછી જ વડીલો તેમના વિવાહ કરાવે. આ ટાપુઓની મુલાકાત દરમ્યાન મેં જોયેલું કે ત્યાંની "કાકાટૌયા" નામની આદિવાસી પ્રજા ૫૦૦ વર્ષથી પોતાના કબીલાનો જન્મથી લઈ મરણ સુધીની વાતો આ પાંદડાંઓ પર સંજ્ઞાના રૂપમાં ચિત્રિત કરી એક ખાસ ગુફામાં મૂકી આવે છે; જે આવનારી પ્રજા માટે ઇતિહાસ બને છે. (આ ગુફાની પણ મુલાકાત લેવાનું થયું ત્યારે આ અસંખ્ય પાંદડાઓ ગુફાની દીવાલ પર ચોંટાડેલાં હતાં. તે જોઈને પૂછપરછ કરતાં આ ઇતિહાસ જાણવા મળેલો.) આનો અર્થ પણ એ થયો કે સેન્ટ્રલ અમેરિકાની આ પર્ણ સંસ્કૃતિ કરતાં ભારતીયો કરતાં નવી છે.

વિવિધા:- આપણા ભારતીય ઇતિહાસને જે રીતે પર્ણો પર આલેખિત કરાયો છે તેમ વિવિધ દેશોની સંસ્કૃતિ પણ તેમને ત્યાં થતાં વૃક્ષોનાં પર્ણો પર જોવા મળે છે. દા.ત. કેનેડામાં મેપલનાં ઘણાં વૃક્ષો થાય છે તેથી કેનેડિયન સંસ્કૃતિની એક ઝલક જોવા મળે છે. ખાસ કરીને પ્રેમી યુગલો માટે આ પર્ણ આર્શિવાદરૂપ છે તો સિંગાપોર, મલેશિયા વગેરે દેશોમાં ફણસનાં પિતરાઇ



મેપલ લિફ



દુરિયન ટ્રી લીફ આર્ટ

જેવા દુરિયન વૃક્ષનાં પાંદડાઓનો ઉપયોગ થાય છે.

પર્ણપત્રોની પૂર્તિ:- આ વિવિધ પત્રોના ઇતિહાસને જાણતા એવું જણાય છે કે પ્રાચીન લેખન પરંપરામાં કેવળ એક ભારતીયો જ હતા જેઓ વિવિધ લેખનશૈલી માટે પાંદડાંઓનો ઉપયોગ વિશેષ કરતા હતા અને આ જ પાંદડાઓ પર આપણી સંસ્કૃતિનો એક ભવ્ય વારસો લખતા હતા. ભારત અને મધ્ય અમેરિકાના ટાપુઓને બાદ કરતાં અન્ય કોઈ દેશોમાં પત્રો પર લખાયેલ સંસ્કૃતિ મળી આવેલ નથી. આપણે ત્યાં રહેલ આ પત્રોની સંસ્કૃતિ આજે જોવા નથી મળતી તેના અમુક કારણો છે. પહેલું એ કે આ પત્રો અત્યંત નાજુક હોય છે અને તેમાંયે સુકાઈ ગયા બાદ તો આ પત્રો વધુ નાજુક થઈ જાય છે તેથી તેની જાળવણી ખૂબ ધ્યાનપૂર્વક કરવી પડે છે. બીજું મુખ્ય કારણ એ પણ માની શકાય છે કે પાશ્ચાત્ય જગતની જેમ પ્રત્યેક ઐતિહાસિક વસ્તુઓનું કોઈ મૂલ્ય આપણે ભારતીયો જોઈએ એટલું સમજી શક્યા નથી તેથી આ ઐતિહાસિક વસ્તુઓનું મૂલ્ય પણ આપણે શી રીતે આંકવાના?

એલચી:- લેખનકલાને પ્રગટ કરવા માટે માતા સરસ્વતીએ બ્રહ્માજીને પ્રોત્સાહન આપ્યું અને આપને એક વાંસની લેખણી અને કમલ પત્ર આપ્યું જેનાં પર બ્રહ્માજીએ અભિલેખ રચવાની શરૂઆત કરી. ❑❑❑

શ્રી ધનજીભાઈ શાહ : એક શ્રદ્ધાંજલિ



શ્રી ધનજીભાઈએ માત્ર પુસ્તકો વેચ્યાં નથી પણ જીવન અને વ્યવહારનું ઊંડું જ્ઞાન પણ સંચિત કર્યું હતું. એમનો ઉલ્લાસ એમના હસમુખા ચહેરા ઉપર ઝળકી ઊઠતો. એમણે પૂ. મકરંદભાઈ અને એમના જેવા સાધકોનાં પુસ્તકો પ્રગટ કરીને માત્ર ગુજરાતી સાહિત્યની નહિ બલકે ભારતીય અધ્યાત્મવિદ્યાની જ્યોત જલતી રાખી છે.

એમનાં સુકર્મો એમના આત્માને ઉચ્ચ અવસ્થામાં લઈ જાય એવી પ્રભુને પ્રાર્થના અને સૌ કુટુંબીજનોને આ વિરહ સહેવાની સમતા આપે એવી અભ્યર્થના.

ગઝલ

☐ શોભિત દેસાઈ

એષણા સૂરની જગાડે એ અને એ મૌન છે
ને પછી ગીતો સુઝાડે એ અને એ મૌન છે

હો અનિચ્છા એની તો થોભી જવું બહેતર રહ્યું
'ના' કહીને 'હા' જ પાડે એ અને એ મૌન છે

માની મમતા, મૂક સંકેતો કે કિલકારી બની
સૌ ઉદાસીઓ ભગાડે એ અને એ મૌન છે

લાંબા ગાળે ફાયદાકારક બધાં આયોજનો
સૌપ્રથમ થોડાં બગાડે એ અને એ મૌન છે

કૂક કોયલને, ચીં ચીં ચકલીને, ટહુકા મોરને
સૌને ગાતાં શિખવાડે એ અને એ મૌન છે

થાય ના ધાર્યું તો છંછેડાય તું કેવો તરત?!
કેટલાં માઠાં લગાડે એ અને એ મૌન છે

દંભની તસવીર દેખું રોટલીઓ વહેંચતી
આખી દુનિયાને જમાડે એ અને એ મૌન છે.

લેટ અસ મીટ ડીફરન્ટલી...!

☐ ભાગ્યેશ જહા

ચિત્રવત્ ઉભેલી મારી શેરીમાં
વહેલી સવારથી એક કોયલ
ક્યારનીયે રંગ પૂર્યા કરે છે,
એક ચકલીએ એની
ઉડાણરેખાથી હાલ જ એક લસરકો માર્યો...

કોઈ બહાર નથી એટલે કોઈ જ નથી,
એમ માની બે વાંદરાઓ લીમડાને બદલે
લાઈટના થાંભલાને વળગેલા
અજવાળામાં ધુબાકા મારે છે...

રવિવારની આવૃત્તિ જેવી લીમડાની
છાયામાં પડેલા બાંકડા
વર્ષોથી આમ જ પડ્યા હોય એવું લાગે છે,
જાણે કોઈ અવાવરું બગાસું...

સૂર્ય માસ્ક પહેરીને નીકળે છે,
તડકાની ભૂખથી ઊંચું મોં કરી આકાશ
તરફ જોતા હીંચકાઓ,
કવિ વગરના ધોળાવાળવાળા શબ્દોને
સૂંઘવા આવેલો તડકો,
વીસ સેકન્ડ સુધી ધોયેલા સાબુના
ફીણવાળા હાથ બતાવતો દરિયો,
આયસોલેટેડ થઈ ગયેલી માછલીઓનો
કિનારે નહીં આવવાનો સંકલ્પ,
એક સન્નાટો પહેરીને ઊભી છે પૃથ્વી...

આવતીકાલે કદાચ ચકલી મને
સોળ સોમવારની વાર્તા કહેવા આવે
ત્યારે જે પહેલા પાને છપાયેલા ફોટામાંથી
કોઈ ગ્લોવ્ઝ પહેરેલો હાથ
બહાર આવી એક પુસ્તક આપી જાય,
એનું શીર્ષક હોય,
''લેટ અસ મીટ, ડીફરન્ટલી...!!!''

નવ ગઝલો

□ લલિત ત્રિવેદી

કહે છે રાજા

કહે છે રાજા, હે રાણીવાસા,
કે અબ તો નિજમાં હી નિતપ્રવાસા!

કહાં કહાં નહીં તુઝે તલાશા
યે કચ્ચે ધાગેમેં ભી તારાસા!

જે ડાળ તારી સમીપે ઝૂલે
ત્યાં એક ચરણે કરું નિવાસા!

આ છાશનું છાલિયું ને દોણું
ન કુછ રહા હૈ ન કુછ ખલાસા!

તરસ વટીને પરબ થયો છું
કે તું જ અંતિમ એક પિપાસા!

શું દેખું, સાહિબ, મીરાં? કનૈયા?
શું પામું, રામા કે તુલસીદાસા?

એ દશે લઈ જા

સબૂર, બસ કે થા તૈયાર, એ દશે લઈ જા
સુણાતો હોય જ્યાં રણુંકાર, એ દશે લઈ જા!

ખુટાડ, સાંઢણી, અવતાર, એ દશે લઈ જા!
ખુટાડ નકશા ને વણજાર, એ દશે લઈ જા!

લલિત, વેલડું હંકાર, એ દશે લઈ જા
ન હોય વાટ કે ઘરબાર, એ દશે લઈ જા

સુંવાળી સેજથી ઉતાર, ઉતાર ભોંયેથી
ભમરિયા ભોંયરે ઉતાર, એ દશે લઈ જા!

ધખી ધખીને કરી કાય ઊજળી ભસ્માળી
બતાડી દે એ સત આધાર, એ દશે લઈ જા!

કે જેણે ક્ષીર રે ઉજાળી પીર પ્રગટાવી
પુગાડ એને રે દરબાર, એ દશે લઈ જા!

ગયા તો એવા ગયા કે ન ત્યાંથી આવ્યા પરત
જગા એ જોવી છે પળવાર, એ દશે લઈ જા!

ઉઘાડ વણદીઠો ઈ દેશ, દેખ આદિની
ગઢેચી! ખોલ ગુપત બાર, એ દશે લઈ જા!

મારી રાતોમાં

કરે છે કોણ રાતવાસો મારી રાતોમાં
આ કોની ચટકે છે ચાખડીઓ મારી રાતોમાં!

અઠંગ કોણ આ ભસ્મીલો મારી રાતોમાં
કે જાગરાતનો ઉકલેલો મારી રાતોમાં?

ખબર મળી છે અસલની કે છે સમાધિમાં?
ઊભો છે એક પગે ટેકીલો મારી રાતોમાં!

ન વાટ ચીંધેલી ન ભેરુ ભોમિયો કોઈ
ન કોઈ ગેબનો સળાવો મારી રાતોમાં!

હશે શું ગાલિબાના નૂર કોઈ રૂહ હશે?
આ શમ્મા કોની આ ઝુમ્બિશો મારી રાતોમાં!

નહીં તો હું તો પહેલેથી જ તરસ્યો રસબસિયો
તો કોના તુમ્બડાનો છાંટો મારી રાતોમાં!

તને મે જોયો છે એક વાર તન્ને જોયો છે
તને ધરાઈ એવો જોવો મારી રાતોમાં!

થાપો પડી ગયો

સોંસરવો ધીંગા પંજાનો છાપો પડી ગયો
બાબા કમાલદાસનો થાપો પડી ગયો!

મારા ખમીસથી તો બહુ મોટો પડી ગયો
વણકરની શાળ પરથી એક ધાગો પડી ગયો!

અમથો સવાદ ગળથૂથીનો ઊતરે નહીં
કોના પિયાલામાંથી એક છાંટો પડી ગયો!

એ જગ્યામાં સરાઈ તો તવાઈ છે તવાઈ
તું જો પથારીમાં ય એક તણખો પડી ગયો!

નહીંતર તો તારો રામ ક્યાંથી પાસરો ય થાય
કહી દે કે એના ચીપ્યાનો ચાંભો પડી ગયો!

ગરવાની કોઈ ટૂકે જો રૂખડ મળે તો પૂછ
કોની અધૂરી રાતનો છાકો પડી ગયો!

તું મોર્ય થા, લલિત રૂડી મેલ્ય આરતું
ભાળી લે ખોળિયામાં કે ભડકો પડી ગયો!

સબ કરું ચૂકતે

તવાઈ છે, કરી સવ્વાઈ, સબ કરું ચૂકતે
લલિત તુને જો લગ્ગાઈ, સબ કરું ચૂકતે !

તને ન મળ્યાની અધુરાઈ સબ કરું ચૂકતે
પગથિયે બેઠી છે સબુરાઈ સબ કરું ચૂકતે!

ખુદા! તો તારી પણ ખુદાઈ, સબ કરું ચૂકતે
રણકતી ખૂલે જો લિખાઈ, સબ કરું ચૂકતે!

સળી ઝગાવી શકું એટલી જો મહોલત હો
દીવેથી ધોઈ પાઈ પાઈ, સબ કરું ચૂકતે!

કરું રૂપૈયામાં દીવો, ને ફીટાવું દળદર
શરીર, તારી રાઈ રાઈ સબ કરું ચૂકતે!

મહર્ષિ! પેન ઝબોળી છે આપના ખડિયે
કઈ ગઝલ લખું ને શાઈ, સબ કરું ચૂકતે

હે તણખા! તારામાં રોકાણ જો બને આતિશ
લલિત સંગે અબ સગ્ગાઈ સબ કરું ચૂકતે!

ઝીલી શક્યું ન જેનું આપ કાઠ કાવડનું,
કહે છે એ લલિત, હે માઈ! સબ કરું ચૂકતે!

જગા છે આ

કવિ કલમ જ્યાં મૂકી દે છે એ જગા છે આ
તૃષાઓ-ભાષાઓ છૂટે છે એ જગા છે આ!

સફર સબર થઈ તાગે છે એ જગા છે આ!
દુવાર ગુપ્તનું ખૂલે છે એ જગા છે આ!

હો વાન-શાન જો ભસ્મીલા એને ક્યાં છે તમા?
અષાઢ કાય ઝબોળે છે એ જગા છે આ!

રૂખડ તો કેસૂડાની ડાળે સ્થિર બેઠા છે
સૂડાઓ ઢીંઢોરા પીટે છે એ જગા છે આ!

કદાચ એ જ હશે દામાકુંડનો મારગ
કલમમાં કેદારો રણકે છે એ જગા છે આ!

નહીં તો બે'ક ટીપાં છાશ છે કમંડળમાં
ધરવ જ્યાં નેણલાં ઠારે છે એ જગા છે આ!

શરીર! તારો હું ઉદ્ધાર થૈને આવ્યો છું
લલિત લૂણ ઉતારે છે એ જગા છે આ!

અવળી ગંગા તરી જવી છે

ઝળઝળિયાંનાં ટીપાં જોડી, અવળી ગંગા તરી જવી છે
નદિયુંને હેમાળે લાવી, અવળી ગંગા તરી જવી છે!

પાણિયારું આષાઢે લાવી, અવળી ગંગા તરી જવી છે
મેઘદૂતમાં તરસ ઝબોળી, અવળી ગંગા તરી જવી છે!

તળ છે એમાં જળાધારનું, જળ છે એમાં જટાધારનું
ચરણામૃતનું ટીપું ઝીલી, અવળી ગંગા તરી જવી છે!

ખમીસમાંથી રૂ કરવું છે, રૂમાંથી દીવો વણવો છે
દીવામાં દેરી પ્રગટાવી, અવળી ગંગા તરી જવી છે!

રામગરીની જ્યોત કે એમાં પ્રભાતિયાની ઝાંય હશે?
ઝાકળજળનું પોત ઉઘાડી, અવળી ગંગા તરી જવી છે!

ખાબોચિયાના કાંઠે કાંઠે... ડામરિયાની ધારે ધારે
તમસા! તારાં અમરત ગોતી, અવળી ગંગા તરી જવી છે!

પતંગિયાની પાછળ પાછળ... લલિતિયાની પાછળ પાછળ
અચરજની રજમાં આળોટી, અવળી ગંગા તરી જવી છે!

ઝળઝળિયાં

એને મન શું ગંગાજળિયાં
પીધાં રે જેણે ઝળઝળિયાં!

બુને રોટી કે બુને ચદરિયા
સાળ અને સગડી સમસુખિયા!

ખેલ ખરાખરના મંડાયા
ઘર કોરી કંડારી કુટિયા!

જાય નહીં કાયાથી આગળ
મેલી દે એવા દરપણિયા!

ઝાકળનું ટીપું ઝીલ્યું તો
રંગ રંગ ખૂલ્યાં આભલિયા!

મેઘદૂતના છાંટા ઊડ્યા
અષાઢથી છલક્યાં કાગળિયાં!

કિસ બિધ છોડું મમત, રમૈયા
પાંચ ઇન્દ્રિકા મેં બંધવઇયા!

ફળી ગયાં એઠાં બોરાં
શબરી! ફળી ગયાં ફળિયાં!

ડખ્ખો

રાવણહથ્થો થાવા નીકળ્યો કક્કો રે!
એમ કે જાણે જડ્યો સબદનો પત્તો રે!

ખૂલી ગયો છે અખ્ખાજીનો ગલ્લો રે
વર્ણવિહોણા સુવર્ણનો એ દલ્લો રે!


જેવો આપમાં રણકે છે કેદારો રે
કાશ! હો એવો નાઈટલેમ્પમાં પલ્લો રે!

ખમીસ જોગવી ઝિની ચદરિયા બુને રે
કોઈ જનમના વણકરજીનો સગ્ગો રે!

તો એણે વહેતો મૂક્યો છે ટહુકો રે
સોનીડે પૂછ્યું - તું કેટલાં વલ્લો રે!

જેમ કળીઓ લખે સુગંધો ઉપવનમાં
એમ લખી શકે જો શકે ગઝલ આ કિત્તો રે!

લખ્યું લલાટે ધૂપસળીથી ધોવા બેઠા
લલિતજીએ કરી મૂક્યો છે ડખ્ખો રે!



ખરેડી

□ પારુલ ખખ્ખર

પહેલા હેન્ડબેગ મૂકી પછી ત્રણ પગથિયાં સ્ફૂર્તિથી ચડીને ઠેકડો મારીને સીટ પર બેસી ગઈ. 'હાશ... સીટ તો સારી છે.' વિચારીને નિરાંતનો શ્વાસ લીધો. હેન્ડબેગમાંથી પાતળો ઓછાડ કાઢી સીટ પર પાથરીને આરામથી પગ લાંબા કરીને બેઠી. બારી પરથી પડદો ખસેડ્યો. સાંજ પડવામાં જ

હતી. સુરજદાદા ચોપાટ પર છેલ્લા પાસા ફેંકી રહ્યા હતા. બધી કૂકરીઓને ફટાફટ ઘર ભેગી કરવાની નેમ હોય એમ ઝડપથી ચાલી રહ્યા હતા. પરંતુ કૂકરીઓને કોઈ જ ઉતાવળ ન હોય તેમ તે અહીંથી ત્યાં ટહેલતી હતી. કોઈ વાદળી બનીને, કોઈ પક્ષી બનીને, કોઈ અજવાસ બનીને, કોઈ મનુષ્ય બનીને તો કોઈ આ બસ બનીને પોતાની ગતિમાં મગ્ન હતી. હું ય નિરાંતે આ ખેલ જોતી હતી. કોણ જાણે કેટલા વખતે પ્રકૃતિને આ રીતે જોવાનો યોગ થયો હતો! બાકી તો રોજ એની એ દસથી છની નોકરી, એજ ટ્રાફિક, એ જ ઘરકામ. જો કે ઉમંગ ઘણી વખત કહેતો 'ચાલ ને... રવિવાર છે તો ક્યાંક નીકળી જઈએ.' પણ મારે તો રવિવારને કચકચાવીને અન્ય કામકાજમાં વાપરી લેવો હોય એટલે કશું શક્ય ન બનતું.

આ તો પ્રજ્ઞાભાભીનો ફોન આવ્યો એટલે શનિવારની રજા મૂકીને નીકળી પડી છું. ફોનમાં ભલે મોઘમ રાખ્યું પણ નક્કી કશું અગત્યનું કામ હશે બાકી આમ તાબડતોબ મને એકલીને શું કામ બોલાવે! ઉમંગે પણ વધુ પૂછપરછ કરવાને બદલે ભાભીને સીધી હા જ પાડી દીધી. કદાચ દિયર-ભોજાઈ વચ્ચે અગાઉથી જ કંઈક સંતલસ થઈ હોવી જોઈએ. રામ જાણે! જે હશે તે વાજતું ગાજતું માંડવે આવશે એમ વિચારી સુંદર સાંજને આંખોમાં અને મોબાઈલમાં સંઘરી લીધી.

ધીમે ધીમે અંધારું થવા લાગ્યું. આકાશનું બધું જ સૌંદર્ય ચોરીને પોતાના ખજાનામાં મૂકીને રાતના રાજાએ ધાક બેસાડી દીધી. ચાંદો હવે આખી રાત ચોકીદારી કરીને એ ખજાનાનું રક્ષણ કરશે. બારીમાં જોઈને હવે કંટાળો આવવા લાગ્યો. મોબાઈલ તરફ જોઈ વિચાર્યું 'ચાલ... મમ્મી સાથે વાત કરું. અમસ્તા તો સમય નથી મળતો. આજે નિરાંત છે તો સમયનો સદ્‌ઉપયોગ કરી લઉં.'

'હેલ્લો મમ્મી, જયશ્રી કૃષ્ણ'

'જયશ્રી કૃષ્ણ બેટા, કેમ છે? આજે તો અત્યારે નવરી થઈ ગઈ?'

'હા મમ્મી, પૂના જાઉં છું. બસમાં સાવ ફ્રી હતી તો થયું ચાલ માવડી સાથે થોડી રાઈજાઈ કરી લઉં.'

'લે, કેમ અચાનક પૂના? સાસુજીની તબિયત તો સારી છે ને?'

'હા તબિયત તો સારી છે પણ મારા જેઠાણીનો ફોન આવ્યો કે બે દિવસ આવી જા કામ છે.'

'એવું તે કેવું કામ કે રૂબરૂ જ જવું પડે!'

'વળી મને એકલીને જ બોલાવી છે.'

'હશે, ચિંતા ન કરજે. જે હશે તે ખબર પડશે.'

'હાસ્તો. તમે કેમ છો? તબિયત સારી ને?'

'હા. તબિયતને વળી શું પાણા

પડવાના! અને પડે તો ય...' બોલીને એ અટકી ગયાં.

'ઉંમર છે એટલે કંઈ કહેવાય નહીં.'

'હમ્મ.'

'જોકે તમારે આમ તો એકેય રોગ નથી એટલે સારુ છે. મારા સાસુને તો બી.પી. ને ડાયબિટિસ વર્ષોથી વળગ્યાં છે.'

'પણ બેટા, રોગ કંઈ માત્ર શરીરના જ થોડા હોય!' એ દબાતા સાદે બોલ્યાં.

'લે... તો એ સિવાય શું હોય વળી?' હું બેફિકરાઈથી બોલ્યે જતી હતી.

સામેથી માત્ર હળવો નિસાસો સંભળાયો. ફોન થોડીવાર માટે ચૂપ થઈ ગયો હોય એવું લાગ્યું. 'હેલ્લો મમ્મી, તમે ઓકે છો ને?'

'હા, મારે શું વાંધો હોય?' એમનો અવાજ ફરી ગયો હતો. જાણે ગળામાં કોઈ જાળું અટવાયું હોય અને એમાંથી માંડ પસાર થઈને આવતો હોય એવો લાગતો હતો.

'હાસ્તો વળી, એય... ને પપ્પાનું ફેમિલી પેન્શન આવે છે, તમારું વિધવા પેન્શન છે, હેલ્થ માટે વીમો ઉતરાવેલ છે, પોતાની માલિકીનું મજાનું સ્વતંત્ર મકાન છે અને કોઈ 'ખસ' કહેવાવાળું નથી. બીજું શું જોઈએ?'

'હા, એ તો છે જ ને!' એમનો અવાજ ખોખરો થતો જતો હતો

'જુઓ મમ્મી, તમારા જેવું તો કોઈ સુખી નથી. ન કોઈ દીકરા-વહુની કટકટ કે ન કોઈ ભાગ-લાગની ઝંઝટ, ન કોઈ રોકવાવાળું કે ન કોઈ પૂછવાવાળું. જેમ મરજી હોય એમ જીવી શકો છો.'

'હ્મ્મ... મારા જેવું તો કોણ સુખી હોય!' એમના અવાજમાં ખરેડી વધતી જતી હતી. મને થયું એ ખોંખારો ખાઈ લે તો અવાજ સ્પષ્ટ આવે. પણ હું બોલી નહીં.

વાત ટૂંકાવતાં મેં કહ્યું 'મમ્મી, તમારે તો દીકરો ગણો કે દીકરી હું એક જ છું એટલે જરાય મૂંઝાવાનું નહીં. જે હોય એ મને કહી દેવાનું ઓકે?'

'હા બેટા, મારે તું છો પછી ક્યાં ઉપાધી છે?' સંભળાયા પછી અવાજ આવતો બંધ થયો. ફોન કટ થયો કે નેટવર્ક જતું રહ્યું એ ખબર ન પડી.

મે નાસ્તો કરીને સીટ પર લંબાવ્યું. એક તો સાંકડી અને અજાણી જગ્યા, જેઠાણીનું અચાનક આવેલું ફરમાન અને મમ્મીનો ખોખરો અવાજ! આ ત્રણેય વિટંબણાની ટોળકીએ મને આખી રાત ઊંઘવા ન દીધી. કોઈ અજાણ્યો ઓથાર સતત ઝળુંબી રહ્યો હતો પણ હું એનો ચહેરો ઓળખી શકી ન હતી. જેમ તેમ સવાર પડી. બારીનો પડદો ખસેડ્યો ત્યાં તો સુરજદાદા પોતાની ચોપાટ લઈને ફરી હાજર થઈ ગયા હતા. મને થોડું સારું લાગ્યું થયું કે 'હાશ. આકાશનું સૌંદર્ય પાછું આવી ગયું છે.'

આખો દિવસ જેઠ-જેઠાણી અને

સાસુમા સાથે વાતોમાં સમય ક્યાં પસાર થઈ ગયો એ ખબર જ ન પડી. ઘરનું વાતાવરણ એવું હતું કે હું અહીંયાં શા માટે આવી છું એ પ્રશ્ન જ ભુલાઈ ગયો હતો. અથવા ભુલવાડી દેવામાં આવ્યો હતો. રાતના ભોજન પછી બધાં ગેલેરીમાં ભેગા થયાં અને પ્રજ્ઞાભાભીએ વાત ખોલી. 'વૃંદા, તને એક સમાચાર આપવાના છે.'

મારા ધબકારા વધવા લાગ્યા પણ મેં સ્વસ્થતા જાળવી કહ્યું 'બોલો ને ભાભી.'

'અલ્કેશ અને અમ્રિતાને યુ.એસ.માં ખૂબ સારી જોબ મળી ગઈ છે. અમ્રિતા ત્યાંની સિટિઝન હોવાથી અલ્કેશને પણ ગ્રીન કાર્ડ મળી ગયું છે.' એ હરખાતાં બોલ્યાં.

મારા મનનો ભાર પળવારમાં ગાયબ થઈ ગયો. હું હરખભેર બોલી, 'અરે વાહ... ભાભી શું વાત છે! આ તો ખૂબ જ સારા સમાચાર છે. તમારે તો દીકરો-વહુ બેય ત્યાંના નાગરિક થઈ ગયાં. વાહ ભઈ વાહ.'

એ મોઢું મલકાવતાં બોલ્યાં, 'એનાથીએ વધારે સારા સમાચાર એ છે કે હું દાદી અને તું કાકીદાદી બનવાની છે.'

મારો આનંદ તો અનેકગણો વધી ગયો, 'ભાભી... આજે તો તમે ઉપરાઉપરી સારા સમાચાર આપ્યા હોં! જલ્સો પડી ગયો. સાચેક...'

મને ખરેખર આનંદ થઈ રહ્યો હતો જાણે મારાં દીકરો-વહુ હોય એટલો હરખ મને થતો હતો.

રમેશભાઈએ ધીમેકથી મમરો મૂક્યો, 'હા, સમાચાર તો આનંદના છે પણ એક મુશ્કેલી છે. અમારે ત્યાં જવું પડશે.'

'હાસ્તો મોટાભાઈ, જવું જ જોઈએ. એ બન્ને તો હજુ છોકરું કહેવાય. તમે લોકો ત્યાં હોવ તો ફેર પડે.'

'જવાનું તો છે પણ પ્રશ્ન બાનો છે.' પ્રજ્ઞાભાભી ધીમેકથી બોલ્યાં. મારી નજર બા તરફ ગઈ. કોઈ અજાણ્યો ભય આવીને બેસી ગયો હોય તેમ બાનો ચહેરો ફિક્કો પડી ગયો હતો.

'કેમ? બાનો શું પ્રશ્ન છે?'

રમેશભાઈએ હળવેકથી વાતનો દોર પોતાના હાથમાં લેતાં કહ્યું, 'જો વૃંદા, બા વર્ષોથી અહીંયાં જ છે અને એમને અહીંયાં જ ફાવે છે પણ હવે અમે જઈએ છીએ એટલે...' કહી વાક્ય અધૂરું છોડી દીધું. મને હવે છેક ઝબકારો થયો કે અચ્છા તો આ વાત છે? હવે સમજાયું કે મને અત્યાર સુધી કેમ અંધારામાં રાખવામાં આવી હતી! ઉમંગે કશી હા-ના કર્યા વગર મને જવાની અનુમતિ કેમ આપી? એક સાથે અનેક વિચારો દોડાદોડી કરવા લાગ્યા. પણ મેં મન પર લગામ રાખી પૂર્ણ સ્વસ્થતાથી કહ્યું, 'તો એમાં શું? તમે જાઓ... બા અમારી સાથે રહેશે. એમાં શું મોટી વાત છે? ખરું ને બા?'

કહી મેં બા સામે જોયું. એ નિસ્તેજ ચહેરે માથું ઢાળી બેઠાં હતાં.

'હા, અમે ય એ જ વિચાર્યું છે.' રમેશભાઈ બોલ્યા.

'અરે ચોક્કસ... અમે બેય સાવ ફક્કડરામ છીએ. બા આવશે તો ઘર ભર્યું ભર્યું લાગશે. અચ્છા, તમારો આગળનો પ્રોગ્રામ કઈ રીતે છે? આઇ મીન વિઝા વગેરે...'

જેઠજી ઉત્સાહથી બોલ્યા, 'અરે... બધું જ રેડી છે.'

જેઠાણી બમણા ઉત્સાહથી બોલ્યાં, 'આવતી ૨૩મીની ટિકિટ પણ આવી ગઈ છે.'

હું સ્તબ્ધ હતી. આટલું બધું નક્કી છે અને મને આ લોકો અત્યારે છેક વાત કરે છે! આમ પરાઈ ગણે અને આમ પોતાની! પણ મારે સ્વસ્થતા ગુમાવવી ન હતી.

જેઠજીએ સામેથી જ પૂછ્યું, 'તું રોકાઈશ ને?'

'ના મોટાભાઈ, મારે તો સોમવારે હાજર થવાનું હોય. હું તો કાલે રાત્રે જ નીકળી જઈશ.'

'ઓકે તો તારી અને બાની કાલ રાતની ટિકિટ બૂક કરાવી લઉં છું.'

'બા, રેડી ને? કાલ સવારથી સામાન ભરવા માંડીએ. ખરું ને?' કહી મેં બા સામે ઉત્સાહથી જોયું.

બાએ ખોખરા અવાજે કહ્યું, 'હા, તમે જે નક્કી કરો તે ખરું' અને તે પોતાના રૂમમાં ચાલ્યાં ગયાં.

મિટિંગ વિખેરાઈ. હું ગેસ્ટ રૂમની પથારીમાં પડી પણ મને કંઈક ખૂંચતું હતું. શું હતું તે પકડાતું ન હતું. મેં મનને ઢંઢોળ્યું કે સાસુ આવે છે એ ખૂંચે છે? જવાબ 'ના'માં આવ્યો. તો તને જાણ કર્યા વગર બધું નક્કી થયું એ ખૂંચે છે? એનો જવાબ પણ 'ના'માં જ આવ્યો. જેઠાણીનાં છોકરાં આટલી પ્રગતિ કરે છે એ ખૂંચે છે? એનો જવાબ પણ 'ના'માં જ મળ્યો. તો શું પેટમાં દુઃખે છે? કદાચ બાના ચહેરાના ઊડી ગયેલા રંગો અને એમના અવાજમાં રહેલી ખારાશ મને પજવી રહી હતી. એકાદ કલાકની ગડમથલ પછી હું ધીમેકથી બાના રૂમ પાસે ગઈ અને દરવાજાને ધક્કો માર્યો. દરવાજો ખુલ્લો જ હતો, મેં અંદર ડોકું કાઢ્યું અને મારા આશ્ચર્ય વચ્ચે બા પથારીમાં જાગતાં બેઠાં હતાં. હળવેકથી પૂછ્યું, 'અંદર આવું?'

'હા, આવી જા.' કહી એમણે પોતાની બાજુમાં જગ્યા કરી. હું એમની સાવ અડોઅડ બેસી ગઈ.

'બા, તમને અમારી સાથે ગમશે જોજો...'

'હમ્મ્મ.'

'એમ નહીં... પ્રેમથી હા પાડો' મેં લાડથી કહ્યું.

'હું ના ક્યાં પાડું છું? તમે પણ મારાં જ સંતાન છો કંઈ પારકાં થોડાં છો?' કહી એમણે ગળું ખંખેરવાનો પ્રયાસ

કર્યો. જાણે ગળામાં કશું અટવાઈ ન ગયું હોય!

'બા, પાણી આપું?'

'ના.'

થોડી મિનિટો એમ જ નિઃશબ્દ પસાર થઈ ગઈ. બા વારંવાર ગળું ખોંખારી ગળા નીચે કશુંક ઉતારવા મથતાં રહ્યાં. કોઈ જાળું ચોંટી પડ્યું હોય તેમ બા તેને ઉખેડવાની મથામણ કરી રહ્યાં.

'બા, તમારું મન નથી?' મેં વ્હાલથી પૂછ્યું.

એમની આંખોમાંથી ડળક ડળક બે મસમોટાં આંસુ સરકી આવ્યાં. મેં એમનો હાથ પકડીને હેતથી દબાવ્યો 'બા, આમ મૂંઝાઓ નહીં.'

એમણે ફરી ગળુ ખોંખારવાની ચેષ્ટા કરી. મેં મક્કમતાથી કહ્યું, 'બા, આમ ચૂપ ન રહો, આમ કંઈ ગળામાં બાઝેલું જાળું દૂર નહીં થાય. તમારે ખોંખારો ખાવો પડશે. બોલવું પડશે...'

એમણે હેતથી મારા તરફ જોયું. નાઈટલેમ્પના ઝાંખા અજવાળામાં એમની આંખોમાં તબકતું તેજ હું જોઈ રહી. એમણે સરખો ખોંખારો ખાધો, આંખો લૂછી અને પછી મક્કમતાથી કહ્યું, 'મારે ત્યાં નથી આવવું. વર્ષોથી અહીંયા રહું છું એટલે અહીંની માયા બંધાઈ ગઈ છે. અહીંયા કેટલી બધી બહેનપણીઓ છે, બાજુમાં જ દાદા-દાદી પાર્ક છે ત્યાં રોજ સવારે યોગ-પ્રાણાયામ કરીએ. લાફિંગ ક્લાસ ભરીએ. સાંજે બાજુના મંદિરે જઈને સત્સંગ કરીએ. બપોરે આડોશ પાડોશના ફ્લેટનાં બાળકોને વાર્તા કહું. અને રાતે ટી.વી. જોતાં જોતાં ભગવાન માટે ફૂલમાળા ગૂંથું. મારો સમય તો ક્યાં પસાર થઈ જાય ખબર પણ ન પડે. તું ખરાબ ન લગાડતી પણ આવો ભર્યોભાદર્યો સંસાર મૂકી ત્યાં આવવાનું મન નથી થતું બેટા.'

હું ચૂપચાપ સાંભળી રહી હતી. મારો હાથ હજુયે એમના હાથમાં હતો. 'પણ બા, ભાઈ-ભાભી જતાં રહેશે પછી તમારું કોણ? તમે એકલાં બધું કેમ મેનેજ કરશો? દિવસે દિવસે ઉંમર વધતી જાય છે. રસોઈ, ઘરકામ, બીમારી, બજારના વહીવટ, બેંકનાં કામ આ બધી બાબતો તમે ધારો છો એટલી સહેલી નથી.' મારા અવાજમાં ચિંતાનો થડકો હતો.'

બાએ ફરી ખોંખારો ખાઈ કહ્યું, 'ત્યાં આવીને નવો એકડો ઘૂંટવો મારા માટે અઘરો છે અને અહીંયા તો તું જો... બાજુવાળા ઉષાબેન ટિફિન બનાવે જ છે એક ટિફિન વધારે બનાવશે, દૂધ-નાસ્તા વગેરે ફોનથી જ ઘરબેઠાં આવી જાશે. કામવાળાં બેન કામ કરી જાય અને તારા સસરાના મિત્ર પેલા હરેશ અંકલ છે ને? એમણે બાંહેધરી લીધી છે કે ભાભી, તમે મારી નાની બહેન ઠેકાણે છો તમારાં બજારનાં બધા કામ હું પતાવી આપીશ. બોલ હવે આમાં

શું અઘરું છે?'

'પણ બા, માંદે-સાજે તો ઘરની વ્યક્તિઓ જ કામ લાગે. કોઈ બહારની વ્યક્તિ ઓછી ચાકરી કરવા આવે?'

'લે એમાં શું મોટી વાત છે? તને ફોન કરી દઈશ ને! તું આવીને લઈ જજે.'

મારી પાસે બાની વાતના ઘણા જવાબ હતા પરંતુ એક સ્ત્રી આટલાં વર્ષે પોતાની મરજીથી જીવવા માંગે છે. એકલી રહેવાનો અખતરો કરવા માંગે છે. પોતાના પગ પર ઊભી રહેવા માંગે છે તો એક સ્ત્રી તરીકે હું કેમ ના પાડી શકું? મેં માત્ર એટલું જ કહ્યું, 'બા, એક વાત યાદ રાખજો, હું તમારી સાથે જ છું. તમે અહીંયા રહો કે મારે ત્યાં સ્થળનું મહત્ત્વ નથી. સાથનું મહત્ત્વ છે.' એમણે આંખોથી જ હા કહી અને મેં એ ઝાંખા પ્રકાશમાં વાંચી લીધી.

સવારે નાસ્તા સમયે રમેશભાઈએ બાને કહ્યું, 'બા, તમે સાંજ સુધીમાં સામાન ભરી લેજો હોં ને!' અને પછી અમારી સામે જોઈ કહે, 'બન્ને વહુઓ યાદ કરીને ઝીણામાં ઝીણી વસ્તુ ભેગી કરી આપજો. આ ઘરને તો હવે તાળાં લાગી જશે.' મેં બાની સામે જોયું. મારામાં તો કશું બોલવાની હિંમત જ નહોતી કારણકે મારા બોલવાના ઘણા અર્થો નીકળી શકે તેમ હતા. બાએ થોડી વાર પછી ઊંડો શ્વાસ લીધો અને ખોંખારો ખાઈને સ્પષ્ટ અવાજે બોલ્યાં, 'મોટા, હું ક્યાંય જવા નથી માંગતી. આ ઘર મારું છે. અહીંયા જીવી છું અને અહીંયા જ મરવાની ઇચ્છા છે. હજુ એકલી રહી શકું એટલી સ્વસ્થ છું. તમે લોકો આવતાં-જતાં રહેજો. તમારુંય ઘર છે. અને હા, નિયમિત ફોન કરતાં રહેજો.' જેઠ-જેઠાણી સ્તબ્ધ હતાં. એમણે મારી સામે જોયું, શું બોલવું તે ન સમજાતાં હું શબ્દો શોધવા ફાંફા મારવા લાગી, ત્યાં જ બા ફરી બોલ્યાં, 'વૃંદા અને ઉમંગે મને ત્યાં આવવા માટે ખૂબ સમજાવી છે પણ મારાથી આ ઘરની, આ બહેનપણીઓની, મંદિરની અને તારા સસરાની યાદગીરીની માયા નથી મુકાતી માટે મારે અહીંયા જ રહેવું છે. અને આ મારો સ્વતંત્ર નિર્ણય છે. પ્લીઝ... મને ફોર્સ ન કરતાં. મારી ઉપાધી પણ ન કરતાં કારણકે મારો અહીંયા બહોળો પરિવાર છે એમના હાથોમાં હું સચવાઈ જઈશ. અને જરૂર પડશે તો તમે લોકો છો જ ને!' આમ બોલી તે મક્કમ પગલે મંદિરે જવા નીકળી ગયાં.

પહેલાં હેન્ડબેગ મૂકી પછી ત્રણ પગથિયાં સ્ફૂર્તિથી ચડીને ઠેકડો મારીને સીટ પર બેસી ગઈ. હાશ... સીટ તો સારી છે વિચારીને નિરાંતનો શ્વાસ લીધો. હેન્ડબેગમાંથી પાતળો ઓછાડ કાઢી સીટ પર પાથરીને આરામથી પગ લાંબા કરીને બેઠી. બારી પરથી પડદો ખસેડ્યો. અને મમ્મીને ફોન લગાડ્યો. 'હેલ્લો, કેમ છો મમ્મી? મજામાં?'

'હા, મજામાં'

અહીંની બધી વાત કર્યા પછી મેં પૂછ્યું, 'તમે કહો શું નવીન?'

'અમારે શું નવીન હોય?'

'કેમ એમ બોલો છો? ઓલ ઓકે?'

'હોવ.' એમના અવાજમાં પેલી ખરેડી પડતી હતી.

'મમ્મી, તમારો અવાજ કેમ આવો છે?'

'ના રે ના... ઊભી રહે પાણી પી લઉં' આમ કહી એમણે પાણી પીધું.

'તમને શું થયું છે?' મેં ચિંતિત સ્વરે પૂછ્યું.

'થાય શું.' એનો અવાજ વધુને વધુ ખોખરો થતો જતો હતો.

'મમ્મી, આમ ચૂપ રહેવાથી ગળામાં બાઝેલું જાળું દૂર નહીં થાય. કે નહીં પાણી પીવાથી દૂર થાય. તમારે ખોંખારો ખાઈને બોલવું પડશે. જે હોય તે બોલો મમ્મી... જસ્ટ સ્પીક... પ્લીઝ....' મેં ઉત્તેજિત અવાજે કહ્યું.

થોડી સેકન્ડ્સ ફોનમાં સ્તબ્ધતા વ્યાપી ગઈ. સામે છેડે ગળું ખોંખારવાનો અવાજ આવતો હતો. હું ચૂપ જ રહી. થોડા પ્રયત્નો પછી મમ્મીએ મોટો ખોંખારો ખાઈ કહ્યું, 'મારે હવે એકલાં રહેવું નથી. છેલ્લાં દસ વર્ષથી એકલી છું. તારા પપ્પા ગયા પછી સાવ નિરાળા પંખી જેવી થઈ ગઈ છું. એકલી એકલી ઊડ્યે રાખું છું પણ હવે થાકી છું. રડવુંય એકલા ને હસવુંય એકલા. માંદી પડું તો ય એકલી અને સાજી થાઉં તોય એકલી. એકધારી આ એકલતાથી હવે ઉબાઈ ગઈ છું. મકાન છે, પૈસો છે, પાડોશ છે, મંદિર છે ને બગીચોય છે પણ... પોતાનું તો કોઈ નહીં ને!' એ બોલતાં બોલતાં હાંફી ગયાં હોય તેમ લાગ્યું. હું આશ્ચર્યથી સાંભળી રહી હતી. પપ્પાના અવસાન પછી કદાચ પહેલી વખત આ સ્ત્રી આટલા સ્પષ્ટ અવાજે કશીક રજૂઆત કરી રહી હતી. થોડીવાર એ કશું ન બોલ્યાં એટલે મેં જ વ્હાલથી પૂછ્યું, 'તમારી શું ઇચ્છા છે કહો!'

'મારે પરિવાર જોઈએ છે. હૂંફ જોઈએ છે. મારે તારા સિવાય બીજું કોઈ નથી. ઉંમરના આ છેલ્લા પડાવે હું એકલી રહી રિબાવા નથી માંગતી. મારે આધાર જોઈએ છે. મારે સધિયારો જોઈએ છે. બોલ તું આપીશ ને?'

તીરની જેમ સાવ અચાનક આવેલા એ પ્રશ્ને મને અવાચક કરી મૂકી. મગજ બહેર મારી ગયું. કશુંક બોલવા ગઈ પરંતુ એ બન્ને સ્ત્રીઓના ગળામાંથી નીકળેલું જાળું ઓચિંતું મારા ગળામાં આવીને ચોંટી ગયું હતું. કેટલીય મથામણ પછી માંડ માંડ શબ્દો ગોઠવાયા. મારા ગળામાં પડેલી ખરેડી દૂર કરવાના પ્રયાસ રૂપે મેં સહેજ ગળું ખંખેર્યું અને ખોખરા અવાજે કહ્યું 'ઉમંગને પૂછીને જવાબ આપું.'

સામે છેડેથી ફોન કટ થયો.

❑❑❑



બાળ ઉછેર, શિક્ષણ અને સર્જનાત્મકતા વિશે કેબી જિનાન

☐ દિવ્યાશા દોશી

૬૧ વર્ષીય જિનાન કેબીને જુઓ તો ગાંધીઅન સાધુ જેવા દેખાય. સફેદ ફરફરતી દાઢી અને ખાદીનો ઇસ્ત્રી કર્યા વિનાનો કુરતો અને પેન્ટ. જિનાન કેબી બાળઉછેર અને શિક્ષણ પર અભ્યાસ કરે છે. તેમના વિચારો જાણવા ગમે એવા હોવાથી તેમની સાથે થયેલી વાતચીતના અંશ.

તેમના શિક્ષણક્ષેત્રના વિચારો ઊંધા પ્રવાહે તરવા જેવા છે. જિનાન કહે છે કે આપણી શિક્ષણ પદ્ધતિ પશ્ચિમના વિચારો પર આધારિત છે જે કુદરતને નુકસાન કરે છે. ધરતી સાથે એકરૂપ નથી. શિક્ષણ ફક્ત પોથીનાં રિંગણાં જેવું બની ગયું છે. પુસ્તકો અને અખબારો આપણને નોલેજ (માહિતી) આપે છે, પણ જીવાતા જીવન સાથેનો નાતો કાપી નાખે છે. બાળકોને બીબાંઢાળ બનાવે છે, તેમને કુદરત સાથે કોઈ નાતો જ નથી રહેતો.

તેમની આ વાતને ધ્યાનથી સાંભળીએ તો આપણને ચોક્કસ જ તેમની સાથે સહમત થવાનું મન થાય, પરંતુ આપણે જ જ્યાં દુનિયાનો અનુભવ ન કર્યો હોય ત્યાં બાળકને અનુભવ લઈ શકે તેવું વાતાવરણ ક્યાંથી આપી શકીએ? આપણું જીવન કઈ રીતે જીવવું તે બીજા નક્કી કરે છે આપણે નહીં તે કેવું શિક્ષણ? આ સવાલ જિનાનને સતત સતાવતો રહ્યો અને તેનો જવાબ શોધવાનો પ્રયત્ન અવિરત કરતા રહ્યા છે.

જિનાનનો જન્મ અને ઉછેર કેરળના થિસુર ખાતે થયો. સૈનિક શાળામાં તેમનું ભણતર થયું. તેમને લશ્કરમાં જવાની ઇચ્છા હતી પણ તેમની પસંદગી ન થતાં ભોપાલ એન્જિનયરિંગ કૉલેજમાં ભણવા ગયા. એન્જિનિયરિંગનું એક જ વરસ બાકી હતું ને તેમને વિચાર આવ્યો કે જીવનમાં ખરેખર જરૂરી છે તે શિખાતું નથી.

એટલે વરસનો ડ્રોપ લઈને ભોપાલમાં જ એક નાનકડી શાળામાં શીખવવાનું શરૂ કર્યું. તે જ સમયે ખ્યાલ આવ્યો કે બાળકોને મૂળે શિક્ષણ જ ખોટી રીતે આપવામાં આવે છે. તેમણે નક્કી કર્યું કે પોતે નવથી પાંચની નોકરી તો નહીં જ કરે, પણ તે માટે જરૂરી હતું એ સિસ્ટમમાંથી પસાર થવું. જિનાનના શબ્દોમાં, "એન્જિનિયરિંગમાં ગ્રેજ્યુએશન પૂરું કરી અમદાવાદમાં એનઆઈડીમાં પ્રોડક્ટ ડિઝાઈનિંગમાં પ્રવેશ લીધો. અત્યાર સુધી જોયું હતું કે ચુસ્ત નિયમો હોય, ભણાવાતું હોય પણ લોકોને ભણવામાં રસ ન હોય. એનઆઈડીમાં જોયું કે ત્યાં કોઈ હાજરી નથી લેતું, અહીં ભણાવાતું નહોતું પણ દરેકને શીખવામાં રસ હતો. વળી થોડો સમય નહીં ફુલટાઈમ લોકો શીખતા હતા. ભણવાનું જ ત્યાં એટલું મનરંજક હતું કે શીખવાનો કંટાળો નહોતો આવતો. મિત્રો જ્યારે

મળતા ત્યારે એકબીજાને પૂછતા કે આજે શું નવું એક્સપ્લોર કર્યું. આજે શું નવું શીખ્યા? જ્યારે મોટાભાગની કોલેજોમાં વિદ્યાર્થીઓ વિચારતા હોય કે આજે કઈ ફિલ્મ જોવા જઈશું. આ બધું જોઈને મને સમજાયું કે વાતાવરણ જ શીખવાની ધગશ આપે છે. એટલે મેં શીખવું - જ્ઞાન ઉપાર્જન ઉપર ધ્યાન આપવા માંડ્યું. આમ એનઆઈડીમાં બધું જ સારું હોવા છતાં એક વાત મારા ધ્યાન પર આવી કે જે મુક્ત વાતાવરણ એનઆઈડીમાં છે તેની સીમારેખાઓ પાશ્ચાત્ય સંદર્ભવાળી છે. તમને મુક્તિ મળે છે પણ તેનો રંગ વેસ્ટર્ન હશે. તમારી એસ્થેટિક સેન્સ છે તે પશ્ચિમનું અનુકરણ કરશે. આ મુક્તિ પણ સમસ્યારૂપ લાગી, ત્યારે મને લાગ્યું કે હવે કલ્ચર અને એસ્થેટિક્સ મારે શોધવું પડશે. એટલે ત્રણ વરસ પછી હું જાણે ગર્ભમાંથી બહાર આવ્યો. લોકોને નવું શીખવું હોય કે કરવું હોય તો ગર્ભ જેવું વાતાવરણ મળવું જોઈએ. આ નિશાળો છે તે તમારી ઓરિજીનાલિટીનો નાશ કરે છે. એટલે મેં શીખવાના કેટલાક પ્રયોગો કર્યા અને સમજવાનો પ્રયત્ન કર્યો. એનઆઈડીનો અભ્યાસ પૂરો કર્યા બાદ પ્રોડક્શન મેનેજરની નોકરી કરવા કરતાં, બંગાળ, ઓરિસ્સા, કેરળનાં ગામડાંઓમાં કારીગરો સાથે રહીને પરંપરિત કારીગરીનો અભ્યાસ કરવાનું નક્કી કર્યું.

નસીબદાર હતો કે તે સમયે મને ગામડાઓમાં જવાનો મોકો મળ્યો. મોટેભાગે શિક્ષણ - ડિગ્રી લઈને લોકો અમેરિકા જવાનો મોકો શોધે છે, મને ગામ જવાનો મોકો મળ્યો તે સારું થયું. એનાથી મને અનેક નવી બાબતો શીખવા- સમજવા મળી. પહેલીવાર નાગાલેન્ડ ગયો ત્યારે મેં જોયું તો નવાઈ લાગી કે મોટાભાગની સમાજસેવી સંસ્થાઓ ત્યાંના લોકોને સુધારવાનો પ્રયત્ન કરી રહી હતી. હકીકતમાં આદિવાસીઓ ઘણું સારું જીવન જીવી રહ્યા હતા. પણ તેમને આ સંસ્થાઓ આધુનિક બનાવવાનો પ્રયત્ન કરી રહી હતી. આ આધુનિક માણસ છે તે પોતાને સુપિરિયર માનવા લાગે છે. તેમાં એમનો વાંક નથી પણ આપણી સિસ્ટમ જ એવી છે કે શિક્ષિત વ્યક્તિ પોતાને ચડિયાતી માનવા લાગે. એજ્યુકેશન ચોઈસ નથી પણ સિસ્ટમ છે જે તમને બીબાંઢાળ બનાવે છે. શિક્ષિત થવાની કિંમત આપણે ચૂકવીએ છીએ. નાગાલેન્ડમાં મને આદિવાસીઓને જોઈને સમજાયું કે ત્યાંના લોકોને સુધારવાની જરૂર નથી પણ તેમની પાસેથી શીખવાની જરૂર છે. પછી મેં બે ત્રણ એન્થ્રોપોલિજસ્ટને વાંચ્યા. તેમાં હેમિન્ડોર્ફ (Furer Haimendorf) જર્મન એન્થ્રોપોલિજસ્ટને હું વાંચતો હતો તે મને ઘણો સ્પર્શ્યો. મોટેભાગે

પાશ્ચાત્ય લેખકો ભારતની ગરીબીને જ ફોકસ કરતા હોય છે. પણ હેમિન્ડોર્ફે ગ્રામ્ય આદિવાસીઓના જીવનને નિષ્પક્ષ રીતે સમજવાનો પ્રયત્ન કર્યો છે. આદિવાસીઓએ શોધેલી જીવનપદ્ધતિમાં પર્યાવરણ અને અસ્તિત્વને કેન્દ્રમાં રાખવામાં આવે છે. ગામડાઓમાં રહીને મને સમજાયું કે ખરું ભારત અહીં જ છે. આપણે શિક્ષિત શહેરીઓ રેસિડન્ટ નોન ઇન્ડિયન્સ છીએ. આપણે આપણી સંસ્કૃતિ ભૂલી ગયા છીએ, મૂળિયાંથી જ કપાઈ ગયા છીએ. આપણે બધા ભારતીય રહ્યા નથી. પાશ્ચાત્ય પદ્ધતિને અપનાવીને પોતાનાપણું ખોઈ બેઠા છીએ.'' કેરળમાં નિલામ્બુર પાસે આવેલા અરુવાકોડે નામના ગામમાં રહેતા પારંપારિક કુંભારો બજારમાં સ્પર્ધાત્મક ન બની શકતાં તેમની કારીગરી નષ્ટ થઈ રહી હતી. તેને જિનાને જીવંત કરવામાં મદદ કરી. ‘કુંભમ’ નામની સંસ્થાની સ્થાપના દ્વારા તેમના કામને આજની દુનિયામાં ચાલી શકે તે રીતે ડિઝાઈનિંગ કરી તેની માગ વધારી કારીગરોને પગભર થવામાં મદદ કરી.

ત્યારબાદ જિનાન કેબીએ શિક્ષણક્ષેત્રે કામ કરવાની શરૂઆત કરી. તેમણે સૌ પ્રથમ પૂના પાસે આવેલી સાધના સ્કૂલ ત્રણ વરસ ચલાવી. શિક્ષણક્ષેત્રના અનુભવની વાત કરતાં જિનાન કહે છે તે આપણને જુદી રીતે વિચારવા મજબૂર કરે છે.

''માઈન્ડ અને બોડીને આપણે જુદાં કરીએ છીએ. પશ્ચિમના લોકો કહે છે કે આ દેકાર્ટે કર્યું છે પણ એમાં દેકાર્ટનો કોઈ પ્રશ્ન નથી. હવે એ લોકો પણ કહે છે કે બોડી અને માઈન્ડ જુદાં નથી. આપણું શિક્ષણ માઈન્ડ એટલે કે મગજ આધારિત છે. ત્રણ વરસ મેં મારી સિસ્ટમને બદલવાનું કામ કર્યું. એટલે મારા શરીરને મગજ સાથે જોડવાનું કામ કર્યું. પછી બીજો પ્રશ્ન હતો કે કલ્ચર શું છે. જો આપણે નોલેજ એટલે કે જ્ઞાન ઉત્પન્ન નથી કરતા. એસ્થેટિક્સ સેન્સ નથી તો કલ્ચરનો અર્થ જ નથી રહેતો. જેટલા પણ ભણેલા ગણેલા લોકો છે તે પાશ્ચાત્ય શૈલીથી જ બધું કરે છે. આર્કિટેક્ટ, ફેશન ડિઝાઈનર, માર્કેટ બધા જ પાશ્ચાત્યશૈલીનું અનુકરણ જ કરે છે. એનો અર્થ કે આપણે પાયામાં જ ક્યાંક ભૂલ કરી રહ્યા છીએ. આપણે કેટલીક પાયાની બાબત વિશે વિચારતા નથી. રોટલી બનાવતાં કોણ શિખવાડે છે તો કહેશો કે માએ શિખવાડ્યું. સાઈકલ પિતાજીએ શિખવાડી. તરવાનું કોચે શિખવાડ્યું. પણ હું કહેવા માગું છું કે લોટ આપણને રોટલી શિખવાડે છે. સાઈકલ આપણને ચલાવતાં શીખવે છે અને પાણી આપણને તરતાં શીખવે છે. આપણી ભાષા આપણને ગેરમાર્ગે

દોરે છે. ભાષા આપણને ખોટી સમજ આપે છે. આપણે હંમેશાં પૂછીએ છીએ કે કોણે શિખવાડ્યું. ભાષા શબ્દ અને વિશ્વને જુદાં કરે છે. વિશ્વ એટલે આપણું શરીર અને શબ્દ એટલે મન. આપણે વિશ્વને ભૂલી જઈને શબ્દમાં ફસાઈ જઈએ છીએ. એ જ આપણા માટે મોટી સમસ્યા છે. આજે જેન્ડર (જાતિ)ની વાત કરીએ છીએ તો એને હું સમસ્યા નથી ગણતો. જેન્ડર હકીકતમાં આપણું વિભાજન કરે છે. કુદરતે આપણને જે બનાવ્યા છે તેમાં જેન્ડર જુદાં નથી. કામ કરતી વખતે એ જુદાં થાય છે. તેના ભાગ પાડી દેવામાં આવ્યા અને નામ અપાયું ફેમિનાઈન (સ્ત્રૈણ) અને મસ્ક્યુલિન (પૌરુષેય). આજે આપણે વધુને વધુ મસ્ક્યુલિન કામ કરીએ છીએ. આધુનિક યુગમાં ફેમિનાઈન તત્ત્વ છે જ નહીં. શરીર કદાચ સ્ત્રીનું હોઈ શકે છે પણ તેનું મન પુરુષની રીતે વિચારે છે. ફેમિનિઝમ પણ સમસ્યાનો મસ્ક્યુલિન રિસપોન્સ છે. એટલે કે નારીવાદ એ પૌરુષેય પ્રતિભાવ છે. એટલે આ સમસ્યામાં કોઈ નિરાકરણ નહીં મળે. સમસ્યામાં રહીને તમે કોઈ નિરાકરણ શોધી નહીં શકો. આ વિભાવના જ એક પ્રશ્ન છે. તેમાંથી બહાર આવીને જ કશું થઈ શકે. જેટલી પણ વૈકલ્પિક શિક્ષણ પ્રણાલી છે, વૈકલ્પિક ચળવળો છે, સસ્ટેઈનેબિલિટી ટોક (ટકાઉપણા વિશેના વ્યાખ્યાનો) છે તે સમસ્યાને સુલઝાવી નથી શકતા. એક તો તમે એ જ સાધન વાપરો છો. બીજું કે તમે એ જ માપદંડ અપનાવો છો. તો તમે બહાર કેવી રીતે આવી શકો?

આપણને લાગે છે કે વાંચવાથી, શિક્ષિત થવાથી જીવનની દરેક બાબત સમજાઈ જશે, પણ ભણવાથી કે વાંચવાથી કશું જ સમજાતું નથી, અનુભવવાથી સમજાય છે. આપણું ભણતર આપણને ફક્ત માહિતી આપે છે, અનુભવ નથી આપતું. વાંચવાથી આપણે આપણા અનુભવની સાબિતી આપી શકીએ છીએ કે હા આ જ એ સિવાય બીજું કશું જ નહીં. ઓરિસ્સાના ગામમાં રહીને મેં જોયું હતું કે ત્યાં બાળકોને શિખવાડવામાં નથી આવતું પણ તેઓ શીખી જાય છે. ત્યાં પેરેન્ટિંગ હોતું નથી પણ તેઓ માતાપિતા બની જાય છે. ત્યાં લોકોને જીવન ઉપર વિશ્વાસ છે. એટલે જ બાળકો મુક્ત વિચરે છે. તેમણે કોઈની પરવાનગી લેવી નથી પડતી. તેમને જે ગમે તે કરે છે. આપણે સ્વતંત્રતા વિશે પણ ખોટા ખ્યાલો બાંધીને બેઠા છીએ. કોઈ આપણને સ્વતંત્રતા આપી ન શકે. તે હોય જ છે. જીવનમાં પાયાની જરૂરિયાત છે સ્વતંત્રતા. આપણે માનસિક રીતે તેને મૂલવવા લાગીએ છીએ. મુક્તિ દરેક વ્યક્તિની પાસે હોય જ છે. વ્યક્તિ

મુક્ત વાતાવરણમાં જ ખીલે છે અને વ્યક્તિ મુક્ત જ હોય છે. સામાજિક સંસ્થાઓ તેમની મુક્તિને છીનવી લે છે. મને આ સમજાયું ત્યારથી મેં વાંચવાનું બંધ કર્યું. પહેલાં હું ખૂબ વાંચતો હતો. પણ ખરું જ્ઞાન તો પુસ્તકોમાં નહીં જીવનના અનુભવમાં છે. હું ત્યારે થોરોનું 'વૉલ્ડન પોન્ડ' વાંચી રહ્યો હતો. તે કુદરતી વાતાવરણમાં જીવનને જીવવાની વાત કરતો હતો. મને અહેસાસ થયો કે હું ગામમાં નદી કિનારે સુંદર વાતાવરણમાં રહેતો હતો. આજુબાજુ જે જીવન ચાલી રહ્યું હતું તેમાં ભાગ લેવાને બદલે હું વાંચી રહ્યો હતો. બસ એ જ્ઞાન થતાં જ પુસ્તક બંધ કરી દીધું. આપણે જે કંઈ વાંચીએ છીએ તે પાશ્ચાત્ય દૃષ્ટિકોણથી જ લખાયેલું હોય છે. એટલે તે આપણને પશ્ચિમી વિચારધારાથી વિચારતા શીખવે છે. સમજાયું કે શિક્ષણ કેટલું નુકસાનકારક છે. મેં બે ફન્ડામેન્ટલ રિસર્ચ કર્યાં. એક કોગ્નિટિવ ડેમેજ ઓફ સ્કૂલિંગ (પ્રત્યક્ષ જ્ઞાનને નુકસાન પહોંચાડનારું શાળાકીય શિક્ષણ) અને બીજું શીખવાની કુદરતી સાચી રીત.

આ બાબતને મેં પહેલાં અનુભવી. એક તો મેં વાંચવાનું બંધ કર્યું હતું એટલે હું આસપાસ જોતાં શીખ્યો. જોવું એટલે જોવું તેને સમજવાનો પ્રયત્ન ન કરવાનો હોય. સમજ આપણામાં હોય જ છે. જેમ ખાવાનું ખાધા પછી પાચન આપોઆપ થાય છે. એજ રીતે સમજ કેળવવાની નથી હોતી તેનું અસ્તિત્વ છે જ. વચ્ચે આપણો અહંકાર આવે છે અને સમજ બદલાઈ જાય છે. બાળકને ભાષા શિખવાડાતી નથી પણ તે આપોઆપ સમજવા લાગે છે અને બોલવા લાગે છે. પછી મને સમજાયું કે ભણેલા ગણેલા લોકોને સમજાવવા માટે ભાષા નહીં ચાલે. એટલે હું તેનું ડોક્યુમેન્ટેશન કરવા લાગ્યો. બાળકો પોતે કઈ રીતે સમજે છે, શીખે છે તે સમજાવવા માટે મેં ડોક્યુમેન્ટેશન શરૂ કર્યું.''

એ.એસ. નીલે ૧૯૨૭ની સાલમાં ઇંગ્લેંડમાં સમરહીલ નામે શાળા કરી હતી. નીલ પણ માનતા હતા કે બાળકોની સ્વતંત્રતા છીનવીને ભણાવવાં ન જોઈએ.

જિનાન કેબી પોતાના આવા વિચારો લોકો સુધી પહોંચાડવાના પ્રયત્નો કરે છે. તેઓ શિક્ષણને નવા સ્વરૂપે સમજાવવાનો પ્રયાસ કરે છે. તેમની વેબસાઈટ પણ છે. (www.jinankb.in) શિક્ષણને નવા સ્વરૂપે સમજવું હોય તેવી શાળાઓ તેમને બોલાવે છે. અવારનવાર લોકો-સંસ્થાઓ વર્કશોપ લેવા માટે બોલાવે છે. હાલમાં તેઓ અમદાવાદમાં એક શાળા સાથે જોડાયેલા છે. રવીન્દ્રનાથ ટાગોરે શાંતિનિકેતન શાળા શરૂ કરી હતી તે પણ તો આવા જ ઉદ્દેશ સાથે ને? જિનાન કહે છે

કે, ''હા, પણ અત્યારે શાંતિનિકેતન મૃતપ્રાય જેવી સ્થિતિમાં છે. કારણ કે બધા રવીન્દ્રનાથને અનુસરવા માગે છે પણ રવીન્દ્રનાથ કોઈને બનવું નથી. ગાંધીજીને અનુસરનારા ગાંધીજી જેટલું તો નહીં પણ તેમના જેવું કામ પણ ન કરી શક્યા કારણ કે કોઈ ગાંધીજી ન બન્યું. બાળકને શિક્ષણ દ્વારા આજે કોઈને કોઈના અનુયાયી બનવાનું શિખવાડાય છે. પણ તેને પોતાના માલિક નથી રહેવા દેતા. હું વર્કશોપમાં સાદો સવાલ પહેલાં પૂછું છું કે આકાશનો રંગ કેવો છે? બધા જ મોટેરાઓ એક જ ક્ષણમાં કહેશે- ભૂરો. જ્યારે બાળકોને પૂછું તો તેઓ આકાશ તરફ જોઈને આકાશ ત્યારે જે રંગનું દેખાતું હશે તે રંગ કહેશે. બાળક આજમાં અત્યારની ક્ષણમાં જીવતું હોય છે. તે સામે જે આવે તેનું નિરીક્ષણ કરીને તેની સાથે નવું રમતાં શીખશે. દરેક બાળક આગવું હોય છે તેને પોતાની રીતે પોતાનો વિકાસ કરવા દેવો જોઈએ, પણ આપણે આપણા બનાવેલાં બીબાંમાં તેને ઢાળીએ છીએ. એટલે જ આપણે વિકાસ નથી કરી રહ્યા. આજે જેને વિકાસ માનીએ છીએ તે છેતરામણો વિકાસ છે. તે ખરેખર વિકાસ હોત તો આજે જે સમસ્યાઓ છે દુનિયામાં તે ન હોત.''

જિનાનને લોકો એવા પણ પ્રશ્નો કરે છે કે તો પછી બાળકને શું ભણાવવાનું? ત્યારે જિનાન હસીને કહે છે, ''એ બાળકને નક્કી કરવા દો કે તેને શું શીખવું છે. અત્યારનું શિક્ષણ ફક્ત મનનું હોય છે તેમાં અનુભવને સ્થાન નથી. રોટલી બનાવતાં શીખો ત્યારે મનથી નથી શિખાતી તેમાં શરીર અને મન બન્ને જોઈએ છે. એ જ રીતે દરેક બાબત અનુભવ દ્વારા બાળક શીખે તે જ મહત્ત્વનું છે.'' આમ પહેલાં શીખવાની પરિભાષા જ બદલવાની વાત જિનાન કેબી કરી રહ્યા છે. જિનાન કોઈને કંઈ કરવાનું કહેવામાં નથી માનતા તેમનું કહેવું છે, ''હું માત્ર ખરો વિચાર જણાવું છું તેના પર કઈ રીતે વર્તવું તે દરેકે પોતે જ નક્કી કરવાનું હોય છે. બીજું કે શિક્ષણ અહંકારી બનતા શીખવે છે. આપણે બીજાથી સુપિરિયર છીએ તેવું શીખવાય છે. અહંકાર અને ગમા-અણગમા બાળક જન્મથી લઈને નથી આવતું.

મેં જોયું છે કે જે શીખ્યા નથી એ લોકો સરસ રીતે રચનાત્મક કામ કરતા હોય છે. અભણ લોકો સહજતાથી પોતાની વસ્તુઓ બનાવે છે. વિકાસ એટલે શું? એવું કહી શકાય કે તમને આવડતું નથી, એટલે મને આવડે છે તે તમને શીખવાડું. એટલે જ્યારે હું કેરળ ગયો ત્યારે મેં નક્કી કર્યું કે મને કશું આવડતું નથી અને તેઓ મારાથી વધુ જાણકાર છે. આમ કરતાં જોયું કે તેઓ ઘણું સારું

કામ કરતા હતા. (જિનાને ત્યાં દલિત કુંભારો સાથે કામ કર્યું.) એ ગામમાં રહેતાં મેં બાળકો સાથે પણ કામ કર્યું. એવામાં ગામની એક બાળકી મારા ઘરમાં આવવા લાગી. તેની સાથે એ મારી જ દીકરી છે તેવો વ્યવહાર થવા લાગ્યો. એવું કહી શકાય કે અનઓફિશિયલી મેં તેને દત્તક લીધી. મેં ત્યારે ત્રણ વાત નક્કી કરી કે હું ક્યારેય તેને ના નહીં કહું. મેં જોયું હતું કે ગામમાં બાળકોને ક્યારેય ના નથી કહેતા. બીજું કે એ જે કરે તેની પાછળ રહેવું આગળ નહીં. કોઈ વાતે તેના પર જબરદસ્તી ન કરવી. ખાવા માટે કે સૂવા માટે તેના પર જબરદસ્તી ન કરવી. તેમની મરજી પ્રમાણે વર્તવા દો. ત્રીજી વાત કે ક્યારેય ખોટું ન બોલવું. આજે તો આપણે સતત ખોટું બોલતા હોઈએ છીએ. આ ત્રણ નિર્ણય લીધા પછી મને સમજાયું કે બાળક શું છે. બાળકોનું નિરીક્ષણ કરવાનું શરૂ કર્યું. જોયું કે તેઓ ખૂબ સુંદર કામ કરી રહ્યાં હતાં. સુંદરતા ક્યાંથી આવી તેમનામાં? સમજાયું કે સુંદરતા આપણામાં નિહિત છે. તેને બહારથી મેળવવાની કે શીખવાની નથી. શીખવું, સુંદરતા અને મૂલ્યો આપણામાં સાહજિક વણાયેલાં છે. નૈતિક શિક્ષણ લેવાનું નથી હોતું. નીતિ સિવાય આપણું જીવન ટકે જ નહીં. નીતિ દ્વારા જ્ઞાન હોય છે. નીતિ બાહ્ય પરિઘ છે. તેમાં જ્ઞાન હોય છે અને કેવી રીતે વાપરવું તે રીત પણ હોય છે. વ્હાય, વોટ અને હાવ (શા માટે, શું અને કઈ રીતે) એ મૂળભૂત પાયો છે જ્ઞાન માટે. વ્હેર એન્ડ વ્હેન ઈઝ કોન્ટેસ્ટ. (ક્યાં અને ક્યારે એ પરસ્પરના સંદર્ભે છે) આ કોન્ટેસ્ટ નક્કી કરે છે કેમ? વેલ્યુ ત્યાંથી જન્મે છે. તે આપણને શિખવાડે છે કેવી રીતે જીવવું અને કેમ જીવવું તે. આ રીતે મને બાળકોને જોતાં જોતાં શીખવા મળ્યું કે કેવી રીતે સુંદરતા જન્મે છે અને કેવી રીતે શિખાય છે. શાળા હકીકતમાં બાળપણને મારી નાખે છે. એટલે નિશાળનો હું વિરોધી રહ્યો. તેમ છતાં ૨૦૧૧માં પૂણેની એક શાળામાં કામ કરવાનો મોકો મળ્યો. તેને મેં રિઈમેજિંગ સ્કૂલ નામ આપ્યું. શાળાને જે વ્યાખ્યામાં બાંધેલી હતી તેમાંથી બહાર કાઢવાની હતી. શિક્ષકોને પૂછ્યું કે તમે ક્યારેય બાળકોનું નિરીક્ષણ કર્યું છે? જ્ઞાન શું છે તે તમને ખબર છે? તમે જાણો છો? જવાબ ના જ હોય. એટલે તેમને પહેલાં બાળકોને મુક્તિ આપવાની વાત કરી. તેમનું નિરીક્ષણ કરવાની વાત કરી. બાળકો હંમેશાં દરેક વસ્તુને પોતાની રીતે સમજીને તેનો ઉપયોગ, તેનું સ્ટ્રક્ચર કે તેની ઉપયોગિતા સમજવાનો પ્રયત્ન કરે છે. બાળક રમત નથી રમતું પણ દરેક બાબત રમતિયાળ બનાવી તે કશુંક શીખતું હોય છે. તેમને રેડિમેઈડ

રમકડાં આપીને તેમની રચનાત્મકતા, નિપુણતા, નિર્દોષતાનો આપણે નાશ કરીએ છીએ. બધા બાળકોને શીખવવા માંગે છે. તેઓ કેવી રીતે શીખે છે તે કોઈ સમજવા નથી માગતું. રમત અને શીખવું તેને જુદાં કરીને તેનો અર્થ બદલી નાખ્યો. શીખવાનું ગંભીર થઈને, ક્લાસમાં બેસીને, જ્યારે રમવાનું સાંજે. બાળકો હકીકતમાં દરેક સમયે કશુંક નવું શીખતાં હોય છે, સમજતાં હોય છે. ડ્રોઈંગ એ કલા નથી, તે સુંદરતા છે. તેને કલા બનાવીને માર્કેટિંગ બનાવી દીધું. ડ્રોઈંગ દ્વારા તેઓ ડાયમેન્શન (પરિમાણ) શીખે છે. જેમ તેઓ ચાલતાં ધીમે ધીમે શીખે છે તેને શિખવાડવું નથી પડતું. બોલતાં તે જાતે જ શીખે છે. પહેલાં તે કોઈપણ અવાજ કાઢશે. પછી ધીમે ધીમે તેને શબ્દ બનાવશે. એ જ રીતે તે ડ્રોઈંગ જાતે જ શીખશે. તેઓ જગતને પોતાની રીતે સમજીને ચીતરે છે. પોતાનું વિશ્વ ઊભું કરવા માટે તેને બાહ્ય કોઈ વસ્તુની જરૂર નથી હોતી. તેનો હાથ મોબાઈલ બની શકે છે. તેનું શરીર ગાડી બની શકે છે. ખુરશી મોટર કે પ્લેન બની શકે છે. બે ખુરશી ઉપર કપડું નાખી દીધું તો ઘર બની જાય છે. તેમને રમકડાંની જરૂર નથી હોતી. જે પણ ક્રિયા બાળકો કરે છે તે દુનિયાને સમજવા માટે કરતું હોય છે. વળી તેને એ પ્લેફુલી કરે છે. એ પ્લે રમત નથી. આધુનિકતાએ તેને કેટેગરીમાં વહેંચીને બાળપણને ખતમ કરી નાખ્યું છે. જીવન વિરોધી કરી નાખ્યું છે. સહજતાને, નિર્દોષતાને ખોઈ દીધી છે. પૂણેની શાળામાં બે વરસ કામ કર્યું ત્યારે લોકો સમજ્યા કે આપણે શાળા દ્વારા હકીકતમાં નુકસાન કરી રહ્યા છીએ. હવે અમદાવાદની શાળામાં કામ કરું છું ત્યારે ૭૦ ટકા શિક્ષકોને સમજાઈ રહ્યું છે. એક દાખલો આપું. શાળામાં પાણી ભરવા માટે ચારે બાજુથી સિમેન્ટની એક દીવાલ બનાવીને સ્ટ્રકચર ઊભું કર્યું હતું. એકાદ બે ફૂટ ઊંચું હશે. પણ હવે તેમાં પાણી નથી ભરતા. નર્સરીનાં બાળકો તેમાં વચ્ચે એક ટીનનો ડબ્બો રાખી તેના પર બે ચાર લાકડાં રાખી પુલ બનાવીને ચાલવા લાગ્યાં. પછી ત્રણેક ટીનના ડબ્બા રાખી બન્ને દીવાલને જોડતો પુલ બનાવ્યો અને એના પર ચાલવા લાગ્યાં. આ તેમને કોઈએ શિખવાડ્યું નથી. આ જ તો છે નોલેજ ક્રિએશન. શિક્ષકોએ તેમની ભૂમિકા સમજવી પડશે. બાળકોને શિખવાડવાનું નથી પણ તેમને મુક્ત વાતાવરણ આપવાનું છે જેથી તેઓ જાતે શીખી શકે. સિસ્ટમ બનાવો નહીં પણ જોવાની, નિરીક્ષણ કરવાની આદત પાડવાની જરૂર છે. દરેક વ્યક્તિએ બસ જોતાં શીખવાનું છે. તેનું શું કરવાનું તે આપોઆપ આવડી જશે.''

❑❑❑

वेदोऽखिलो धर्ममूलम् । वेदो नित्यमधीयताम् । वेदोः वयं वः शरणं प्रपन्नाः । वेदो ये नः परं धनम् ।



અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ શ્રી ગોવિંદ દીક્ષિત પુણ્યસ્મૃતિ સ્મરણ સમિતિ (રજિ.)

"Sri Govinda Deekshita Ghatika Sthanam"

29-30, East Iyen Street (Entrance at Yagasalai St.), KUMBAKONAM.
Tamil Nadu - 612 001. India

Tel. No. Off : (0435) 2401789, 2425948 Patasala : 2401788, 2422866

E-mail : rajavedapatasala@gmail.com
Website : www.rajavedapatasala.org

વેદો અને શાસ્ત્રોના, પ્રાચીન ગુરુકુળ પદ્ધતિ દ્વારા, રક્ષણાર્થે જાહેર નિવેદન

શ્રી રાજા વેદ કાવ્ય પાઠશાળા, કુંભાકોણમની સ્થાપના ૧૫૪૨માં સુવિખ્યાત વહીવટકર્તા-સંચાલક સંત અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ ભગવાન શ્રી ગોવિંદ દીક્ષિદર દ્વારા પવિત્ર નદી કાવેરીના તટે વેદ અને શાસ્ત્રોના પ્રસાર માટે કરવામાં આવી છે. તેઓએ તંજાવુરના નાયક રાજાઓનું સતત ત્રણ પેઢી સુધી પ્રધાનપદ શોભાવ્યું છે. તામિલનાડુમાં જ આ એકમાત્ર પાઠશાળા છે જે પાછલાં ૪૭૧ વર્ષથી અવિતરપણે કાર્ય કરી રહી છે. જ્યાં ઋગ્વેદ, કૃષ્ણ અને શુક્લ યજુર્વેદ અને સામવેદ પ્રાચીન પરંપરાનુસાર અભ્યાસક્રમ શીખવાય છે. વિદ્યાર્થીઓને ૮થી ૧૨ વર્ષની વયથી શીખવાય છે ૬થી ૧૦ વર્ષ પર્યંતના આ અભ્યાસકાળમાં વિદ્યાર્થીના આવાસ, ભોજન તેમ જ વસ્ત્રાદિ તેમ જ યાત્રાભાડુંની વ્યવસ્થા કરવામાં આવે છે. હાલમાં અહીં ૧૫૫ વિદ્યાર્થીઆને ૧૪ અધ્યાપકો કેળવણી શિક્ષા આપે છે.

વૈદિક અભ્યાસ બાદ તેઓને શાસ્ત્રો અને વેદોના ઉચ્ચ અભ્યાસ માટે પાઠશાળાના વિદ્વાન અધ્યાપકો દ્વારા પ્રોત્સાહન અપાય છે.

તા. ૨૧-૬-૨૦૦૪ના રોજ નવી પાઠશાળા શ્રી ગોવિંદ દીક્ષિદર ઘટિકા સ્થાનમ્ (૧૩,૫૦૦ ચો. ફૂટ)ના મકાનનું અર્પણ કાંચી કામકોટી મઠના શંકરાચાર્ય પ.પૂ. શ્રી જયેન્દ્ર સરસ્વતીના શુભહસ્તે થયું.

પાઠશાળાના વધતા જતા ખર્ચને પહોંચી વળવા નીચે પ્રમાણેનાં દાન સ્વીકારાય છે. તમારા પત્ર/ઈમેલમાં સરનામા સાથે ફોન નંબર, STD કોડ અને મોબાઈલ નંબર લખવા વિનંતી. દાનની રકમ આવકવેરાની ૮૦-G કલમાનુસાર કરમુક્ત છે.

યોજના	દાનની રકમ	સ્થાયી થાપણ (જમા રકમ)
વિદ્યાર્થી ભોજન. સાદું (સમારાધન)	રૂ ૭૦૦/-	રૂ. ૯,૦૦૦/-
વિશિષ્ટ ભોજન	રૂ. ૨,૫૦૦/-	રૂ. ૩૦,૦૦૦/-
દાળ-ભાત : (૭૫ કિલો)	રૂ. ૧,૬૦૦/-	રૂ. ૨૦,૦૦૦/-
વેદ અને શાસ્ત્રના અભ્યાસ શિક્ષણ/રક્ષણાર્થે (વિદ્યાર્થી દીઠ)	રૂ. ૧૨,૦૦૦/- પ્રતિ વર્ષ	૧,૫૦,૦૦૦/-

ક્રોસ ચેક, ડિમાંડ-ડ્રાફ્ટ, A.V.M.S.G.D.P.S. Samithi કુંભાકોણમ્ ખાતે કરી મોકલવા વિનંતી. (પત્રવ્યવહાર ઉપરના સરનામે પ્રમુખ કે ખજાનચી પ્રતિ કરવો.)



સુદામે દીઠી દ્વારામતી!

❑ રતિલાલ બોરીસાગર

[ઉત્તરાર્ધ : માર્ચ 2020]

લંડનના સમય પ્રમાણે બારમી ઓગસ્ટે સવારે અગિયાર-સાડા અગિયાર વાગ્યે લંડનના હીથ્રો એરપોર્ટ પર અમે (અહીં 'અમે' મારા માટે માનાર્થે બહુવચન નથી. અમે

એટલે અમદાવાદના વીસ-બાવીસ સાહિત્યકારો) ઉતરાણ કર્યું. સુપ્રસિદ્ધ ગઝલકાર જલન માતરી અને એમના પુત્ર અમારી સાથે હતા. જલનભાઈએ પુત્રને મારી ભલામણ કરતાં કહ્યું હતું, 'બોરીસાગર મારા ખાસ ભાઈબંધ છે. મારી જેટલું જ એમનું ધ્યાન રાખજે.' અને એ આજ્ઞાંકિત પુત્રે આખી સફર દરમિયાન મારી બહુ સંભાળ લીધી હતી.

લંડન પહોંચ્યા પછી પહેલું કામ ઇમીગ્રેશન કાઉન્ટર પર પહોંચવાનું હતું. ઇમીગ્રેશનની લાઈન એટલી બધી લાંબી હતી કે એમાં ઊભા રહેવાની તપશ્ચર્યા કરવાનું ખરે જ મુશ્કેલ હતું. મેં લાઈનની વ્યવસ્થા સંભાળનાર બંધુને વિનંતી કરી કે 'હે બંધુ, અમે દો બેચારે, બિના સહારે એવા સીનિયર સિટીઝન છીએ. અમને લાઈનમાં ઊભા રહેવામાંથી મુક્તિ આપો!' (મેં એ અધિકારીને ભાંગ્યાતૂટ્યા અંગ્રેજીમાં જે વિનંતી કરી એનો આ મુક્ત ગુજરાતી અનુવાદ છે!)

પેલાએ અમારી સામે જોયું. એંશીના આરે પહોંચેલો હું અને મારાથી ચાર વર્ષ મોટા જલનભાઈ! પેલાને લાગ્યું કે આ બંને આટલી મોટી લાઈનમાં ઊભા રહેશે તો એરપોર્ટ પર જ ઢળી પડશે! એટલે એ બહુ નમ્રતાથી અમને એક કાઉન્ટર પર દોરી ગયા. કાઉન્ટર પર બીજું કોઈ હતું નહીં. કાઉન્ટર પરના અધિકારીએ હસીને અમને ઉમળકાભર્યો આવકાર આપ્યો. અમે અમારા પાસપોર્ટ એમના કરકમળમાં મૂક્યા. એમણે અમારાં ફિંગરપ્રિન્ટ્સ લીધાં... અને અધિકારીશ્રી ગંભીર થઈ ગયા. એમણે અંગ્રેજીમાં જે કહ્યું તે પૂરું તો હું સમજ્યો નહીં, પણ અમારાં બંનેનાં ફિંગરપ્રિન્ટ્સ ઊઠતાં નથી એટલું તો હું સમજ્યો જ!'

વર્ષો પહેલાં મેં એક પ્રસંગ વાંચ્યો હતો કે એક મહાત્માના શિષ્યો મહાત્માનો ફોટો પાડવા માગતા હતા. પણ મહાત્માની ફોટો પડાવવાની ઇચ્છા નહોતી. એમણે ઘણી ના કહી પણ શિષ્યો માન્યા નહીં એટલે મહાત્મા કેમેરા સામે ઊભા રહ્યા - કેમેરામેને કેટલોય પ્રયત્ન કર્યો, પણ મહાત્માનો ફોટો પડ્યો જ નહીં, અહીં આ અલ્પાત્માઓ હૃદયપૂર્વક ઇચ્છતા હતા કે ફિંગરપ્રિન્ટ પડે - પણ પડ્યાં જ નહીં! આમાં કશો ચમત્કાર નહોતો. કેવળ બઢતી ગયેલી ઉમરિયાંનો જ પ્રભાવ હતો!

અધિકારી ઘણા ભલા હતા. (હસમુખા માણસો હંમેશાં ભલા હોય છે એવો એક મત છે.) એમણે અમારાં ફિંગરપ્રિન્ટ્સ લેવા જાતજાતના પ્રયોગો કર્યા. અમારા તરફની એમની સહાનુભૂતિ સ્પષ્ટ અનુભવતી હતી. પણ ફિંગરપ્રિન્ટ્સ મેચ ન થાય ત્યાં સુધી એ અમને લંડનમાં પ્રવેશ

આપી શકે તેમ નહોતા. એમણે કહ્યું, 'આટઆટલા પ્રયત્નો પછી પણ તમારાં ફિંગરપ્રિન્ટ્સ ઊઠતાં જ નથી! એટલે...' એમના અધૂરા વાક્યનો અર્થ એ થતો હતો કે તમને લંડનમાં પ્રવેશ આપવાનું શક્ય નથી! અમે ગભરાયા. મેં ફરી આર્જવભર્યા સ્વરે કહ્યું, 'અમે લંડનમાં રામકથા સાંભળવા આવ્યા છીએ. અમે માત્ર નવ દિવસ જ રોકાવાના છીએ. અમારી પાસે રિટર્ન ટિકિટ પણ છે.'

'રામકથા' શબ્દે ચમત્કાર સર્જ્યો. એમણે પૂછ્યું, 'રામકથા બાઈબલ જેવો પવિત્ર ગ્રંથ છે?' મેં કહ્યું, 'હા' - અને એ અંદર ગયા. એમના સીનિયર અધિકારી સાથે મસલત કરી પાછા આવ્યા - ને અમારા પાસપોર્ટ પાછા આપી કહ્યું, 'વેલકમ!' 'વેલકમ' શબ્દ સાંભળી અમારા જીવમાં જીવ આવ્યો. મેં આભારવશ બની 'થેંક્યુ વેરી મચ' કહ્યું. પાંચ હજાર વરસ પહેલાં રામના નામે પથરા તર્યા હતા. આટલાં વરસ પછી રામના નામે બે સીનિયર સિટીઝનો તરી ગયા!

એરપોર્ટની બહાર આવ્યા કે સ્વયંસેવકોએ 'જય સિયારામ' દ્વારા અમારું ઊષ્માભર્યું સ્વાગત કર્યું. સીનિયર સિટીઝનોની પૂરતી કાળજી લેવાઈ. અમને હોટેલ 'હોલી ડે-ઇન'માં લઈ જવા માટે ખાસ બસો તૈયાર હતી. લંડનના માર્ગો પરથી અમારી શાહી સવારી નીકળી. કલાકેકમાં અમે હોટેલ પર પહોંચ્યા. લંડનની કથાના નિમંત્રણમાં અમારું 'હોટેલ હીલ્ટન'માં રિઝર્વેશન થયાનું જણાવવામાં આવ્યું હતું. 'હોટેલ હીલ્ટન' દુનિયાની જાણીતી હોટેલોમાંની એક છે. આવી હોટેલમાં નવ દિવસ નિવાસ કરવાના ખ્યાલે હું ઘણો રોમાંચિત થયો હતો. પણ પછી કોઈ અનિવાર્ય કારણસર આ રિઝર્વેશન રદ થયું હતું. (જોકે 'ભગવાન કરે તે સારા માટે' એ અમારા કિસ્સામાં સાચું પડ્યું. કથા દરમિયાન એક રાત્રે 'હોટેલ હીલ્ટન'માં કંઈક ધડાકો થયો, લાઈટ જતી રહી, લિફ્ટ બંધ થઈ ગઈ. સૌને અંધારામાં અજાણી જગ્યાએ પાંચમા-છઠ્ઠા માળેથી ઊતરવાનું થયું હોત તો મારું શું થયું હોત? ઉતાવળમાં દાદરાની મદદ વગર પગથિયાં ઊતરી ગયો હોત તો અત્યારે મલ્ટી ફ્રેક્ચર સાથે કોઈ હોસ્પિટલમાં પગ લટકાવીને પડ્યો હોત! જોકે કથારસને કારણે આવો વિચાર ઝાઝો ટક્યો નહીં.)

'હોલીડે-ઇન' સગવડવાળી સરસ હોટેલ છે. કથાનું સ્થળ ચાલીને જઈ-આવી શકાય એટલું નજીક હતું. કથામાં જવા માટે બસની સરસ સુવિધા હતી, પણ હું કોઈને કોઈ સાથે મોટે ભાગે ચાલીને જ જતો-આવતો. 'કોઈને કોઈ સાથે' એટલા માટે કે કથા કોઈ મોટા સ્ટેડિયમમાં હતી. એ જગ્યા એટલી વિશાળ છે કે કોઈ સાથે ન હોય તો

હું ચોક્કસ અટવાઈ જાઉં!

રામકથાના નવ દિવસ દરમિયાન પલાણસાહેબ (નરોત્તમ પલાણ) સાથે એક રૂમમાં રહેવાનું થયું તેને હું કથાનો એક વધારાનો લાભ ગણું છું. 1966-67માં ભાવનગરની શામળદાસ કોલેજમાં એમ.એ.ના વર્ગોમાં અમે સાથે હતા - એ વખતે જ અમારા પ્રાધ્યાપક સ્વ. ઈશ્વરલાલ દવેના વર્ગમાં અભ્યાસપૂર્ણ ચર્ચા કરવામાં પલાણસાહેબ મોખરે રહેતા. પછી તો વિદ્વત્તાનાં ઊંચા શિખરો એ સર કરતા ગયા. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય, લોકસાહિત્ય, ઇતિહાસ, શિલ્પ - સ્થાપત્ય - આ સૌમાં એમની તેજ ગતિ! આ બધાં ક્ષેત્રોમાં પલાણસાહેબ પૂછવા-ઠેકાણું. આવા વિદ્વાનની સાથે એક અ-વિદ્વાનને નવ દિવસ રહેવા મળ્યું. અલબત્ત, સામાન્ય કામકાજમાં અમે બંને સરખા - પહેલે દિવસે જ પલાણસાહેબે કહી દીધું - 'મને ચા બનાવવાનું કે બીજું કશું કામ ફાવતું નથી.' હું તો સુપર અણઘડ! પણ ચા બનાવતાં આવડે - જોકે પહેલે દિવસે રૂમમાંની ઇલેક્ટ્રિક કીટલીનું વીજળીજોડાણ ચાલુ કરતાં જ ન આવડ્યું એટલે પહેલા દિવસે પહેલી ચા વગરના રહ્યા. પણ બીજા દિવસથી હું બરાબર શીખી ગયો - ને બધા દિવસ સરસ ચા બનાવીને પલાણસાહેબને પાઈ. ત્યાં પહોંચ્યા પછીના બીજા દિવસે સવારે પલાણસાહેબે નાહવા માટેના ગરમ-ઠંડા પાણીના નળની ટેક્નિક જાણી લીધી - નાહી લીધા પછી એમણે મને સરળ રીત બતાવી: એક જ ધ્યાન રાખવાનું - આ નીચેના નળને નહીં અડવાનું - એ છે એમ જ બંધ રાખવાનો - પણ ઋષિએ રાજાને કહેલું કે 'હે રાજા! આમ-આમ ન કરતો - પણ નિયતિએ રાજા પાસે ઋષિએ જેની મનાઈ કરી હતી તે બધું જ કરાવ્યું - ને રાજા શાપ પામ્યો - એ રીતે ઋષિ જેવા પલાણસાહેબે જે નળને અડવાની પણ મનાઈ કરી હતી તે નળ મેં ભૂલથી ચાલુ કરી દીધા - ને પાણીનો ધોધ છૂટ્યો - અસલ ચાર્લી ચેપ્લિનની ફિલ્મ જેવું! મેં એ નળને બંધ થવા જાતજાતની વિનંતી કરી જોઈ - પણ એણે જલાભિષેક ચાલુ રાખ્યો - ઉતાવળે ઉતાવળે ટુવાલ વીંટી અર્ધા વસ્ત્રે હું બહાર ધસી આવ્યો ને પલાણસાહેબને સહાય માટે વિનંતી કરી. પલાણસાહેબે ભારે મથામણ કરી નળ બંધ તો કર્યો પણ ત્યાં સુધીમાં બાથરૂમમાં પાણી-પાણી થઈ ગયું હતું!

કથાના યજમાન રમેશભાઈ - પ્રતિમાબહેન - ઋષિભાઈનાં સૌજન્ય - સ્નેહ - સરળતા - આ બધાંની અમીટ છાપ મારા મન પર પડી છે. રમેશભાઈના સૌ સાથીદારો પણ એકદમ પ્રેમાળ! કથાના સ્વયંસેવકો

સૌના સ્વાગત માટે - સૌની સહાય માટે એકદમ તત્પર! 'સિયારામમઈ સબ જગ જાનિ - બધું જ જાણે સિયારામમય હતું!'

કથાની વ્યવસ્થા અદ્‌ભુત હતી - એમાંય અમે સાહિત્યકારો તો લાડકા અતિથિઓ! ડગલે ને પગલે અમારી સંભાળ લેવાતી રહી - મુખ્ય યજમાન રમેશભાઈના પરિવારથી માંડી - નાનામાં નાના સ્વયંસેવકો સુધી સૌમાં જે ઉત્સાહ જોયો - સૌના ઉષ્માસભર સૌજન્યનો જે અનુભવ થયો - તે અવિસ્મરણીય છે. સતત અનુભવાયેલાં આ સંવેદનો કાગળ પર યથાતથ ઉતારવાનું શક્ય નથી.

લંડનની રામકથા માટે નિમંત્રણ મળ્યું ત્યારે જ મેં નક્કી કરી લીધું હતું કે કથાશ્રવણ જ મારી પ્રાથમિકતા હશે, લંડન-દર્શન જ્યારે જેટલું શક્ય બને તે પ્રમાણે.

બે વાર લંડન-દર્શનનો સુયોગ સાંપડ્યો - 'બકિંગહામ પેલેસ' અંદર ફરીને જોયો. પેલેસની ભવ્યતાનો પૂરો ખ્યાલ તો નજરે જોયા પછી જ આવે! નેવું વર્ષનાં મહારાણીની પહેલી વરસગાંઠથી નેવુંમી વરસગાંઠ સુધી મળેલી ભેટોનો અદ્‌ભુત સંગ્રહ જોયો.

વિશ્વની લોકશાહીનાં પારણાં હીંચોળનારી યુ.કે.ની પાર્લમેન્ટનાં ગૃહોને ખાસ તો પાર્લમેન્ટના પ્રાંગણમાં સ્થાપેલી ગાંધીજીની પ્રતિમાના દર્શન કરવા હું ઉત્સુક હતો. ઘણું જોવાનું બાકી રહી ગયું, પણ પાર્લમેન્ટ હાઉસના પ્રાંગણમાં મુકાયેલી ગાંધીજીની પ્રતિમા જોઈ બધું જોવાઈ ગયાનો સંતોષ થયો. જે વ્યક્તિને કારણે ઇંગ્લેન્ડનો સૂર્ય ભારતમાં આથમી ગયો એ વ્યક્તિની પ્રતિમા પાર્લમેન્ટ હાઉસના પ્રાંગણમાં સ્થાપનારી અંગ્રેજ પ્રજાની ઉદારતા જોઈ ગદ્‌ગદિત થઈ ગયો. આ ઉદારતાનો જોટો જડે એમ નથી. શેમાંથી આવી હશે આ ઉદારતા? આ લખું છું ત્યારે બિલકુલ 'વીશફુલ થિંકિંગ' કહેવાય એવો વિચાર મનમાં ઝબકી જાય છે - અંગ્રેજ પ્રજા એની 'સેન્સ ઓફ હ્યુમર' માટે જાણીતી છે. આ હાસ્યવૃત્તિએ જ પ્રજાને આટલી ઉદાર બનવી હશે એવું માનવાનું મન મન થાય - ભલે કોઈને આ કેવળ મારા મનનો તરંગ લાગે!

બધા જ દિવસની કથા મેં શબ્દશઃ સાંભળી. આ કથાશ્રવણને હું મારા જીવનની એક ઉપલબ્ધિ ગણું છું. આ કથાશ્રવણથી ચોક્કસ મારામાં કશુંક ઉમેરાયાનો અનુભવ મેં કર્યો છે. મને સતત લાગ્યું છે કે આ કેવળ કથા નથી, આ તો જીવનશિક્ષણનો મહાયજ્ઞ છે. પૂ. બાપુએ એકવાર કહેલું કે રામકથાથી સમાજમાં શો ફેર પડે છે, એવો પ્રશ્ન મને પુછાય છે. રાજાના હુકમથી તળાવમાં એક લોટો દૂધ રેડવાનું હતું. ત્યારે સૌએ

વિચાર્યું કે બધા દૂધ રેડવાના છે હું એક લોટો પાણી રેડીશ તો શો ફેર પડવાનો હતો? – આમ વિચારી સૌએ પાણી રેડ્યું – પણ એક જણાએ દૂધ રેડ્યું. કોઈએ પૂછ્યું, 'તેં એકે દૂધ રેડ્યું એનાથી શું વળવાનું?' પેલાએ ઉત્તર આપ્યો, 'પાણીનો રંગ તો થોડો બદલાયો!' બાપુ કહે છે કે મારી વ્યાસપીઠથી થોડો રંગ બદલાય તોય ઘણું! બાપુ ભલે નમ્રતાથી આમ કહે, પણ ખરેખર તો કેટલાય આખા ને આખા બદલાઈ ગયા હશે! 'સરસ્વતીચંદ્ર'ના લેખક ગોવર્ધનરામને પોતાનું જીવનદર્શન વ્યક્ત કરવા નિબંધો લખવા હતા – પણ નિબંધો કોણ વાંચશે? એમ વિચારી 'સુકથાની મદિરા'માં ઉપદેશરસ ઘોળીને પાઈ દેવાનો સંકલ્પ કર્યો – ને આપણને એક ઉત્તમ નવલકથા મળી – 'સરસ્વતીચંદ્ર!' પૂ. બાપુ શ્રોતાઓને 'રામકથા'ના રસમાં ડુબાડી દે છે ને શ્રોતાઓની ચેતનાને 'સત્ય, પ્રેમ ને કરુણા'ના મંત્રથી ચાર્જ કરી દે છે! સામાજિક સમરસતા સ્થાપવા છેવાડાના માણસનું કલ્યાણ સાધવા જાણે અખંડ મહાયજ્ઞ બાપુ ચલાવી રહ્યા છે!

સાંજના કાર્યક્રમો પણ ખૂબ સરસ રહ્યા! શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમો ગુજરાતી - હિન્દી - ઊર્દૂ - કવિસંમેલન, લોકસાહિત્યની રસલ્હાણમાં તરબોળ કરી દેતો ડાયરો, ટૂંકાં પણ મનનીય પ્રવચનો – આ બધા કાર્યક્રમો રસપૂર્ણ રહ્યા – ખાસ તો યુ.કે.ના ગુજરાતી શ્રોતાઓએ જે રીતે આ કાર્યક્રમોને માણ્યા – એનાથી એમની પરિષ્કૃત રસરુચિની પ્રતીતિ થઈ.

શાસ્ત્રીય સંગીતના એ કાર્યક્રમોમાં એક કાર્યક્રમ ઉત્તમ તબલાંવાદક ઝાકીરહુસેનનો હતો. તબલાંવાદન દરમિયાન પરાકાષ્ઠાની ક્ષણોમાં ઝાકીરહુસેનજીની આંગળીમાંથી લોહી વેહવા માંડ્યું – મોટા સ્ક્રીનમાં આ સ્પષ્ટ દેખાતું હતું – પણ ઝાકીરહુસેનજી તો જાણે સમાધિસ્થ હતા – કલાના ઉપાસકનું એ સમયનું દર્શન ખરે જ ધન્ય બનાવી દે તેવું હતું.

ઝાકીરહુસેનજીની સાલસતા ને નમ્રતાના પણ એ દિવસે દર્શન થયા. કાર્યક્રમ શરૂ થવાના સમયે ઝાકીરહુસેનજી આવ્યા. શ્રોતાઓ સાથે બેઠેલા બાપુ પાસે જઈ વંદન કર્યાં ને પછી બિલકુલ પાછા પગે સ્ટેજ સુધી ગયા – એ જ રીતે કાર્યક્રમ પૂરો થયા પછી પાછા બાપુને વંદન કરવા ગયા ને એ જ રીતે પાછા પગે ચાલીને બહાર નીકળ્યા. કલા કલાકારના ચિત્તને કેટલું નિર્મળ બનાવી દે છે!

લંડનનો પ્રવાસ ને સાદ્યંત કથાશ્રવણ મારા જીવનની અવિસ્મરણીય ઘટના છે!

❑❑❑



ઘરમાં ક્વૉરૅન્ટીન (સંસર્ગનિષેધ) હોવાના લીધે થઈ શકતી

માનસિક આરોગ્ય સંબંધિત સમસ્યાઓ અને તેના ઉપાયો

☐ ડૉ. શબીના શેઠ

કોવિડ-૧૯, ડિસેમ્બર ૨૦૧૯માં મળી આવેલો નવલ કોરોના વાયરસથી ફેલાયેલો ચેપ, હવે ૨૭થી વધુ દેશોને અસર કરી રહ્યો છે, જે વાયરસથી ચેપ લાગી જવાના વાસ્તવિક અને કાલ્પનિક ભયથી પીડાયેલી વ્યક્તિઓમાં વ્યાપક ગભરાટ અને ચિંતાનું કારણ બની રહ્યું છે. રોગચાળો ફાટી નીકળવો (પેન્ડેમિક), એ માત્ર એક તબીબી ઘટના નથી; તે અનેક સ્તરો પર લોકો અને સમાજને પ્રભાવિત કરે છે અને વિક્ષેપોનું કારણ બને છે. કલંક (સ્ટીગમા) અને ઝેનોફોબિયા

એ ચેપી રોગચાળો ફાટી નીકળવાની સાંસ્કૃતિક અને સામાજિક અસરના બે ભાગ છે. ગભરાટ અને તાણ એ જ રીતે ફાટી નીકળેલા રોગચાળા સાથે જોડાયેલાં છે. જેમ જેમ સ્પષ્ટ જોખમની ચિંતા વિકસે છે, લોકો માસ્ક અને અન્ય તબીબી પુરવઠો એકત્રિત કરવાનું શરૂ કરી શકે છે. આ સાથે ઘણીવાર અસ્વસ્થતાને લગતી વર્તણૂક, ઊંઘમાં પડતી ખલેલ અને આરોગ્યની એકંદર કથળતી સ્થિતિ જોવામાં આવે છે.

તાજેતરમાં ફેલાયેલ કોવીદ-૧૯ પેન્ડેમિકના લીધે વિશ્વના મોટાભાગના લોકો પોતાના ઘરમાં સ્વ ક્વોરૅન્ટીન થયેલા છે. મોટાભાગના લોકોની દિનચર્યા ખોરવાઈ જવાથી અને સદંતર ઘરમાં ભરાઈ રહેવાના કારણે માનસિક સમસ્યાઓ થવી સામાન્ય છે. આ સમસ્યાઓ વિષે વાત કરતાં પહેલાં કોરોના વાઈરસ સાથે જોડાયેલા કેટલાક શબ્દોને સમજી લઈએ.

ક્વોરૅન્ટીન (સંસર્ગનિષેધ) : રોગનો ચેપ લાગ્યો છે કે કેમ અથવા વ્યક્તિ બીમાર છે કે કેમ તે તપાસવા માટે, વ્યક્તિને લોકોથી જુદી પાડવામાં આવે છે જેથી અન્યને ચેપ લાગવાનું જોખમ ઘટાડી શકાય.

તેનાથી વિપરીત, **આઈસોલેશન** (અલગતા)માં જેને ચેપી રોગ હોવાનું નિદાન થયું હોય એવા વ્યક્તિને, તંદુરસ્ત લોકોમાં રોગના સંક્રમણને ટાળવા માટે સામાન્ય લોકોથી અલગ કરવામાં આવે છે.

સોશ્યલ ડિસ્ટન્સિંગ (સામાજિક અંતર) એ એક અન્ય શબ્દ છે જેણે તાજેતરમાં કોવીડ-૧૯ રોગચાળાના સંદર્ભમાં પ્રાધાન્ય મેળવ્યું છે. સામાજિક અંતર એ સંક્રામક રોગોના ફેલાવાને રોકવા અથવા ધીમું કરવા માટે લેવામાં આવેલા કેટલાંક પગલાંઓને સૂચવે છે જેમાં લોકોના મોટા જૂથોને એક સાથે આવવા, મર્યાદિત કરવા, શાળાઓ, યુનિવર્સિટીઓ જેવાં જાહેર મકાનોને બંધ કરવાં, જાહેર કાર્યક્રમોને રદ કરવા વગેરેનો સમાવેશ થાય છે. હાલમાં વિશ્વભરના દેશો અને ભારત સરકાર કોવીડ-૧૯ રોગચાળો ફેલાતો અટકાવવા આ પગલાંના જોડાણનો ઉપયોગ કરી રહ્યા છે.

જ્યારે હાલના સંજોગોમાં સ્વક્વોરૅન્ટીન અને સોશ્યલ ડિસ્ટન્સિંગ એ એક આવશ્યક પગલું માનવામાં આવે છે, ત્યારે આ ઘણા લોકો માટે દુઃખદાયક અને ચિંતાજનક બની રહ્યું છે. અગાઉના એપીડેમિક/પેન્ડેમિકના અધ્યયનના આધારે આપણે ઘરમાં ક્વોરૅન્ટીન થવા સાથે જોડાયેલી માનસિક સ્વાસ્થ્યની કેટલીક ચિંતાઓને ઓળખીશું અને તેના માટે કેટલાક ઉપાયો સમજીશું.

૧. ક્વોરૅન્ટીનનો સમયગાળો

ક્વોરૅન્ટીનની અવધિમાં વધારો કરવાથી તકલીફ અને ચિંતા વધી શકે

છે. વ્યક્તિને તનાવ, ઉદાસી, ઊંઘમાં ખલેલ પાડવા જેવી સમસ્યાઓ થઈ શકે છે.

ઉપાય:

• તમારા ચિકિત્સક સાથે વાત કરો અને તેની પાસેથી ક્વૉરૅન્ટીનની પૂરી માહિતી લો અને ક્વૉરૅન્ટીનનો સમયગાળો વધવાનું કારણ, ક્વૉરૅન્ટીનનો અપેક્ષિત સમયગાળો વગેરે વિશે વિગતવાર જાણકારી લો. તમને થતી ચિંતા અને ડર વિશે ખૂલીને ચર્ચા કરો.

• **જો તમે આરોગ્ય સંભાળ પ્રદાતા** (ડોક્ટર, નર્સ, સમાજિક કાર્યકર્તા, કે અન્ય) તરીકે કામ કરતા હો તો તમારા ક્વૉરૅન્ટીન થયેલા દર્દી કે વ્યક્તિને ઉપરોક્ત જણાવેલી માહિતી વિગતવાર પૂરી પાડો. સાચી અને સચોટ માહિતી પૂરી પડવાથી વ્યક્તિની ચિંતા ઓછી થશે અને એ તમારાં પગલાંઓને અનુસરશે.

૨. અપૂરતી અને મૂંઝવણભરી માહિતી

માહિતીના વિરોધાભાસી સ્રોતો મૂંઝવણ અને અસ્વસ્થતા તરફ દોરી શકે છે.

આજના સમયમાં લોકો અખબાર, ટેલીવિઝન, અને ઈન્ટરનેટ ઉપરથી જુદા-જુદા પ્રકારની માહિતીઓ મેળવતા હોય છે. ઉપરાંત સોશ્યલ મીડિયા (વોટ્સઅપ, ફેસબુક, ટ્વીટર, ટીક્ટોક, વગેરે) ઉપર ફરતાં વીડિયો અને માહિતીઓ લોકોમાં ભય અને ચિંતાનું પ્રમાણ વધારે છે. ખોટી માહિતીના કારણે લોકોને અચાનક ચિંતાના હુમલાઓ (પેનિક એટક) પણ આવી શકે છે.

ઉપાય:

વ્યક્તિ પોતે શું કરી શકે?

• યાદ રાખો કે સોશ્યલ મીડિયા પર ફરતી બધી માહિતીઓ સાચી હોતી નથી.

• હંમેશાં માહિતી મેળવવા માટે સચોટ પ્રાપ્તિસ્થાનનો ઉપયોગ કરો. ઉદાહરણ તરીકે (વિશ્વ આરોગ્ય સંસ્થા WHOની વેબસાઈટ, ભારત સરકારની વેબસાઈટ).

• જો તમને કોઈ માહિતી કે સમાચાર સાંભળીને ચિંતા થતી હોય તો જાણકાર વ્યક્તિ અથવા આરોગ્ય સંભાળ પ્રદાતા સાથે વાત કરો.

આરોગ્ય સંભાળ પ્રદાતા શું કરી શકે?

• શક્ય તેટલી સરળ અને સુલભ ભાષામાં માહિતી પ્રદાન કરો.

• ક્વૉરૅન્ટીનનો હેતુ સમજાવવાથી લોકો દ્વારા તેના પાલનની શક્યતા વધશે.

• સમાચારના વપરાશને વિશ્વસનીય સ્રોત પર પ્રતિબંધિત કરવાની સલાહ આપો - વિશ્વાસપાત્ર અખબાર અથવા સરકારી વેબસાઈટ.

• દર્દીઓને સતત ટીવી અથવા ઓનલાઈન ન્યૂઝફિડ ન જોવાની સલાહ

આપો કારણ કે એને લીધે ડર અને અસ્વસ્થતા તરફ દોરાય શકે છે.

• સોશિયલ મીડિયા પર ફરતા નકલી સમાચારોના સંભવિત ટુકડાઓ અને વોટ્સએપ જેવી ઈન્સ્ટન્ટ મેસેજિંગ એપ્લિકેશન્સને સંબંધિત દર્દીઓને ચેતવણી આપો.

• જો શક્ય હોય તો, કોઈ દર્દી કે કોઈ પણ વ્યક્તિને કોરોનાના કારણે માનસિક તણાવનાં લક્ષણો વિકસિત થયા હોય તેવા કિસ્સામાં પોઈન્ટ-ઓફ કોન્ટેક્ટ- સંપર્ક નંબર અથવા હેલ્પલાઈન નંબર પ્રદાન કરો.

૩. ચેપનો ભય

વ્યક્તિને તેમના પોતાના સ્વાસ્થ્ય વિશે ડર લાગે છે. ઉપરાંત તેમને અન્ય (સગાવ્હાલા, મિત્રો, બાળકો અને વૃદ્ધો)ને ચેપ લાગવાનો ભય હોય છે. વ્યક્તિ સામાન્ય અને નજીવા શારીરિક લક્ષણોનો પણ કોરોના હોવા તરીકે ખોટું અર્થઘટન કરી શકે છે.

વ્યક્તિ- 'લેબોરેટરી પરીક્ષણ પોઝેટીવ આવશે તો?' 'મને હોસ્પિટલમાં ભરતી કરવામાં આવશે તો?' 'મારાથી મારા પ્રિયજનોને ચેપ લાગી જશે તો?' 'કોરોનાના લીધે જો હોસ્પિટલમાં જવું પડ્યું તો પરિવારથી દૂર થઈ જવાશે, ફરી એમેને હું નહીં મળી શકું તો?' 'મારાં બાળકોને કંઈક થઈ જશે તો?' જેવા વિચારોથી પરેશાન રહે છે અને ચિંતા અનુભવે છે.

ઉપાય:

વ્યક્તિ પોતે શું કરી શકે? :

• તમારા ડોક્ટર પાસેથી બીમારીની સંપૂર્ણ જાણકારી લો અને સમજી લો કે કયાં લક્ષણો સામાન્ય છે અને કયાં લક્ષણો ઉપર ધ્યાન આપવું જરૂરી છે.

• ચેપને ફેલાવતા અટકાવવા માટે સરકાર અને ડોક્ટર દ્વારા આપેલ સૂચનો જેવાં કે, માસ્ક પહેરવું, હાથ ધોવા, મેળાવડાથી દૂર રહેવું, ખાંસતી વખતે મોં અને નાક રૂમાલથી ઢાંકવુંનું અનુસરણ કરવું.

• જો સતત ચિંતાગ્રસ્ત વિચારો સતાવતા હોય તો મનોચિકિત્સકનો સંપર્ક કરવો.

આરોગ્ય સંભાળ પ્રદાતા શું કરી શકે?

• રોગ વિશે પૂરતી માહિતી પ્રદાન કરો.

• કયાં લક્ષણો પ્રમાણમાં સામાન્ય અને નજીવાં છે તે સમજાવો.

• ઉપરાંત, દર્દીઓને કયા સંકેતો ધ્યાન રાખવાની જરૂર છે તે સમજાવો.

• દર્દીઓમાં ઘણી શંકાઓ અને પ્રશ્નો હોઈ શકે છે. એમને પ્રશ્નો પૂછવા પ્રોત્સાહિત કરો અને સમયની પરવાનગી મુજબ તેમને ઉત્તમ જવાબ આપો.

૪. હતાશા અને કંટાળો

નિત્યક્રમનો અભાવ, સામાજિક સંપર્કનો અભાવ, બાકીના વિશ્વથી

અલગતાની ભાવના વગેરે નોંધપાત્ર તકલીફ પેદા કરી શકે છે.

ઉપાય:

વ્યક્તિ પોતે શું કરી શકે? :

• પોતાની એક દિનચર્યા બનાવો અને તેને અનુસરો.

• શારીરિક રીતે કાર્યરત રહો અને નિયમિતપણે વ્યાયામ કરો.

• તમારાં પરિવારજનો અને મિત્રો સાથે ઓડિયો અથવા વિડિયો કોલ દ્વારા સંપર્કમાં રહો.

• નવા શોખ કે નવી ખૂબીઓ કેળવો.

આરોગ્ય સંભાળ પ્રદાતા શું કરી શકે?

• ફોન અને કોમ્પ્યુટર પર - દૂરસ્થ - દર્દીના સામાજિક નેટવર્કના સક્રિયકરણને પ્રોત્સાહિત કરો.

• દર્દીઓને રોજિંદા જીવનનું ટાઈમ ટેબલ બનાવવા અને જાળવવા માટે કહો - બદલાયેલા સંજોગોમાં પણ તેને અનુસરવાની ભાવનાને પ્રબળ કરો.

• દર્દીઓને કેટલીક પ્રવૃત્તિમાં જોડાવા પ્રોત્સાહિત કરો - વાંચન, સંગીત, બાગકામ, કંઈક નવું રાંધવાનું શીખવું, સંગીત સાંભળવું, કંઈક નવું શીખવું વગેરે.

• સમાન પરિસ્થિતિમાંથી પસાર થઈ રહેલા અન્ય દર્દીઓ / લોકો સાથે વાતચીત કરવા પ્રોત્સાહિત કરો.

• નિયમિતપણે ફોન અથવા કોમ્પુટર દ્વારા તમારી દેખરેખ નીચે રહેલા દર્દીઓ સાથે વાતચીત કરો અને તેમની સમસ્યા ઉપર ચર્ચા કરો.

૫. લાંછનનો ભય (Stigma)

દર્દીઓ સમુદાય તરફથી કલંકનો અથવા તિરસ્કારપૂર્ણ વ્યવહારનો સામનો કરી શકે છે.

ઉપાય:

વ્યક્તિ પોતે શું કરી શકે? :

• લોકોની દરેક વાતને ધ્યાનમાં ન લેવી.

• સમજી શકે એવી વ્યક્તિને તમે ચેપથી બચવા ને ચેપને ફેલાતો અટકાવવા શું પગલાંઓ ભરી રહ્યા છો એ સમજાવી શકો.

આરોગ્ય સંભાળ પ્રદાતા શું કરી શકે?

• ફરીથી, ક્વોરૅન્ટીન કરવા માટેનું તર્ક સમજાવો.

• જાહેર શિક્ષણ.

• 'ક્વોરૅન્ટીન અન્ય લોકોને સુરક્ષિત રાખવામાં મદદ કરે છે, ખાસ કરીને એ લોકોને જેમને પહેલાથી કોઈ શારીરિક તકલીફ હોય અથવા જેમની રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય' -આ સંદેશનો વ્યાપક પ્રસાર કરવો.

• ક્વોરૅન્ટીન કરાયેલ દર્દીઓ સાથે વાત કરો કે આરોગ્ય અધિકારીઓ તેમના ખૂબ આભારી છે.

૬. નાણાંકીય

કામમાં ઘટાડો થવાથી પગારની ખોટ, નોકરીની ખોટ વગેરે થઈ શકે છે.

ઉપાયઃ

વ્યક્તિ પોતે શું કરી શકે? :

• તમારાં બચત અને ખર્ચનું સંતુલન જાળવો.

• ઘરે રહીને થઈ શકતું કામ કરવાની કોશિશ કરો.

આરોગ્ય સંભાળ પ્રદાતા શું કરી શકે?

કોઈ સામાજિક કાર્યકર અથવા યોગ્ય સરકારી એજન્સી સાથે સંકલન કરવું.

કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલા વિવિધ કાર્યક્રમો વિશે ખાસ કરીને કોવીડ-૧૯ને અનુસરીને જાગૃત થવું

૭. પુરવઠાની ઉપલબ્ધતા

દૈનિક પુરવઠો મેળવવામાં અસમર્થતા ચિંતા તરફ દોરી શકે છે.

ઉપાયઃ

વ્યક્તિ પોતે શું કરી શકે? :

• જીવન જરૂરી સામાન ક્યાંથી મળી રહેશે એની જાણકારી રાખવી.

• લોકડાઉન હોવા છતાં, સરકાર દ્વારા ખાદ્યપદાર્થો અને અન્ય જીવન જરૂરી વસ્તુઓની નિશ્ચિત સમયે ખરીદી કરવાની પરવાનગી આપેલી છે. એક સાથે વસ્તુઓ સંઘરવાને બદલે, નિયમિતપણે જરૂર મુજબ ખરીદી કરવી.

આરોગ્ય સંભાળ પ્રદાતા શું કરી શકે?

• સામાજિક કાર્યકર અથવા યોગ્ય સરકારી એજન્સીની સહાયથી - પુરવઠાની જોગવાઈ માટે સંકલન અગાઉથી થવું જોઈએ.

• ખાતરી કરો કે દર્દીઓ પાસે તેમની મૂળભૂત જરૂરિયાતો માટે પૂરતો પુરવઠો છે.

ક્વોરેન્ટીન એ એક વ્યક્તિ માટે કપરો સમય છે અને આ વાત આરોગ્ય સંભાળ પ્રદાતાઓ અને સરકાર સમજી શકે છે. તેઓ લોકોને મદદ કરવા માટે તત્પર છે. જોકે, ઉપર દર્શાવેલી કેટલીક સરળ અને અસરકારક ક્રિયાઓ છે જે તમે એક વ્યક્તિ તરીકે અને આરોગ્ય સંભાળ પ્રદાતા તરીકે કરી શકો છો અથવા બીજાને કરવા પ્રોત્સાહિત કરી શકો છો. ક્વોરેન્ટીન અને સામાજિક અંતર પાછળના તર્ક સમજાવો. વિશ્વસનીય સ્રોતો દ્વારા માહિતી મેળવવાને પ્રોત્સાહન આપો. કયાં લક્ષણો ઉપર નજર રાખવી અને કયાં લક્ષણોની ચિંતા ન કરવી તે દર્દીઓને જણાવો. લોકોને વર્ચ્યુઅલ માધ્યમો દ્વારા એકબીજા સાથે સંપર્કમાં રહેવા પ્રોત્સાહિત કરો. જો કોઈને લાંછન લાગવાની ચિંતા હોય તો એમની સાથે વિગતવાર ચર્ચા કરો. છેવટે, જો તમને કોઈ માનસિક સમસ્યા જેવી કે, વધારે પડતી ચિંતા, ઉદાસી, વ્યસનનું વધી જવું, ઊંઘ ના આવવી, રડવું આવવું- થતી હોય તો મનોચિકિત્સકને સંપર્ક કરો.

❑❑❑



પાનપુરાણ

☐ હર્ષદ ત્રિવેદી

પાનની સ્વતંત્ર દુકાન હોય એવી કલ્પના એ વખતે અમને નહોતી. અમારા ગામમાં દુકાનો તો ગણીને ચાર. પણ પાન તો એક જ ઠેકાણે મળે. પેમ્ભાની દુકાને. મૂળ નામ પ્રેમશંકર, પણ ઉંમરને કારણે ગામ આખું પેમ્ભા કહે. પેમ્ભા આમ તો, પરચૂરણ કહેવાય એવુંયે બીજું ઘણું રાખતા. છતાં એમનો મુખ્ય કારોબાર પાન અને દેશી તમાકુનો. સુરેન્દ્રનગરથી તમાકુના મોટા મોટા પડા લાવે. તાસક જેવડી લોખંડની ગોળ ચોકીમાં એની ઝીણી ઝીણી પત્તીઓ કરીને એકાદ બે દિવસ તડકામાં તપવે. તમાકુ એકદમ ખરી થઈ જાય પછી એની બીડીઓ જાતે વાળે. મોટી કાતરથી, ખાખરાનાં ભીંજવેલાં, અધસૂકાં પાનની ત્રણેક ઇંચ લાંબી, એકસરખી પટ્ટીઓ કાતરે. ચોકી ખોળામાં લઈને બેસે. આંગળીની સમાંતરે આડી પકડેલી પટ્ટીમાં તમાકુની ચપટી પાથરે. પછી એનું ત્રાંસું ત્રાંસું ભૂંગળું વાળે. બાજુમાં જ લાલ રંગના દોરાનો દડો પડ્યો હોય, એનો છેડો

પકડીને દોરો વીંટાળે. આંગળી અને અંગુઠાથી વળ ચડાવે. ચોકીમાં પડેલી દીવાસળીથી તમાકુને, બંદૂકમાં જામગરી ભરતા હોય એમ ભરે, અંદર પોલું રહી ન જાય એમ દબાવે. પછી, આગળના છેડાઓને દીવાસળીથી જ વાળી વાળીને અંદર પેક કરી દે એટલે શરણાઈ જેવી બીડી તૈયાર. શરણાઈમાં સામી ફૂંક દેવાની. સાંભળનાર અને વગાડનાર બંને રાજી થાય. બીડીનું એથી ઊંધું. ફૂંકને અંદર ખેંચવાની. ખેંચનારો રાજી થાય ને જોનારો દાઝે! આવી પચીસ બીડી થાય એટલે એની ઝૂડી વાળે! ગામમાં પેમ્ભાના હાથની બીડી સિવાયનું ખાસ ચલણ નહીં. કો'ક કો'ક દરબારો મૂડમાં હોય ત્યારે કેવેન્ડર કે તાજ છાપ પીએ. બંનેમાં ફેર કેટલો? તો કહે, પેમ્ભાની એક આખી ઝૂડી, પચીસ પૈસામાં જાય ને આ સિગારેટ એકલી પચીસ પૈસાના વટદાર ધુમાડા કાઢે!

સવારે અમે નિશાળે જતા હોઈએ ત્યારે, પેમ્ભા દુકાનના ઓટલે બેઠા બેઠા પિત્તળની નાની એવી ખાયણીમાં ટીંગ ટીંગ અવાજે કાથો ખાંડતા હોય. નિશાળ ભૂલીને હું આ જોવા ઊભો રહી જાઉં. ખાંડેલા કાથાને છાપા ઉપર ઝીણા આંકે ચાળે. ઢાંકણામાં છિદ્રોવાળું જર્મનસિલ્વરનું લાંબું ભૂંગળું કોરા કાથાની રાહ જોતું પડ્યું હોય. એ ભરીને બાજુ પર મૂકે. વધેલો કાથો સિરેમિકની નાની એવી બરણીમાં ભરીને ધીરે ધીરે પાણી નાંખતા જાય ને શંકુદ્રુમના લઘુરૂપ જેવી લાકડાની દાંડીથી હલાવતા જાય. બધું બરાબર લાગે એટલે દાંડીને અંદર જ રહેવા દઈને ઢાંકણું અધખુલ્લું ઢાંકે ને એની જગ્યાએ મૂકી દે. આ દરમિયાન બીજી બરણીમાં ચૂનો પલળી ગયો હોય. એનું ઉપરનું પાણી કાઢી નાખે અને બીજું ઉમેરે. એમાં બૂથડ હથિયારના આકારની નાની એવી લાકડાની દાંડી પડી હોય. કપૂરી પાન ડીંટિયાં પ્રમાણે, ચાઈનીઝ પંખાની ભાતે, શણના કોથળામાંથી કાપેલા મોટા કકડામાં ગોઠવે અને ચારેય બાજુથી ઢાંકી દે. ટ્રેમાં મૂકે અને પાણીનો છંટકાવ કરે. આટલું કરે ત્યાં સુધી એમના હોઠ સતત લાંબાટૂંકા થતા રહ્યા હોય. કદાચ હોઠને સ્થિર કરવા, પટ્ટ દઈ લાઈટર ચાલુ કરે અને પોતે જ વાળેલી બીડી સળગાવે. થોડીવારમાં પેમ્ભાનો ઢીંચણ પર ગોઠવાયેલો ચહેરો ધુમાડાની સેર વાટે અદશ્ય થતો જાય ને એમની હયાતી રૂપે બીડીનું અંગારટોપકું એકલું એકલું ફૂંકે ફૂંકે ઝગ્યા કરે.

નાના હતા ત્યારથી જ અમને પાનનું ગજબ આકર્ષણ. ઘર ઘર રમતા ત્યારેય પીંપરનાં કૂણાં પાનમાં મીઠું-મરચું અને ખાંડની ચપટી નાખીને ખાતા. અમને બેય ભાઈઓને વરસના વચલા દિવસે પાન ખાવાની છૂટ મળે. જઈને કહીએ: 'બે પાંદ બનાવો!' પેમ્ભાનો પહેલો સવાલ: 'કાવડિયા લાઈવા સો?'

અમે હાથમાંની આઠ આની બતાવીએ એટલે એ પેલું શણિયું ખોલે ને વચ્ચેથી બે કપૂરી પાન કાઢે. બે છેડા ભેગા કરીને કાતરથી ડીંટિયાં કાપે. અવળાં પાનમાં ચૂનાનું તો અમથું ટપકું જ કરે. પછી કાથાની દાંડી હળવે હાથે ફેરવે. અચાનક જ ઝડપ પકડે અને રતુંબડાં ફીણ ચડાવે. સૌથી પહેલા ધાણાની દાળ એ પછી વરિયાળી મૂકે. પછી ઉપાડે મોટો સૂડો. સૂડાનો નીચેનો છેડો પગના અંગૂઠામાં દબાવે. હાથમાં રાખે સોપારી ને પછી કચરક કચરક કાતરે. બેય પાનમાં થોડી થોડી ભભરાવે. અમને આ બધાંમાં ઓછો રસ. એમ થાય કે ક્યારે લાલ, લીલી ફૂટી નાખે? પણ એ તો ફૂટી પહેલાં થોડુંક થોડુંક ગુલકંદ ટપકાવે. લવલી મસાલાની એકેકી છાંટ મારે એ પછી મૂકે ફૂટીના બે-ત્રણ ટુકડા! સમોસાની જેમ પડીકું વાળીને બે આંગળી વચ્ચે દબાવેલું ચમકીલું પાન આપે. પાન મોઢામાં મૂકીએ એ પહેલાં જ મોંમાં રસના ઘૂંટડા છૂટે. પછી તો વગર બોલ્યે જ કોનું પાન લાંબું ચાલે છે એની સ્પર્ધા શરૂ થાય. આપણે તો ગલોફામાં દબાવ્યું એ દબાવ્યું! ધીમે ધીમે એનો રસ ઉતારવાનો. જઈને અરીસામાં જોવાનું. કોનું મોઢું વધારે લાલ થયું? ગાલમાં રસોળી થઈ હોય એમ બે કલાક સુધી પાન દબાવી રાખીએ. છેલ્લે તો એમાં કશો રસકસ રહ્યો ન હોય. એ પછી શરૂ થાય ચર્વણા. આ અમારા પાનપુરાણની નાંદી!

શહેરમાં આવ્યા ત્યાં સુધી પાન એટલે ફક્ત કપૂરી પાન. બીજી કશી ગતાગમ નહીં. એટલી જ ખબર કે પૂજામાં વાપરવાનાં હોય એ પાનનાં ડીંટિયાં તોડવાનાં નહીં અને ખાવાનાં પાનમાં ડીંટિયાં રાખવાનાં નહીં. એક વાર અમારા ડ્રોઈંગ ટીચર શુક્લસાહેબે ચિઠ્ઠીમાં લખી આપીને દીપુભાની દુકાનેથી મારી પાસે પાન મગાવેલું. એમાં લખેલો ‘બંગલો’ ત્યારે સમજાયો નહોતો. પાનવાળાને ત્યાં બંગલો ક્યાંથી મળે? ને મળે તોય લાવવો કેવી રીતે? પછી સમજાયું કે આ તો પાનનો એક પ્રકાર છે. પછી તો બીજાં અનેક પ્રકારનાં પાનનો પરિચય થયો. સુરેન્દ્રનગરમાં નટરાજ પાન હાઉસનું ઉદ્‌ઘાટન થયું ત્યારે, નટુભાઈએ આખો દિવસ બધાને મફત પાન ખવરાવેલાં. ક્યારેય ન જોઈ હોય એવી બધી રંગરંગીન વસ્તુઓ સ્પેશ્યલ પાનમાં આવે. ખાસ પાન આવતું ‘લેડિઝ સ્પેશ્યલ’. સુહાગરાતે પત્નીને ખવરાવવા વરરાજાઓ લઈ જાય. એમાં બેએક કલાક જમાવેલું, કલકત્તી મીઠું પત્તું લેવાય. આ પાનમાં સોપારીના ટુકડા ન હોય. ધાણાદાળ, વરિયાળી ઉપરાંત મીનાક્ષી ચટણી, હીરામોતીનો મસાલો, ચાંદીચમકવાળા મુસ્કિદાણા, ખારેકના ટુકડા, ટોપરાનું લીલુંપીળું છીણ, ચેરીના લાલ કટકા, ભરપૂર માત્રામાં ગુલકંદ, કેસરનો ભાસ કરાવતી સળીસોપારી,

ફૂટીના બે ટુકડા અને છેલ્લી બાકીની ઇલાયચી. નાના સરખા લાડવા જેવડું, આખું પાન તો કોઈ નાજુક નમણી રમણી શી રીતે મોંમાં મૂકી શકે? એને ખાવા-ખવરાવવાની કેવી કેવી રીતો હોઈ શકે એની રમણીય કલ્પના કરીને રહી જતા.

પછી અમે કપૂરી પાનને તિલાંજલિ આપી ને બંગલે ચડ્યા. આખો દિવસ બકરાની જેમ પાન ચાવ્યા કરીએ. બંગલો પ્રમાણમાં તીખું અને એ વખતે આપણી તીખાશેય ઓછી નહીં તે ઠીક મેળ જામતો. એક વાર ડોલર ગઢવી કહે કે 'અલ્યા! આ તમ્યે ખાવ સો ઈ તો લેડિઝ પાન કે'વાય. તમાકુ વિનાનું પાન મરદ નો ખાય!' એમ કરીને તાંબૂલમહિમાનો એક દોહો કહ્યો. સાંજે નટુભાઈને કીધું કે – 'આપડા પાનમાં થોડીક તમાકુય નાખજો!' નટુભાઈ મારી સામે જોઈને મર્માળુ હસ્યા. 'કઈ તમાકુ નાખું?' ડોલર કહે કે જાફરાની તુફાન ઠબકારો!' પહેલેથી જ રસના ઘૂંટડા ઉતારવાની ટેવ એટલે બીજી કે ત્રીજી મિનિટે અમને વગર તપશ્ચર્યાએ નટવરનાં વિશ્વરૂપ દર્શન થવા શરૂ થયા. જગત આખું ચકડોળે ચડ્યું. હાથ-પગમાં ધ્રુજારીએ ઘેરો ઘાલ્યો ને વધારામાં 'હઓક હો... હઓક હો...' કરતાં અળદાવો ને પીતપાપડો બધુંય બહાર! એ પછી, દુનિયાની બધી તમાકુને પચાવવાનું હોજરીએ પણ લીધું!

બીજી કોઈ દિશામાં વિકાસ થાય કે ન થાય પણ પાનની બાબતે અમે પ્રગતિશીલ હતા. એક વાર જશુભાઈ કિમામવાળાને બનારસી પાન ખાતા જોયા. શું મસ્તીથી પાન બનાવે! જમીને હિંચકે બેસે. બે-ચાર નાના મોટા ઓડકાર ખાય. છેલ્લે મોઢામાંથી ખાલી ખાલી હવા કાઢે અને બાજુમાં પડેલી પાનપેટીને હળવે રહીને ખોળે લે. ઉઘાડીને ટ્રેનું ટોપકું પકડીને ઢીંચણ પાસે મૂકે. અંદરથી પાકુંપીળું બનારસી કાઢે. નાની એવી કાતરથી ડીંટિયું ને આગળની અણી કાપે. પહેલી આંગળીએથી લાંબા લસરકે ચૂનો ચોપડે. પાન હાથમાં જ હોય ને હંસાબહેનની દાળના વખાણ કરે. આપણને થાય કે ભૈસાબ હવે આ પાનનું તો કંઈક આગળ કરો! બીજી નાની એવી નકશીદાર ડબ્બીમાંથી રંગોળીમાં રંગ પૂરતા હોય એમ કાથો ભભરાવે. પછી ખરી કમાલ થાય. શરૂઆતમાં સામાન્ય પીળો, પછી કેશરિયો અને ધીરે ધીરે કરતાં લાલ અને છેલ્લે તો ઘેરા મરૂનમાં પલટાતો રંગ આખા પાનમાં પ્રસરી જાય. ફરી એ જ ચૂનાવાળી આંગળી આખા પાન ઉપર ફરી વળે ને જશુભાઈ આંખો મીંચી જાય. અરધીક મિનિટે જાગ્રતિ આણે અને પોતાની જ પ્રોડક્ટ એવી કાશ્મીરી કિમામનો લસરકો કરે. તમાકુની નાની એવી ચપટી ભરે. ચાર આંગળી અને

અંગૂઠાથી કૃષ્ણાર્પણ કરતા હોય એમ પાન ઉપર પધરાવે. સૂડી લઈને સોપારી સીધી પાનમાં જ કાતરે. મસ્ત મજાનું પડીકું વાળે ને જમણી બાજુના ગલોફે ગોઠવે. આપણને થાય : હાશ! ધીમી ગતિના સમાચાર પૂરા થયા!

અમદાવાદે અમને કલકત્તી પાન ખાતાં શીખવાડ્યું. ઠેકાણાં પણ નક્કી. લાલ દરવાજા પાસે હોઈએ તો રૂપાલી સિનેમાની બગલમાં હમીદભાઈને લાભ આપવાનો. 'ચેતના'માં જમવા ગયા હોઈએ તો બાજુમાં જ ચેતના પાન હાઉસ. ગાંધી રોડ પર ચોપડિયું ખોળવા ગયા તો મોડેલ સિનેમા પાસે નામ વિનાની બેઠા ઘાટની દુકાન. નદી પાર, બુધસભા પછી હે નટરાજ...! અને પરિષદમાં કાર્યક્રમ પહેલાં અને પછી કિશોરનું પાન. કિશોરને ત્યાં પાન ખાવાનો એક ફાયદો, પૈસા રમેશ ર. દવે ચૂકવે ને આપણે તો 'પાન ખાયે સૈંયા હમારો..' એ ગીત ગાવાનું! એક પણ શર્ટ કે ઝભ્ભો એવો નહીં, જેણે આ તાંબૂલરસ ચાખ્યો ન હોય! એમ કહોને કે પાનની આદત જ પડી ગઈ. ખુશ થયા તો પાન. મૂડ ખરાબ તો પાન. મિત્રો મળ્યા તો પાન. આ પાને અમારી ચાર દાયકાની ઘણી લીલીસૂકી જોઈ. પાનપાન કરી મેલ્યા! પછી તો જાતભાતનાં ને ગામેગામનાં પાન ખાધાં કર્યાં. દેશી, ફાફડો, મઘઈ, માંડવાથી લઈને ઘરની નાગરવેલ સુધીનાં પાન. ઊંટ મેલે આકડો ને બકરી મેલે કાંકરો એમાં ઉમેરાયું બંદા મેલે ભાંગરો!

નાનપણમાં વેકેશનમાં અમદાવાદ આવ્યા હોઈએ ત્યારે ધનાસુથારની પડી પોળની હવેલીએ જતા, મુખિયાજી અમને બીડી આપે. ભગવાનને ધરાવેલાં પાનને બીડી કહે. એકદમ સાત્ત્વિક. એમાં લવિંગ, એલચી અને તજનો મહિમા. ઠાકોરજીનું બાળસ્વરૂપ એટલું દૂર કે પાઘ અને વાઘા સિવાયનું ઓછું દેખાય. એક વડીલ દૂરબીન લઈને આવતા ને દર્શન કરતા. ક્યારેક અમને પણ જોવા આપે. ત્યારે અમે બીજું કંઈ નહીં, પણ ભગવાનના હોઠ લાલ છે કે નહીં એટલું જ જોતા! ગીલોરી વળી જુદું પાન. હિન્દી ફિલ્મોમાં કોઠા ઉપર આવનારા અને તવાયફોનાં મોંએ આ નામ સાંભળેલું. અદાકારો અભિનય કરતા હશે કે સાચે જ ગીલોરીમાં એવાં કોઈ તત્ત્વો આવતાં હશે એની ખબર નથી, પણ એમની ઝૂમતી મદીલી આંખોમાં પાનનો જે નશો દેખાતો! ક્યા બાત હૈ!

મોરબીમાં પાનની એક દુકાન. યુવક મહોત્સવમાં ભાગ લેવા અને સાચું કહું તો ઈનામ લેવા ગયેલા ત્યારે ત્યાંનું પાન ખાધેલું. નામ એનું 'ભૂતતાંબૂલ'. તમે દુકાને જાવ તો બધું જ ફર્નિચર એકદમ કાળા રંગનું. બંને બાજુ આદમકદનાં હાડપિંજર લટકે. હાડકાંના હાથપગ હવામાં ઝોલાં ખાય. કાઉન્ટર ઉપર એક

બધા સાબૂત દાંતવાળી માનવ ખોપરી. એમાં ગોઠવેલો લાલ રંગનો બલ્બ આંખો વાટે રોશની ફેંકે. સામેના કાળા કાચના કબાટે અલગ અલગ જગ્યાએ હાથનાં, પગનાં, પાંસળીનાં અને બીજાં અનેક જાતનાં હાડકાં લટકે. થડે બેઠેલો જણ પણ લગભગ જલ્લાદ જેવો જ લાગે. ઘોઘર અવાજે પૂછે: 'કેવું પાન ખાશો?' એક ક્ષણ ભૂલી જઈએ કે આપણે કેવું પાન ખાઈએ છીએ! ઓર્ડર આપ્યા પછી ઓછામાં ઓછી પા કલાક થાય. પાન જામે નહીં ત્યાં સુધી તમારો છુટકારો ન થાય. પાછો પોતે જ કહે: 'ઉતાંબળ હોય તો આંયાં આબ્બું જ નંઈ...'

દિલ્હીમાં લાલકિલ્લા સામે વડના ઝાડ નીચે એક પંડિતજી ખૂમચો લઈને બેસતા. હવે કદાચ નથી રહ્યા. એક વાર એમને ત્યાં પાન ખાધું ને જે મજા આવી છે! આટલું પ્રમાણસર પાન બનાવવામાં બહુ ઓછા લોકોનો હાથ બેઠેલો હોય. ત્રણેક વર્ષ પછી પાછા દિલ્હી જવાનું થયું. પંડિતજીનું પાન ખાધા વગર તો કેમ અવાય? જઈને હજી તો શરૂ જ કરું છું: 'એક પાન લગાઈએ કલકત્તી... ઔર...' પંડિતજીના મોંમાં પણ જામેલું પાન હતું. એમણે હાથ લાંબો કરીને બોલતો જ બંધ કરી દીધો! મસ્તીથી પાન બનાવ્યું ને સીધું જ મારા મોંમાં મૂકી દીધું. અહાહા! એમ માનોને ઈશ્વરનો સાક્ષાત્કાર જ થઈ ગયો! પૈસા પાછા આપતાં આપતાં પંડિતજી આજેય જાણે પૂછે છે: 'ઠીક તો હય ન?' અત્યારેય એ પાનની સુગંધ અનુભવી શકું છું. બનારસ અને કલકત્તા જેટલા દિવસ રહ્યો એટલા દિવસ નિત્યનો પાનોત્સવ! એક દુકાને તો રૂપિયા પાંચથી માંડીને પાંચ હજારનું એક પાન મળે! જેવું જેનું ગજવું અને જેવું જેનું ગજું! બીજા, ગલીએ ગલીના પાનવાળા અને એમની રીતભાતની વાત કરવામાં શું છે કે સમય બહુ જાય અને આમ પણ, જે સમય ગયો તે તો ગયો જ. જાણે તો જાણે ફક્ત ગંગા અને હુગલીનાં વહેતાં નીર...


પાન તો ઘણા ખાતા હોય છે, પણ પાન ખાતા ઘણા ઓછાને આવડે! સાંભળ્યું છે કે ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન, ડો. ઝાકીરહુસેન, બડે ગુલામઅલીખાંસાહેબ, વી. શાંતારામ, બેગમ અખ્તર, ગિરિજાદેવી, ગુલામઅલી, પંડિત ભીમસેન જોષી, સચિનદેવ બર્મન, રાજ મેઘરાજજી, સોનેટવીર બ.ક.ઠા., રુસ્વા મઝલૂમી અને 'શૂન્ય'સાહેબ વગેરે પાનના જબ્બર શોખીન હતાં. દરેકનાં પાન ખાસ પ્રકારે બને અને અમુક વ્યક્તિ જ બનાવે. આપણે તો જોયા છે, રમણલાલ જોશીને પાન ખાતાં. જોયા છે ડો. નામવર સિંહને પાન ખાતાં. જોયા છે. ડો. હસુભાઈ યાજ્ઞિકને જાતે પાન બનાવીને ખાતાં અને એમની પાસેથી તો અનેકવાર પાનપ્રસાદ પણ પામ્યા છીએ. નામવર સિંહને જેટલી વાર મળ્યો છું એટલી

વાર ખિસ્સામાં પાન લીધા વિના નથી ગયો. આખું પાન ન ખાય. બે હાથથી ટુકડા કરે ને ટુકડે ટુકડે ખાય. મોંમાં મૂકે ને ચમકદાર ખુશી એમની આંખે છલકે. પછી, પુરાની શરાબ જેવું ભાષણ આપે. ધીમે ધીમે કરતાં વાતને એક રળિયામણી અણિયાળી ટોચે પહોંચાડે! એ પછી મોરારિબાપુના પ્રતાપે આગળ બેસીને દેશ-વિદેશમાં, ભારતના અનેક દિગ્ગજ કલાકારોને પાન ખાતાં ખાતાં આલાપ-તાન અને મુરકીઓ લેતા જોવા-સાંભળવાનો હનુમંત અવસર પ્રાપ્ત થયો છે.

નાગરો પાનના ખરા આશિક. હિંચકા અને પાનપેટીં ઉપર એમનો દમાંમ ચાલે. પાનના છાંટે છાંટે જેટલાં અનુસ્વાર પડે એ બધાં જ એમની ભાષામાં ગોઠવાઈ જાય. એક હતા પુષ્પેન્દ્રભાઈ. રવિવારે સવારે ચૂનો ગુલાબજળમાં પલાળે, મંગળવારે ઝીણા લૂગડે ગાળે, ફરી પલાળે. આ એકની એક પ્રક્રિયા બુધ, ગુરુ, શુક્ર અને શનિ સુધી ચાલે. બીજા રવિવારે તો ગુલાબની સુગંધ લઈને ચૂનો માખણદેહ ધારણ કરે. કહે છે કે આ કેળવાયેલો ચૂનો બાળકને ખવરાવો તોય મોંમાં ટાંકી ન પાડે! અને, બીજા રવિવારે તો પાછો નવો ચૂનો સંસ્કાર પામવા તૈયાર જ હોય!

થોડા વખત પહેલાં જૂનાગઢ જવાનું થયેલું. નિષ્ઠા દેસાઈનો એવો આગ્રહ કે એમને ઘેર જમ્યા વિના અમદાવાદ ન જવું. અદ્‌ભુત પ્રકારે ભોજન કર્યા પછી, એ બહેને અચાનક જ ચમત્કાર કર્યો. અમારી નજર સામે એમની નર્તક અંગુલીએ પાન બનાવ્યાં ને પ્રેમથી ખવરાવ્યાં. અમે તો આભા જ બની ગયા. છેલ્લે નાનુંસરખું વાક્ય બોલ્યાં : 'તમારી પાનપ્રીતિ હું જાણું છું!' હજીયે ક્યાંક ક્યાંક પાન બનાવવાવાળા ટકી-અટકી રહ્યા છે. પણ, એકંદરે પાનનો મહિમા ઓછો થઈ ગયો છે. પાનની દુકાનો સમેટાઈને ગલ્લામાં પરિવર્તિત થઈ ગઈ છે. ગલ્લામાંય હવે પાન નથી મળતાં. બધે માવા-મસાલાનું સામ્રાજ્ય છે. મસાલોય હવે પાનવાળો ચોળીને નથી આપતો. ફાઈબરનાં બમ્પવાળાં બોર્ડ આવી ગયાં છે. એના ઉપર માવાને ગરમી પકડે ત્યાં લગી ઘસવાનો. 'પાર્સલ'માં ચૂનાની પડીકી જુદી આવે. ઝીણા દાંતે તોડવાથી માંડીને લૂગડાં બગાડવા સુધીની બધી કાહટી તમારે કરવાની. નથી રહ્યાં એ પાન ખાનારા કે નથી રહ્યા એ ખવરાવનારા. કોઈ ગલ્લે જઈને પૂછું છું પાન મળશે? તો એ દુનિયાની કોઈ અજાયબી જોતો હોય એમ મારી સામે જોઈ રહે છે. અશોક પાન હાઉસ, લાલસોટ પાન હાઉસ કે અમુક પંડિતજીઓ હજીયે પાનને વળગી રહ્યા છે. બાકી તો ચારેકોર ગુટકાનું સામ્રાજ્ય જામ્યું છે. બોલો જુબાં કેસરી...!

❑❑❑



પેન્શન કેસ

□ પૂજન જાની

''**સર**, હમણાં તમે જે પોર્ટફોલિયો પટ્ટાવાળા સાથે મૂક્યો એમાં એક કેસ ઓછો આવ્યો છે.'' મિસ પંડ્યા ચેમ્બરમાં આવીને બોલ્યાં.

દર્શન ડેસ્ક પર ફાઈલો સહી કરવામાં વ્યસ્ત હતો. બે-ચાર મિનિટ સુધી એણે જવાબ ન આપ્યો.

''સર.''

દર્શને બાજુમાં રાખેલો પોર્ટફોલિયો હાથ ઉપર લીધો અને મિસ પંડ્યાને

બતાવતાં બોલ્યો, ''આ કેસ.''

''હા.''

દર્શન પાસે આવા પ્રકારના જવાબની અપેક્ષા મિસ પંડ્યાને ન હતી. કઈ રીતે પ્રતિક્રિયા આપવી એ મિસ પંડ્યા નક્કી ન કરી શક્યાં.

''હું ઘરે લઈ જઉં છું.'' આટલું કહીને દર્શને બેલનું બટન દબાવ્યું.

''ડ્રાઈવરને કહેજો ગાડી તૈયાર રાખે.''

મિસ પંડ્યા અસમંજસમાં બહાર નીકળી ગયાં. સર કોઈ દિવસ નિયમ વિરુદ્ધ કામ નથી કરતાં તો આજે શા માટે કેસ ઘરે લઈ જાય છે. પોતાનાથી કોઈ ભૂલ થઈ હશે?

* * *

''એક જ મિનિટ રવિ.'' ગાડી શરૂ થઈ જ હતી કે દર્શને પોતાના ડ્રાઈવરને સૂચના આપી.

''ચેમ્બરમાં કશું ભુલાઈ ગયું છે સર?'' ડ્રાઈવરે બેગનાં ખાનાં ફંફોસી રહેલા દર્શનને જોઈને પૂછ્યું.

થોડી વાર સુધી જવાબ ન મળતાં રવિ ગાડીના દરવાજાનો લોક ખોલીને નીચે ઊતર્યો. ત્યાં જ દર્શને કહ્યું, ''રહેવા દે.''

દર્શનનો જવાબ સાંભળીને ડ્રાઈવરને સહેજ આશ્ચર્ય થયું પણ એ ચૂપ રહ્યો. એ ગાડીમાં બેઠો. ગાડી ફરી ચાલુ કરી.

ઓફિસનું કેમ્પસ જેવું પૂરું થયું કે દર્શનના ચહેરા પરથી કૃત્રિમ સ્મિત ભૂંસાઈ ગયું. કરોડરજ્જુને ઢીલી કરી આરામથી પીઠ ટેકવી. ફોર્મલ શર્ટના ઉપરનાં બે બટન ખોલીને એણે હાશકારો અનુભવ્યો.

પોતાના ખોળામાં પડેલા પેન્શન કેસ તરફ એ જોવા લાગ્યો. પેન્શન કેસ પર લખાયેલા નામને લીધે જ ફાઈલ મોટા પથ્થર જેટલી ભારે લાગતી હતી. પોતાના નામમાં રહેલી સામ્યતાને લીધે દર્શનની ડેસ્ક પર મિસ પંડ્યાએ સહી માટે મૂકેલા પેન્શન કેસને એ ખોલી શક્યો ન હતો. અત્યારે પણ દર્શન ફક્ત પેન્શન કેસનાં પૂંઠાને જોઈ રહ્યો. કદાચ એ જાણતો હતો કે અંદર શું છે. એટલે જ તેની હિંમત ચાલતી ન હતી.

''સાહેબ, આજે કામ સાથે કેમ રાખ્યું?'' ડ્રાઈવરે અંતે પૂછી જ લીધું.

સામેથી જવાબ ન મળ્યો. રવિને આશ્ચર્ય થયું કે ગાડીમાં કોઈ દિવસ ચૂપ ન રહેનારા સાહેબ આજે કેમ સાવ ચૂપ છે? એણે મિરર સેટ કર્યો. દર્શનને જોવાનો પ્રયત્ન કરવા લાગ્યો. દર્શનનાં ખુલ્લાં બટન અને ઢીલા શરીરને જોઈને રવિને કશું સમજાયું નહીં.

''આ તો તમે કોઈ દિવસ કામ ક્વાટર પર લઈ નથી જતા એટલે પૂછ્યું.''

આ વખતે બોલાયેલા શબ્દો દર્શનના કાને પડ્યા.

મિસ પંડ્યાના શબ્દો રવિના મોઢે બોલાયા હોય એવું દર્શનને લાગ્યું. દર્શન માત્ર હસી શક્યો.

ગાડીનો અવાજ સાંભળતાં જ કેતકી બહાર આવી.

''લાવ.'' કેતકીએ દર્શનને બેગ આપવા

માટે કહ્યું.

દર્શનના કાનમાં જાણે કેતકીનો અવાજ પડ્યો ન હોય એમ એ કોઈ પણ જાતની પ્રતિક્રિયા આપ્યા વિના અંદર ચાલ્યો ગયો. કેતકીએ રવિની સામે જોયું. રવિના ચહેરાના ભાવ પરથી કેતકીને જવાબ મળી ગયો.

દર્શન પોતાના રૂમમાં ચાલ્યો ગયો. દરવાજાને ધક્કો માર્યો પણ એ પૂરો બંધ ન થયો. એણે અંતે પેન્શન કેસ ખોલ્યો. પેન્શન કેસમાં ચોટાડાયેલો સંયુક્ત ફોટો જોઈને દર્શનની શંકા સાચી પડી.

દર્શનને સમજાયું નહીં કે પોતાની જાત પર અભિમાન લેવું કે ન લેવું. એનું ગળું સુકાવા લાગ્યું. ફેફસાંમાં ખારી હવા ભરાઈ ગઈ. શ્વાસ લેવા માટે જાણે કે વલખાં મારી રહ્યો હતો તેમ છતાં હવા જાણે એનાથી રિસાઈ ગઈ હતી.

''દર્શન, એવી તો કેવી ક્વેરી છે કે જવાબ આપવાનો પણ સમય નથી. અને આ શું પરસેવે રેબેઝેબ કેમ થઈ ગયો? કાંઈ સિરિયસ તો નથી ને?'' કેતકીના અવાજમાં ઉચાટ હતો.

દર્શન જાણે કે પૂતળું બની ગયો હતો. કેતકીએ એના ખભા પર હળવેકથી હાથ મૂક્યો.

''પાણી પી લે.'' કેતકીએ પાણી આપ્યું.

દર્શને કેતકીના હાથમાં પેન્શન કેસ આપ્યો.

''આ તો પપ્પાનો છે.'' કેતકીથી બોલાઈ જવાયું.

દર્શન આંખ મટકાવ્યા વગર એની સામે જોઈ રહ્યો.

હવે ચૂપ થવાનો કેતકીનો વારો હતો. એ અન્યમનસ્કપણે પાનાં ઉથલાવતી ગઈ. એ દર્શનના ખભા પર હાથ મૂકીને ચાલી ગઈ.

દર્શનને રૂમની હવા ભારે લાગવા લાગી. થોડી વાર રહીને એ બારી પાસે ગયો. બારી ખોલી. તાજી હવા રૂમમાં પ્રવેશી. દર્શનને એ હવા ગમવા લાગી. હવાની દિશામાં એ આગળ વધ્યો. સામેના પાર્કમાં રમતાં બાળકોને જોવા લાગ્યો. બાળકોની વચ્ચે એ પોતાની જાતને શોધતો હતો. ગલીક્રિકેટ રમતાં બાળકોમાં એ વિકેટકીપર હતો. બધા વતીનો થપ્પો કરનાર હતો, વોલીબોલ રમતા કિશોરોમાં એ નેટી હતો અને કોર્ટ વગર બેન્ડમિન્ટન રમતાં બાળકોમાં પોતાના વારાની રાહ જોતો પ્રેક્ષક હતો.

સ્ટ્રીટ લાઈટ્સ ચાલુ થતાં એ ઝબક્યો. અચાનક આવેલા પ્રકાશથી દર્શનની આંખો મીંચાઈ ગઈ.

દર્શને આંખ ખોલવાનો પ્રયત્ન ન કર્યો. પાર્કના વાતાવરણને એ અંદરથી અનુભવવા લાગ્યો. આ વાતાવરણ એને ખૂબ ગમતું પણ જેમ જેમ ઉંમર વધતી ગઈ તેમ તેમ આ વાતાવરણમાંથી ફરજિયાતપણે એણે પપ્પાના ઓફિસેથી આવવાના સમય પહેલાં નીકળી જવું પડતું. ક્યારેક જો એમને વહેલું મોડું થાય અને પોતે પાર્કમાં હોય તો એનું આવી

બનતું. ભણવાથી લઈને નોકરી સુધીનાં લેક્ચર્સ આ પાર્કના લીધે એણે સાંભળ્યાં હતાં. આજે એ વિચારથી ન સમજાતી લાગણીઓ ઘેરી વળી. તેમ છતાં એમના ગુસ્સા પર આજે દર્શનને ગુસ્સો આવતો ન હતો.

એ પોતાના ટેબલ તરફ ગયો. બેગમાંથી પપ્પાની સર્વિસ-બૂક કાઢી. બટાયેલા પીળા પડી ગયેલા કાગળની વાસ દર્શનના નાકમાં ગઈ.

બાજુમાં રાખેલા ગ્લાસમાંથી પાણી પીધું. એકાદ બે ઊંડા શ્વાસ લઈને એણે સર્વિસ-બૂક જોવાની શરૂઆત કરી. ઓળખનાં ચિહ્નમાં બતાવાયેલા ચિહ્નથી દર્શનની આંખની સામે પપ્પાનો ચહેરો દેખાવા લાગ્યો. એ ચહેરો કે જે ભાગ્યે જ હસતો જોવા મળતો.

બાજુમાં રાખેલા પેન્શન કેસની વિગતોને એ સર્વિસ-બૂકથી સરખાવતો ગયો. પેન્શન મંજૂર કરનાર એક અધિકારી તરીકે આજ દિવસ સુધી દર્શને આ રીતે કોઈ પણ કેસને સ્ટડી કર્યો ન હતો પણ આજે તો એ જાણે કે દૂધમાંથી પોરા કાઢવા બેઠો હતો.

પહેલા પગારથી લઈને ઇન્ક્રિમેન્ટની નોંધો પર દર્શનની નજર ફરી ગઈ. પપ્પાના પગારની રકમ જોઈને દર્શન સમજી ગયો કે શા માટે પપ્પા ભણવા માટે સતત ટોક્યા કરતા.

''મારી ઓફિસમાં ઓપરેટરની જગ્યા ખાલી છે. કાલથી જ મારી સાથે ઓફિસે ચાલવાનું છે.'' હું બગીચેથી દબાતા પગે અંદર દાખલ થવા જતો હતો કે પાછળથી પપ્પાનો પડછંદ અવાજ સંભળાયો.

પપ્પાના બ્રહ્માસ્ત્રથી દર્શન મૂઢ થઈ ગયો. એના પગની આગળ લક્ષ્મણ રેખા દોરાઈ ગઈ હોય એમ એના પગ અટકી ગયા.

એ રાત્રે મમ્મી સામે વાતનો વિરોધ કરેલો પણ એને તો જાણે સાક્ષી ભાવ જ માફક આવી ગયો હોય એમ લાગતું હતું.

બીજા દિવસે દર્શનને ફરજિયાત પપ્પાની પાછળ બેસવું પડ્યું. એમની ઓફિસનું એક કોમ્પ્યુટર ફાળવી દેવાયું. બીજા એક્સપર્ટ ઓપરેટર પાસેથી જલ્દીથી શીખી જવા માટે સૂચનાઓ પણ અપાઈ ગઈ.

''ઓફિસનું નામ, ટેબલ નંબર ૮, વિષય, તારીખ, સંદર્ભ વગેરે વગેરે.''

એ અવાજ દર્શનના કાનમાં ગૂંજવા લાગ્યો. એનાથી તરત બાજુમાં જોવાઈ ગયું. ત્યાં કોઈ ન હતું.

શરૂઆતમાં ટાઈપની ઝડપ ઓછી હોવાને લીધે ઓપરેટર તરીકે એને ફક્ત પપ્પાનું કામ કરવાનું રહેતું. એ બોલતા જાય અને દર્શન લખતો જાય. શરૂઆતના દિવસોમાં એ સૌથી વધારે બેકસ્પેસ કીનો ઉપયોગ કરતો. ધીરે ધીરે કામમાં ફાવટ આવતી ગઈ પણ એમાં રસ પડતો ન હતો. એ પછી તો દર્શનને ટેબલ નંબર પાંચવાળા ગઢવી ભાઈનું પણ કામ કરવાની સૂચના મળી.

આ સૂચનાથી હતાશ થયેલા દર્શનને

પોતાનું પ્રતિબિંબ કીબોર્ડની કીમાં દેખાયું. એ જાણે એમાં કેદ થઈ ગયો અને લાખ બૂમો પાડવા છતાં કોઈ સાંભળતું નથી કે સાંભળવા માંગતું નથી એવું એ સ્પષ્ટપણે માનવા લાગ્યો.

અંતે એક સાંજે દર્શન ઓફિસમાંથી પપ્પાની નજર ચૂકવીને નીકળી ગયો. ક્યાં જવાનું છે? શું કરવાનું છે? એ વિચાર્યા વગર ફક્ત શહેરથી દૂર નીકળી જવું છે એ વિચારે ચાલવાનું શરૂ કર્યું. આજે જ્યારે અધિકારી બન્યા પછી એના પગ જમીન સાથેનો સંબંધ ભૂલી ગયા છે ત્યારે એ ત્રણ ચાર દિવસ કેટલાય કિલોમીટર ચાલી ગયો હશે એનું દર્શનને હજુ પણ આશ્ચર્ય છે.

ચોથા દિવસ સુધી તો હૈયામાં હિંમત રહી પણ પછી ઘર યાદ આવવા લાગ્યું. પપ્પાના ગુસ્સાની ચિંતા કર્યા વગર જ દર્શન ઘરે પાછો વળ્યો.

પપ્પા ઘરે આવે એના પહેલાં જ દર્શન ઘરે પહોંચી ગયો. મમ્મીને ભેટીને એની સામે ધરાઈને રડી લીધું. મમ્મી સાથે એ પોતાના રૂમમાં આવ્યો. રડતાં રડતાં એનાં ડૂસકાં ક્યારે શાંત થયાં અને એ ક્યારે ઘસઘસાટ સૂઈ ગયો એ ખબર જ ન પડી. ઊઠ્યા પછી સૌથી પહેલો વિચાર એ આવ્યો કે પપ્પાને મોઢું કેમ બતાવીશ? બારીમાંથી કૂદી જવાનું મન થયું પણ તરત જ એણે પોતાના વિચાર પર કાબૂ મેળવી લીધો.

માંડ માંડ હિંમત એકઠી કરીને દર્શન નીચે આવ્યો. જમવાની થાળી તૈયાર હતી. પૂરા ચાર દિવસ પછી એણે તૈયાર થાળી જોઈ હતી. ચિત્તો જે રીતે પોતાના શિકાર પર તૂટી પડે એ રીતે દર્શન તરત થાળી પર તૂટી પડ્યો. પણ ત્યારે જ પપ્પાનો હુકમ છૂટ્યો, ''અંજલિ, હવે દર્શન થાળીના રૂપિયા જમા કરાવે પછી જ જમવાનું આપવું.''

દર્શન એમની સામે જોઈ રહ્યો.

''આ શું બોલો છો?'' મમ્મીએ બહાર આવીને કહ્યું.

''ચીલાચાલુ ભણ્યો એ ચાલ્યું પણ કમાશે નહીં એ તો નહીં ચાલે.''

એ ઊભો થઈને રૂમમાં ચાલ્યો ગયો. બારી બહારની દુનિયા ફરી એને જાણે પોતાની તરફ આવવા ઇશારા કરી રહી હતી. બારીમાંથી દેખાતા તારાઓની જેમ એને દૂર ચાલ્યા જવાની ઇચ્છા થઈ.

અડધી રાતે દર્શન દબાતાં પગલે બેગ ભરીને નીચે ઊતર્યો. પપ્પાના પાકીટમાં હતા એટલા બધા જ રૂપિયા લઈને એ નીકળી ગયો.

દર્શને રેડ પેનથી રીમાર્ક્સ લખી, ફ્લેગ ચોટાંડી સર્વિસ બૂકનું પાનું ઉથલાવ્યું.

આગળના પાના ઉપર લાલ શાહીથી નોંધ કરેલ હતી. લાલ શાહીના કારણે ધ્યાન ખેચાયું. પાનાં ઉથલાવવાની ઝડપ પર બ્રેક લાગી ગઈ. ઘર બનાવવા માટે, બાઈક લેવા માટે પપ્પાએ એડવાન્સીસ લીધા હતા અને એ છેક નિવૃત્તિનાં બે વર્ષ અગાઉ પૂરા કર્યા હતા.

દર્શનનું ધ્યાન ક્વાટરની બહાર પડેલી ગાડી તરફ ગયું.

નાના ઘરને લઈને પપ્પા ખુશ હતા. પરંતુ આ ઘરને જોઈને દર્શને જે રીતે મોઢું મચકોડ્યું હતું એને એ દિવસ યાદ આવી ગયો. પોતાના નવા ઘરને પોતાના મિત્રોનાં ઘરની સાથે સરખાવવા લાગ્યો. ત્યારે પપ્પા સામે નાના ઘરને લઈને રકઝક કરી હતી. દર્શનને સર્વિસ બૂકમાં પોતાના ઘરનું પ્રતિબિંબ દેખાયું. એ નાનું ઘર અત્યારે ગમવા લાગ્યું હતું. ઘરના દરેક ખૂણા માટે એને પ્રેમ થવા લાગ્યો. પોતાનો ઘર તરફનો પ્રેમ જાણે પપ્પાના ઘર તરફના પ્રેમમાં ભળી જતો હોય એવું દર્શનને લાગ્યું. આ રીતે અચાનક પોતાના બદલાયેલા વલણથી દર્શનને ખુદને આશ્ચર્ય થવા લાગ્યું.

દર્શનના ચહેરા પર સ્મિત પથરાઈ ગયું.

એ હળવેકથી આગળ વધ્યો. બદલી અને બઢતીની નોંધો પર એણે ઊડતી નજર ફેરવી. પપ્પાની બદલીઓના લીધે થયેલા અનુભવો તાજા થઈ ગયા. નવા વાતાવરણમાં સેટ થતાં દર્શનને સમય લાગતો. ત્યાં જ ફરી પાછી બદલી થઈ જતી. એટલે જ દર્શન ટીન એજમાં બેસ્ટ ફ્રેન્ડ બનાવી શક્યો ન હતો.

દર્શનને હવે સમજાયું કે અધિકારી બન્યા પછી બધું જ ભૂલીને ઘરે ગયો હતો. ત્યારે એ ઘરે તાળું લટકતું હતું.

''કમસે કમ જાણ તો કરવી હતી. આડોશ પાડોશમાં જાણ કરી હોત તો બદલીવાળા સ્થળે આવી જાત. હું ક્યાં ભાગ પડાવવા બેઠો છું!'' એ સ્વગત ગુસ્સામાં બબડ્યો હતો. ત્યારે મનોમન ગાંઠ વાળેલી કે હવે આ દિશા તરફ ફરી ક્યારેય ન જોવું. પોતાનો ગુસ્સો સર્વિસ બૂક પર ઊતરતાં એણે પોતાની જાત પર કાબૂ મેળવી લીધો.

દર્શનનું ધ્યાન એલટીસીની નોંધ પર ગયું. એલટીસીના દરેક બ્લોકમાં પપ્પા-મમ્મીને સાથે લઈને ફરવા જતા. એકાદ બે વખત તો દર્શને સાથે આવવાની જીદ પણ કરી હતી ત્યારે જે શબ્દો સાંભળ્યા હતા તે ફરી સંભળાયા.

''આ વખતે જો દર્શન નહીં આવે તો હું પણ નહીં આવું.'' દર્શનને મમ્મીનો અવાજ સંભળાયો.

''દર્શન હવે કાંઈ નાનો કીકલો છે કે મા-બાપ ભેગો ફરે. આમેય એની પરીક્ષાઓ છે. તું આપણાં બેનો સામાન પેક કર.'' પપ્પાના આ હુકમનો પ્રતિકાર મમ્મી ન કરી શકી.

પપ્પાના ખુલાસાથી દર્શનને આ વખતે પણ સંતોષ ન થયો. શા માટે પપ્પા ફરવા નહીં લઈ જતા હોય? મારી હાજરીથી શું એ કંટાળી જતા હશે? મારા માટે ખર્ચો કરવો એમને નહીં ગમતો હોય? દર્શનને એ વખતે પણ આ જ પ્રશ્નો થયા હતા. હજીયે એ નિરુત્તર જ રહ્યા.

એના હાથ ભીના થઈ ગયા. હાથ લૂછીને એણે રેડ પેનથી રીમાર્ક્સ લખ્યા,

ફ્લેગ ચોટાડીને એ આગળ વધ્યો.

દર્શન અને કેતકીએ લગ્ન કર્યાં એ વખતે ઘરે ફોન કરવાના ઘણા જ પ્રયત્ન કરેલા પણ દર વખતે દર્શનનો અવાજ સાંભળવાની સાથે જ પપ્પા રિસીવર સાઈડ પર રાખી દેતા. પપ્પાનો ગુસ્સો મમ્મીને પણ રિસીવરથી દૂર રાખતો. અંતે હારીને કાગળ લખવાનો પ્રયત્ન કરેલો પણ એ કાગળ એમને એમ પાછો આવતો. એ પરત આવેલા કાગળ પરથી દર્શન એમનો ગુસ્સો કળી શક્યો હતો. એ પછી દર્શને પ્રયત્ન કરવાના જ માંડી વાળ્યા હતા. ઘણી વખત એ સ્ટાફના કર્મચારીઓને સ્પીડ ડાયલનો ઉપયોગ કરીને ઘરે વાત કરતાં જોતો ત્યારે પોતાના મોંઘા સ્માર્ટફોન ઉપર ગુસ્સો આવતો.

પછી તો ધીરે ધીરે ઓફિસ અને કેતકી જ દર્શનની દુનિયા બનતાં ગયાં. જોકે કેતકી ઘણી વખત કહેતી કે, ''ઘરે જઈએ. સમય સાથે બધું બદલાઈ જાય છે. તારા શરીરમાં એમનું જ લોહી દોડે છે. એ લોહી ખાતર તારે બધું ભૂલી જવું જોઈએ.'' પણ ત્યારે દર્શનને એ સાંજે બોલાયેલા પપ્પાના શબ્દોનો પડઘો સંભળાતો અને એ કંઈ પણ બોલ્યા વગર કેતકીની સામે જોયા કરતો.

દર્શન આગળ વધ્યો. એમની રજાઓનો હિસાબ કર્યો. મોટાભાગની રજાઓ દર્શનની પરીક્ષાઓના મહિનામાં અને શિયાળાના સમયગાળામાં લીધેલી હતી કે જ્યારે દર્શન બીમાર પડતો. એ સિવાય એક પણ રજાનો ઉલ્લેખ સર્વિસ બૂકમાં ન હતો.

દર્શને ઝડપથીએ પાનું ઉથલાવી નાખ્યું.

વારસદાર અંગેના ફોર્મ પર એ આવીને અટક્યો. ત્રણેક વખત એ ફોર્મમાં સુધારા થયા હોવાનું દર્શને નોંધ્યું. સૌથી પહેલાં દર્શનનાં દાદી-દાદા વારસદાર હતાં. એમનાં મૃત્યુ પછી અંજલિ અને દર્શનનું નામ લખેલું હતું તો અંતિમ નોંધમાં દર્શનનું નામ કમી કરવામાં આવ્યું હતું. બાજુમાં લખેલું કારણ હતું, 'પુત્રનું મૃત્યુ થયું હોવાથી.'

દર્શન ફાટી આંખે જોઈ રહ્યો. બારીમાંથી જાણે હવા આવતી બંધ થઈ ગઈ હોય એવું લાગ્યું. બહાર રમતાં છોકરાઓના અવાજમાં કેટલાક પીઢ અવાજો ભળવા લાગ્યા હતા. દર્શન બારી પાસે ગયો. કલબલાટનું સ્થાન ચીર શાંતિએ લઈ લીધું હતું. સ્ટ્રીટ લાઈટ્સની પાસે બે-ત્રણ પડછાયા દેખાયા. એ સ્થિર પડછાયા સામે કેટલીય વાર સુધી એકીટસે જોઈ રહ્યો.

ફરી પાછો દર્શન ડેસ્ક પાસે આવ્યો. ફોર્મની ડીટેલ્સ વધુ એક વખત ધ્યાનથી વાંચી ગયો. દર્શને એ પાનામાં સૌથી નીચે રેડ પેનથી પ્રશ્નાર્થ ચિહ્ન કર્યું. થોડી વાર રહીને એણે લખ્યું.

''ડેથ સર્ટિફિકેટની ખરાઈ કરાવવી ઘટે.''

દર્શનની આંખમાં ભીનાશ ફરી વળી.

❑❑❑



વિશ્વ-સાહિત્યમાં વાયરસની વાતો

□ હેતલ દોશી

વિષય-પરિચય:

કોરોનાએ ભેટ આપેલ લૉક-ડાઉને તો લગભગ વિશ્વની તાસીર જ બદલી નાખી છે. અત્યાર સુધી વિશ્વ બે ભાગમાં વહેંચાયેલું હતું, Haves (અમીર) અને have-nots (ગરીબ). અત્યારનું સંક્રમિત વિશ્વ જાણે અલગ બે ભાગમાં વહેંચાઈ ગયું છે, infected (ચેપ-ગ્રસ્ટ) અને uninfected (બિનચેપ-ગ્રસ્ટ). વૈશ્વિક મહામારીમાં સૌથી મોટો ખતરો એ માણસોને ગુમાવવાનો નથી હોતો પરંતુ એ આંતરિક ખજાનો ગુમાવવાનો હોય છે જે આપણને માણસ બનાવે છે. લગભગ દુનિયા પર આવી પડેલી દરેક આપત્તિઓનો ચિતાર અને નિરાકરણ જે તે સમયનાં સાહિત્યમાં છુપાયેલ જ હોય છે. પ્રસ્તુત લેખ દ્વારા અંગ્રેજી સાહિત્યની કેટલીક કૃતિઓ કે જે ભયભીત થઈ ગયેલ વિશ્વને નિરૂપે છે એ કૃતિઓનો સંક્ષિપ્તમાં પરિચય આપવાનો પ્રયાસ છે.


ભારતીય સાહિત્યમાં ઘણી મહામારીઓને કારણે આવી પડેલી હાલાકીનો ઉલ્લેખ છે. પ્રેમચંદની ટૂંકી વાર્તા 'ઈદગાહ'માં મુખ્ય પાત્ર હમીદે

કોલેરાને લીધે પાંચ વરસની ઉંમરમાં જ પિતાને ગુમાવવા પડ્યા છે, તો અસ્પૃશ્યતારૂપી રાક્ષસને આલેખતી વાર્તા 'દૂધ કા દમ'માં પ્લેગને કારણે થતાં મૃત્યુની વાત છે. તો ઘણા ખ્યાતનામ લેખકોના જીવનમાં પણ આ મહામારીઓએ ન પુરાય એવી ખોટ પાડી છે. 1918નાં ઇન્ફ્લુએન્ઝાનાં ફેલાવામાં હિંદીના સમર્થ સાહિત્યકાર સૂર્યકાંત ત્રિપાઠી 'નિરાલા'એ પોતાની પત્ની અને દીકરી સાથે લગભગ અર્ધો પરિવાર ગુમાવ્યો હતો.

અહીં એવાં અંગ્રેજી પુસ્તકોની વાત છે જે દુનિયાએ જોયેલા વાયરસ કે મહામારીમાં પણ કાંઈક સારું શીખવી જાય છે. આશા, હકારત્મકતા, સાથ, પ્રદૂષણરહિત-પર્યાવરણ અને પરિવારનો સંપ એ કેવી રીતે social distancingને સહ્ય બનાવે છે એ આ પુસ્તકો દર્શાવે છે. જો નીચેનાં પાંચમાંથી કોઈ એક પુસ્તક પણ આ સમયમાં વાંચવા મળે તો લહાવો લેવા જેવો છે.

The Plague

1947માં ફ્રેંચ અને 1948માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલ આલ્બર્ટ કામુ દ્વારા લેખિત આ નોવેલ ફ્રાંસનાં ઓરાન શહેરમાં ફેલાયેલ પ્લેગની વાર્તા કહે છે. આ નોવેલનું આધારબિંદુ એ ઓરાનમાં 1849માં ફેલાયેલ કૉલેરા અને તેમાં થયેલ હજારો લોકોનું મૃત્યુ છે. ઓરાનમાં એક સાથે હજારો ઉંદરનું




મૃત્યુ થતાં અને એમના જ એપાર્ટમેન્ટમાં રહેતા એક વ્યક્તિનું મૃત્યુ થતાં મુખ્ય પાત્ર ડૉ. બર્નાર્ડ રિડક્ષને પ્લેગની શંકા પડે છે. રિપોર્ટર રેમ્બાર્ટ વાર્તાની શોધમાં શહેરમાં આવે છે. ડોક્ટર બર્નાર્ડ રિડક્ષ તેની પત્ની કે જે બીમાર છે તેને શહેરની બહાર મોકલી દે છે. ઘર સંભાળવા માટે એ પોતાની માતાને બોલાવી લે છે. ઉંદરો મરતાં બંધ થાય છે કેમ કે કદાચ બધા જ ઉંદરો મરી ગયા છે. અને એ પછી લોકો બીમાર પડવાની અને મરવાની ઘટના ચાલુ થાય છે.

તરત જ એવું સાબિત થાય છે કે શહેરમાં ફરી વળેલ આ બીમારી એ બ્યુબોનિક પ્લેગ છે જેણે મધ્યયુગમાં યુરોપમાં કાળો કેર વર્તાવ્યો હતો. સત્તામાં રહેલા લોકો એ સ્વીકારતા નથી.

બર્નાર્ડ રિડક્ષ અને એના જેવા બીજા તબીબો સત્તાધીશોને પગલાં લેવા વિનવે છે. પરંતુ તે લોકો પગલાં લેવાના બદલે શહેરને બાકીની દુનિયાથી કાપી નાખવા ક્વોરેંટાઈન કરી દે છે. રિપોર્ટર રેમ્બર્ટ એની પ્રેમિકાને મળવા પેરિસ ભાગી જવા ઘણા પ્રયત્નો કરે છે પણ દરેક વખતે પોલીસ પકડી પાડે છે. ચર્ચના પાદરી ફાધર પેનેલોક્ષ લોકોને આ તેમના પાપની સજા મળી હોવાનું જણાવે છે. ક્વોરેંટાઈનમાં લોકો વધુ ને વધુ માનસિક બીમારીઓનાં શિકાર બનતા રહે છે. પછી તો એક પછી એક ઘટનાઓમાં કામુએ ડોક્ટર્સ, શરણાર્થીઓ, વેકેશન ગાળવા આવેલા પ્રવાસીઓ દ્વારા માનવીઓની કુદરત સામેની પંગુતા વર્ણવી છે. આ નોવેલના માધ્યમથી કામુએ વિસંગતતાઓથી ભરેલ આ બ્રહ્માંડમાં માનવીય એકતા અને મજબૂત સંકલ્પશક્તિની જરૂરિયાત દર્શાવી છે.

The Stand:


1978માં પ્રસિદ્ધ થયેલ તથા અમેરિકન લેખક સ્ટિફન કિંગ લેખિત આ નોવેલ વિવેચકોની ખૂબ જ પ્રશંસા પામેલ છે. અમેરિકાના સંરક્ષણ વિભાગ દ્વારા ખૂબ જ ચેપી અને ઘાતક એવો ઇંફ્લુએન્ઝા જીવ-વિજ્ઞાનની લેબોરેટરીમાં વિકસિત થઈ રહ્યો છે, એવામાં બાયોલોજિકલ ટેસ્ટિંગમાં એક દર્દી જે નવલકથાનું મુખ્ય પાત્ર સ્ટુ રેડમેન છે તે ત્યાંથી ભાગી જાય છે અને એ થોડાં જ દિવસોમાં વિશ્વની લગભગ 99.4% વસ્તીના નાશનું કારણ બને છે. લેખક સમાજના સર્વનાશને હિંસા, વિરોધ, બળવો, સામૂહિક માનસિક વિકારો અને સત્તાધીશોની નિષ્ફળતા દ્વારા ચીતરે છે. અત્યંત દુઃખદ હાલતમાં બાકી રહેલ 0.6% લોકો પણ પરિવાર અને પ્રેમ ગુમાવવાના આઘાતમાં પાગલ જેવા થઈ જાય છે. એ બાકી રહેલા લોકો પોતાને દિશા આપે એવા મસીહાની શોધમાં છે. એમની પાસે બે વિકલ્પ રહે છે. રેંડેલ ફ્લેગ્ગ એ દુષ્ટ શક્તિનું પ્રતિક છે તો મધર અબાગેઈલ એ ઈશ્વરનાં સંકેત ઝીલતી એક વૃદ્ધ સ્ત્રી છે. હયાત રહી ગયેલી વ્યક્તિઓ આ બન્ને સારા અને નરસા નેતાના અનુયાયીઓમાં વહેંચાઈ જાય છે. બાકીની નવલકથામાં સારા



અને અનિષ્ટ તત્ત્વો વચ્ચે લશ્કરી તાકાત મેળવવા માટે લડાઈ થતી રહે છે.

Station Eleven


જોન મંડેલની 2014 માં પ્રસિદ્ધ થયેલ આ નવલકથા સ્વાઈન-ફ્લૂ મહામારીની દહેશત અને કરુણતા વર્ણવે છે. કિંગ લિયર મંચ પર ભજવનાર કલાકાર આર્થર કે જે રંગમચની દુનિયાનું ખૂબ મોટું નામ છે, તેને હૃદય-રોગનો હુમલો આવે છે. જીવન ચૌધરી કે નાટક દરમિયાન ફોટોગ્રાફર છે અને તેણે પેરા-મેડિકલની તાલીમ લીધેલ છે એટલે એ આર્થરને બચાવવા પ્રયત્ન કરે છે, પણ એ બચી શકતો નથી. જીવન તે જ નાટકની એક બાળ ક્લાકાર ક્રિસ્ટનને ખૂબ જ સંભાળે છે. સાંજે જ્યારે જીવન



ચાલવા નીકળે છે ત્યારે એક દાકતર મિત્રનો ચેતવણી માટે ફોન આવે છે. એના કહેવા મુજબ રહસ્યમય જ્યોર્જિયન ફ્લૂ ફાટી નીકળવાથી આ શહેર છોડી દેવું જોઈએ. જીવનજરૂરી સામાન લઈને એના ભાઈને ત્યાં દૂર રહેવા જતો રહે છે. આર્થરના મૃત્યુની શોક-સભામાં આવેલા બીજા બધા જ કલાકારો, મિત્રો અને ઓળખીતાઓ એ રોગ ફાટી નીકળવાનાં ત્રણ જ અઠવાડિયામાં મરી જાય છે. વીસ વરસ પછી ક્રિસ્ટન જ્યારે Symphony નામના ગ્રુપના કલાકારોના વૃંદમાં પાછી ફરે છે ત્યારે તે આર્થરના મેગેઝિન કટિંગ્સમાં ફોટા જુએ છે અને વરસો પહેલાની દુનિયા કે જે સાદી, સરળ અને સલામત હતી તે યાદ કરે છે. ક્રિસ્ટન આર્થરના મંચ ઉપરના મૃત્યુને, એની વધતી જતી લોકપ્રિયતાને અને એનાં ત્રણ લગ્નોને, આર્થરની ગુમ થઈ ગયેલ મિત્ર વિક્ટોરિયા સાથેના પત્રોને યાદ કરે છે. ક્રિસ્ટનના ગ્રુપના એક પછી એક સદસ્યો ગુમ થવા માંડે છે. એમની શોધમાં ક્રિસ્ટન એક ખૂબ જ ભયજનક સાધુના સંપર્કમાં આવે છે જે બધાનું અપહરણ કરી જાય છે. અનેક રહસ્યો છતાં થાય છે. અંતે, ક્રિસ્ટન અને તેનું ગ્રુપ પેલા સાધુને હરાવે છે અને તેઓને જણાય છે કે તેમનું જીવન એકબીજા સાથે કેટલું વણાયેલું છે. કોઈ સ્ત્રી લેખિકા દ્વારા લખાયેલ આ કદાચ સૌથી શ્રેષ્ઠ હોરર અને ક્રાઈમની નવલકથા છે.

Love in the Time of Cholera:

કોલંબિયન નોબેલ પ્રાઈઝ વિજેતા લેખક ગેબ્રિયલ ગ્રેસિઆ માર્કવેઝની 1985માં પ્રસિદ્ધ થયેલી આ નવલકથાએ તો વિવેચકો અને વાચકો બન્નેનો પ્રેમ મેળવ્યો છે. નવલકથાની શરૂઆત જ ડૉ. જ્યુવેનાઈલ કે જેઓ ખૂબ જ ખ્યાતનામ ડોક્ટર છે અને જેણે કેરિબિયન શહેર માટે ઘણું કર્યું છે, તેમના મૃત્યુથી થાય છે. આ મૃત્યુની અસર બે જણા પર વધુ પડે છે. એક તો ડોક્ટરની વિધવા પત્ની ફરમિના અને બીજો એનો ભૂતકાળનો પ્રેમી ફ્લોરેન્શિનો કે જે ડોક્ટરનાં મૃત્યુની રાહ ઘણા દાયકાઓથી જોતો હતો. ફ્લોરેન્શિનો અને ફરમિનાએ બન્ને તરુણાવસ્થામાં છૂપા પ્રેમ-સંબંધમાં હતાં. આ વાતની જાણ ફરમિનાના પિતાને થતાં એમણે દીકરીને ખૂબ જ ધમકાવી હતી. કોઈ અસર ના થતાં તેઓ દીકરી સાથે પોતાની મૃત પત્નીનાં સગાઓને ત્યાં રહેવા જતા રહ્યા હતા. તાર દ્વારા બન્ને પ્રેમીઓ વાતચીત કરતાં જ રહેતાં હતાં. પણ પાછા ફરતાં ફરમિનાને લાગ્યું હતું કે ફ્લોરેન્શિનો તેને માટે યોગ્ય પાત્ર નથી તેથી એણે સગાઈ તોડી નાખી હતી. પિતાના આગ્રહથી તે કૉલેરાને નાબૂદ કરવાના મિશન સાથે જોડાયેલ ડોક્ટર સાથે લગ્ન કર્યાં હતાં. બીજી તરફ ફરમિનાને પાછી મેળવવા પાગલ થઈ ગયેલ ફ્લોરેન્શિનો રિવર-બૉટ કંપનીમાં નોકરી કરીને અપાર સફળતા મેળવે છે.



ફરમિનાની યાદથી પીછો છોડાવવા તે 622 અફેર કરે છે પણ ફરમિનાને ભૂલી શકતો નથી. ફરમિના અને એના પતિના સંબંધો ખૂબ જ સારા થાય છે. બન્ને એક-બીજાને ખૂબ જ પ્રેમ અને વફાદારીથી જીતી લે છે. પણ ડોક્ટરનું એની કોઈ દર્દી સાથે અફેર થઈ જતાં તે અપરાધ-ભાવથી પીડાય છે. ડોક્ટરના મૃત્યુ બાદ ફરમિના હતાશ થઈ જાય છે. એને ફ્લોરેન્શિનોની પ્રેમ-દરખાસ્તોમાં કોઈ જ રસ પડતો નથી. પણ ફ્લોરેન્શિનોના પત્રો ધીમે ધીમે ફરમિનાનું હૃદય જીતી લે છે. ફ્લોરેન્શિનો એને રિવર-બૉટ ટ્રિપમાં લઈ જવાની દરખાસ્ત મૂકે છે જે ફરમિના સ્વીકારી લે છે.

રિવર-બૉટ ટ્રિપ જ્યારે એના અંતિમ પડાવમાં હતી ત્યારે ફરમિના કેટલાક

જૂના મિત્રોને બોટમાં ચડતાં જુએ છે. એ લોકો એને ના જોઈ જાય એટલા માટે તેઓ કેપ્ટનને કહી અને પીળો ધ્વજ કે જે કોલેરાની ચેતવણી આપતું પ્રતીક છે તે લહેરાવે છે અને આરામથી પછીની ટ્રિપ માણે છે. બન્નેને પાછા ફરવામાં મોત દેખાય છે એટલે કેપ્ટનની મદદથી તેઓ નક્કી કરે છે કે તેઓ કાયમ માટે આમ પ્રવાસ કરતાં રહેશે અને પીળો ધ્વજ એમની સલામતીનો રક્ષક બની રહે છે.

Blindness:

પોર્ટુગિસ લેખક જોશ સારામાગો દ્વારા લખાયેલ અને 1995માં પ્રસિદ્ધ થયેલ આ નવલકથા અસ્પષ્ટ એવા કોઈ રોગચાળાની વાત કહે છે જેમાં લગભગ શહેરનાં તમામ લોકોને અંધાપો આવી જાય છે. શરૂઆતમાં એક વ્યક્તિને અચાનક જ અંધાપો આવી જાય છે. બીજી વ્યક્તિ એને ઘર સુધી લઈ જવામાં મદદ કરે છે. બીજી વ્યક્તિને થાય છે કે એ કાર ચોરીલે કેમ કે પહેલી વ્યક્તિને કાંઈ જ દેખાતું નથી. તે કાર ચોરી અને સંતાડવા જાય છે ત્યાં એ પણ અંધ બની જાય છે. એ પછી તો વ્યક્તિઓનો અંધ બનવાનો સિલસિલો ચાલુ થાય છે. પ્રથમ અંધ વ્યક્તિ આંખોના ડોક્ટરને મળવા જાય છે તો ત્યાં પણ એક પછી એક બધા જ અંધ બની જાય છે. ડોક્ટરને સરકારનાં આરોગ્ય વિભાગ દ્વારા સૂચના મળે છે કે બધાએ ઘર અને દવાખાનું ખાલી



કરી અને સંસર્ગનિષેધ (quarantine) ઇસ્પિતાલમાં રહેવા જવાનું છે. આમાં ડોક્ટરની પત્ની અંધ ન હોવા છતાં જોડાય છે. ત્યાં તેઓ એક પરિવારની જેમ રહે છે તથા આ કપરા સમયમાં એક બીજાનું મનોરંજન કરે છે. સરકારના અચાનક જ સખત થયેલ કાયદાઓથી પરેશાન બધા ત્રસ્ત છે. ક્વોરેંટાઈનમાં હાલત બગડતી જાય છે કેમ કે ખાવા-પીવાનું ખૂટવા માંડે છે અને ગુનાખોરી વધવા માંડે છે. વેપારીઓ કરિયાણાના બદલામાં અભદ્ર માંગણીઓ કરે છે. લગભગ બધા જ ક્વોરેંટાઈન તોડી અને શહેરમાં પાછા ભાગી આવે છે ત્યાં જુવે છે કે એમનાં જૂનાં ઘરોમાં નવા લોકો રહેવા આવી ગયા છે. બધા જ ડોક્ટરના ઘરે રહેવા આવી જાય છે અને ત્યાં એક પરિવારની જેમ રહે છે. અચાનક જ બધાની આંખોની દૃષ્ટિ પાછી આવી જાય છે અને બધા જ આ ક્વોરેંટાઈન સમયમાં શું શું શીખવા મળ્યું એ વિચારે છે અને માનવતા ઉપરનો વિશ્વાસ પાછો મેળવે છે. 1998માં સારાગામોને આ નોવેલ માટે નોબેલ પારિતોષિક એનાયત થયેલ હતું.

સમાપન: વાયરસ અને મહામારીની નોવેલમાં હકારાત્મક અભિગમ:

ઉપર્યુક્ત નવલકથાઓનું વાંચન એ મહામારીનો સામનો તો શીખવે જ છે પરંતુ જીવનના આવા કપરા કાળમાં જ્યારે અંકુશમાં કાંઈ જ હોય નહીં, કમાણીની સમસ્યા હોય, નોકરી ટકશે કે નહીં, વ્યાપાર ફરી એવો જ જામશે કે નહીં એ શંકા હોય, ત્યારે માણસે કઈ રીતે હકારાત્મકતા જાળવવી એની પણ શીખ આપે છે. કામુની નવલકથા The Plagueમાં પાત્ર કહે છે કે, ''તમે આને પ્લેગ કહો છો. હું તો આને જ જીવન સમજું છું.'' તો અન્ય પાત્ર કહે છે, ''આપત્તિના આવા મુશ્કેલ સમયમાં જ માણસનો સામનો સત્ય સાથે થાય છે, બીજા શબ્દોમાં, મૌન સાથે.'' જ્હોન મંડેલનું પાત્ર ક્વોરેંટાઈનનાં સમયમાં કહે છે, ''નરક એ એવી જગ્યાનું નામ છે જ્યાં તમારા ગમતા લોકોની ગેરહાજરી હોય.''

કદાચ, આ કોરોના આપણને મનગમતા લોકો સાથે મન ભરીને જીવાડવા જ આવ્યો લાગે છે.

❑❑❑



સ્વાસ્થ્ય અને અધ્યાત્મ – ૬

□ ડૉ. સેજલ સંઘવી

અત્યાર સુધીમાં મનુષ્યનાં ત્રણેય શરીર પરની ઓળખ આપી છે. મનુષ્ય જીવનનો એક અને માત્ર એક ઉદ્દેશ્ય પરિપૂર્ણ થવાનો, સમષ્ટિમાં લય પામીને શાશ્વત થવાનો છે. એટલે કે આપણે સહુ બીજ છીએ. આ બીજને ફળીભૂત થવાની ક્રિયા એટલે કે વૃક્ષ બનવાની ઘટના એ બીજની સાધના અને સ્વ અસ્તિત્વમાં લય પામીને અસ્તિત્વનું પૂર્ણ ઘટાદાર સ્વરૂપ આત્મસાત કરવું એ મનુષ્યની સાધના છે.

આગળ જણાવ્યા મુજબ સ્થૂળ, સૂક્ષ્મ


અને કારણ શરીરની સંવાદિતા આ પૂર્ણત્વને ફળીભૂત થવા માટે આવશ્યક છે. સ્થૂળ એટલે કે જેને અન્નમય કોષ કહ્યો છે. સૂક્ષ્મ એટલે કે જેમાં પ્રાણમય, મનોમય અને વિજ્ઞાનમય એ ત્રણેય કોષોનો સમન્વય થાય છે અને કારણમય શરીર એટલે આનંદમય કોષની પ્રાપ્તિ.

એટલે જીવન વ્યવહાર આ ત્રણેયને ધ્યાનમાં રાખીને થાય તો ઉદ્દેશ્ય ફળીભૂત થાય અને એટલા માટે જ આ શરીરની રચના અને એના દ્વારા થતી ક્રિયાઓ, એનું સંયોજન અને એના દ્વારા થતી રસની પુષ્ટિ અને પ્રાપ્તિ (ત્રણેય સ્તરે) એનું જ્ઞાન અને એનો બોધ થવો જરૂરી છે.

કોઈ એક સ્તર બીજા સ્તર સાથે અને બીજું સ્તર ત્રીજા સ્તર સાથે સંકળાયેલું છે. ફક્ત સ્થૂળ કાર્ય કરી શકે એમ નથી તેમ સૂક્ષ્મને પણ એની સ્વતંત્રતા નથી તો કારણ પણ સ્થૂળ અને સૂક્ષ્મ પર અવલંબિત છે.

આ મહત્ત્વનું સંયોજન, એક કોષથી થઈને પૂર્ણ પ્રણાલીઓ સાથેના સંયોજનને ધ્યાનમાં રાખીને ક્રિયાઓ વખતે જાગૃત રહીએ તો સમગ્રતાને પામી શકાય છે. કોઈપણ પ્રકારની ભ્રમણાઓને સેવ્યા વિના જે કાંઈ ધરાતલ પર અનુભવ થાય છે એનો અભ્યાસ વધતો જાય તો એ પૂર્ણ અનુભૂતિનાં દ્વાર ખોલે છે.

આ શરીર અનંત બ્રહ્માંડનાં અનંત રહસ્યોની ચાવીરૂપ છે જે શરીરની રચના અને એના દ્વારા થતી ક્રિયાઓ, એના પ્રત્યેની જાગૃતિ દ્વારા પમાય છે.



જેમ કે શરીર રચનામાં માનવ દેહમાં નવ છિદ્રો છે. બે આંખ, બે કાન, બે નસકોરાં, એક મુખ, એક ગુદા અને એક મૂત્ર માર્ગ.

આ નવ છિદ્રો સ્વયં દર્શાવે છે કે ત્યાં અવકાશ છે, અનંતતા છે. આનો યથાયોગ્ય ઉપયોગ - જાગૃતિ સર્વ પ્રથમ અવસ્થા છે. આંખ દ્વારા જોવાયેલું, કાન દ્વારા સંભળાયેલું, નાક દ્વારા સૂંઘાયેલું, મુખમાં મુકાયેલું અન્ન અથવા મુખથી ઉચ્ચારાયેલી વાણી, મળત્યાગની ક્રિયા (શૌચ) અને સંભોગની ક્રિયા આ પૂર્ણ શરીર આની જાગૃતિ દ્વારા અનંતનાં દ્વાર ખોલે છે.

એટલે અગાઉ જણાવી ચૂક્યાં છીએ એમ જાગૃતિ સાથેની ક્રિયા જ બોધમાં પરિણમે છે અને બોધથી જ વૃત્તિઓમાંથી છુટાય છે. સમજ કેળવવાની હોય છે પણ બોધ આત્મસાત્ થતો હોય છે એટલે એ ચિત્ત નિર્મળ કરી શકવાની શક્તિ ધરાવે છે. જેમ કે દૂધ ગરમ છે એને અડવાથી દાઝી જવાશે એ બોધ થયેલો છે જે આત્મસાત્ થયેલો હોવાથી કોઈપણ સ્થળે, સંજોગો, વ્યવહારમાં ગરમ દૂધમાં હાથ નખાઈ જતો નથી.

બસ આવી જ રીતે અન્ય કોઈ બાબતમાં વિસ્મૃત થયેલ સ્વ અસ્તિત્વ પ્રત્યેનો બોધ આત્મસાત્ થયા પછી જીવ ફરી ફરી એ વિષેની માયાજાળમાં ફસાતો નથી. એટલે કે વિસ્મૃતિ પાછી લાવવી જે ભુલાઈ ચૂકી છે, એ બોધ ફરી પાછો પામવો. એ ઉદ્દેશ્યને પ્રસ્થાપિત કરવા માટે શરીર વિષેની સમજણ જરૂરી છે.

મહાભારતના યુદ્ધ વખતે કૃષ્ણ - અર્જુન સંવાદ થાય છે જે અઢાર અધ્યાયમાં ભગવદ્ ગીતા તરીકે ઓળખાય છે. આટલો મોટો ગ્રંથ યુદ્ધમાં કટોકટી સમયે કેવી રીતે બોલાયો હોય, બોધ પમાયો હોય? અને પછી અર્જુન સ્વ અસ્તિત્વ બોધ પામ્યા પછી યુદ્ધ પ્રત્યે યોગ્ય વ્યવહારમાં પરોવાય છે. કહેવાનો મુદ્દો એટલો છે કે આ સર્વ કાંઈ ભગવદ્ ગીતામાં શ્રી કૃષ્ણે કહ્યું એ તો શાશ્વત હતું જ, ત્યારે પણ અત્યારે પણ અને અનંત સુધી પણ. મહત્ત્વનો હતો એ એમણે કરાવેલો સ્મૃતિબોધ હતો. એમણે અર્જુનને એ પોતે શું છે એના અસ્તિત્વ બોધને પમાડ્યો હતો.

આ જ અસ્તિત્વ બોધ આપણે સહુએ ભુલાઈ ગયેલી, વિસ્મૃત થઈ ગયેલી સ્વ વિષેની ઓળખ પાછી મેળવવાની છે અને આ આપણે મેળવીશું જ.

વાસ્તવિક ધરાતલ જે છે એ શરીરના માધ્યમ દ્વારા જ એની સ્થૂળ, સૂક્ષ્મ અને કારણની રચનાને સમજતાં સમજતાં એ અવ્યક્તને પામીશું જે આપણે સૌ કોઈ છીએ જ. અને આ જ એ અમૃત છે જે સમષ્ટિની રચનાની ઉપર છે જેના આપણે સૌ સંતાનો છીએ. આ વૃત્તિઓમાંથી છૂટવા માટેનો

જે બોધ પામવાનો છે એમાં જરૂર પડે છે કેળવણીની અને યથાયોગ્ય સમજની.

આ સ્વ અસ્તિત્વની સમજ માટે વ્યવહારમાં સંકુચિત થઈ ગયેલા શબ્દો પર દૃષ્ટિ કરીએ. દિવસમાં હજાર વાર બોલાય છે શબ્દ સ્વભાવ. મારો આ સ્વભાવ નથી. આ મારા સ્વભાવમાં નથી. આ શબ્દ પોતે જ પૂર્ણ છે. સ્વ+ભાવ. જે અસ્તિત્વ છે, જે સ્વ છે તેનો ભાવ. પણ અજ્ઞાનવશ મનુષ્ય જે તે શરીરના ઢાંચાને, દેહને સ્વભાવ સમજી બેસે છે જે મનુષ્ય જીવનની કરુણતા છે. આવો બીજો શબ્દ સ્વાર્થ છે. સ્વાર્થનો અર્થ સ્વ+અર્થ થાય છે. આ જ રીતે સ્વાભિમાન એ કલ્યાણવાચક શબ્દ છે. સર્વોપરી સત્તાનું જ્ઞાન છે એ જાણકારી એ સ્વાભિમાન છે. જેને આપણે દેહના અભિમાન સાથે સાંકળી સંકુચિત કરી લીધું છે. એની વ્યાપકતાને ખોઈ બેઠા છીએ.

જીવન પૂર્ણ સુખની શોધ માટે છે, સત્યની શોધ માટે છે. જીવ આ જાણી જાય, સમજી જાય તો જીવનની સાર્થકતા સિદ્ધ થાય છે. મનુષ્ય જીવનનો ઉદ્દેશ્ય આ સાર્થકતાને પરિપૂર્ણ કરવું, સિદ્ધ કરવું એ છે અને એટલા માટે જ આ શરીર આપણને ઉપલબ્ધ થયું છે. એ સર્વોપરી સત્તા જે સર્વ કાંઈને જન્મ આપે છે, જેના હાથમાં એનાં સંચાલન, નિયમન અને વિલયની સત્તા છે એ મહાન સર્વોપરી સત્તા દરેક મનુષ્યની અંદર સુષુપ્ત પડેલી હોય છે. એ સુષુપ્તિમાંથી એને બહાર લાવી એ જાગૃતિ દ્વારા એમાં વિલસતા રહેવું એ મનુષ્ય માત્રનો જન્મસિદ્ધ અધિકાર છે.

સાદી ભાષામાં સમજીએ તો એક જ્ઞાત છે અને બીજું અજ્ઞાત છે. આ જે જ્ઞાત છે એટલે કે જેને આપણે આપણી જાગૃતિ કહીએ છીએ, જે દેખાય છે, જે સ્પર્શાય છે, જે અનુભવાય છે, જેને આપણે જીવન માની બેઠા છીએ; આ જ્ઞાતની પકડ જો ઢીલી થાય તો અજ્ઞાત તરફ દૃષ્ટિ વળે. આને જ અંતર્મુખ થવાની પ્રક્રિયા કહેવામાં આવી છે અને આ જ જ્ઞાતથી અજ્ઞાતને જાણવા સુધીની યાત્રા પરિપૂર્ણ કરવા મનુષ્ય માટે આશીર્વાદરૂપ અપાયેલા આ શરીરનો યોગ્ય ઉપયોગ કરવો જોઈએ.

શરીરના કોષો, પ્રણાલીઓની એકરૂપતા, એકલયતા, જોડાણ પ્રત્યેક કોષનો યોગ દર્શાવે છે. આ જ પ્રકારે ચૈતન્ય સાથે આવી જ એકરૂપતા, એકલયતા પામીને અસ્તિત્વમાં લય પામે એ ઘટના ઘટવી જોઈએ. યોગ આસન, પ્રાણાયામ જાગૃતિ અને ઉદ્દેશ સાથે કરાય તો આત્મસાત્ થાય છે. યોગ એ કરવાની ક્રિયા નથી. યોગ એ અવસ્થાનું નામ છે. યૌગિક અવસ્થામાં મનુષ્ય દેહ દ્વારા એ સર્વોપરી સત્તા પોતાનું સૌંદર્ય છલકાવે છે. એટલે કે યોગ ફક્ત શારીરિક બળ, માનસિક શાંતિ માટે

નથી પણ આત્માના સામર્થ્યને પ્રસ્તુત કરવા માટે છે.


એક દાખલો લઈએ. અન્નનો એક કોળિયો મોઢામાં મુકાયો. એમાં લાળ ભળી. અને એ કોળિયો ચાવ્યો એટલે કે નીચે અન્નનળીમાં ઊતરવા માટે એ તૈયાર થયો. અન્નનળીમાંથી ઊતરીને જઠર અગ્નિમાં એ કોળિયો તપાયો. એ અગ્નિમાંથી એનું રૂપાંતરણ રક્તમાં થયું. એવું રક્ત જે સમગ્ર જીવંતતા બક્ષે છે અને એ જ રક્તમાંથી અંતિમ બિંદુ વીર્ય/રજનું સર્જન છે જે સૃજન કરવાનું અને સૃજન ધારણ કરવાનું સામર્થ્ય ધરાવે છે. આ જ અધ્યાત્મની સાચી ઓળખ છે. આ સૃજનશક્તિ જે સ્થૂળ રીતે દર્શાવવામાં આવી એ સૂક્ષ્મમાં કલ્યાણને જન્મ આપતી, કલ્યાણને પોષતી પરમ સત્તા સ્વયં છે.

આ જ રીતે અભિમાનમાં જ્યારે અસ્તિત્વના પ્રેમનો રસ એટલે કે લાળ ભળે છે, ક્રિયાઓ દ્વારા જ્યારે જ્યારે એનું ચયન થાય છે/તૂટે છે, જ્ઞાનની અગ્નિમાં નષ્ટ થઈ એ અભિમાન જ્યારે અસ્તિત્વરૂપી રક્તમાં પલટાઈ જાય છે અને સ્વયં તેજોમય એવા વીર્યરૂપી પ્રકાશથી સૃષ્ટિને સૌંદર્ય બક્ષે છે.

આવી જ રીતે શ્વાસને સમજીએ. મનુષ્ય જીવન જ જાગૃત થાય છે, સ્પંદિત થાય છે જ્યારે બાળક જન્મતાંની સાથે સ્વયં શ્વાસ લે છે. અથવા જે અવસ્થામાં શ્વાસ બંધ થઈ જાય છે એને એ મૃત્યુ સમજે છે. બહુ ગહન વાત છે. શ્વાસ લીધો એ સાથે કર્મ, વાસનાઓ જાગૃત થયાં. આ શ્વાસનું મૃત્યુ ઘણાબધા મનુષ્યોએ પોતપોતાની રીતે શારીરિક યોગની ક્રિયાઓ વખતે કુંભક અવસ્થામાં ન તો અનુભવ્યું કે જાણ્યું સુધ્ધાં નથી, માત્ર કર્યું છે. જાણવું તો અંતિમબિંદુ છે. આ કુંભક અવસ્થામાં શ્વાસનું સ્થિર થઈ જવું એટલે કે શ્વાસ અને ઉચ્છ્વાસના આકર્ષણની મધ્યમાં સ્થિર થઈ જવું એ મૃત્યુ જ અમૃત છે. એ શૂન્યાવકાશ જ અવિનાશી જીવન છે. પણ જેમ ગોળને ચાખ્યા વિના, મમળાવ્યા વિના એના મધુર રસની પ્રાપ્તિ નથી થતી તેમ બે શ્વાસ વચ્ચેની આ અવકાશની ઘટનાને સમજવા, જાણવા અને માણી શકાય એ માટે પ્રયત્ન કરવા પડે છે.

ઊંઘ એ ગર્ભિત સંકેત છે. જીવ જ્યારે અભિમાનમાં હોય છે, સ્વથી વિખૂટો હોય છે ત્યારે એ ઊંઘે છે. શરીર જે ઊંઘને પામે છે એ ઊંઘ સુષુપ્તિની એવી અવસ્થા દર્શાવે છે જે શારીરિક યોગમાં કુંભક અવસ્થામાં પ્રયત્નપૂર્વક કરવામાં આવે છે. ઇંદ્રિયોનું શિથિલ થઈ જવું, અભિમાનનું લય થઈ જવું, હુંનું ઓગળી જવું એ સર્વ કાંઈ ઊંઘમાં જે બને છે એ જ દર્શાવે છે કે જાગૃતિમાં આ ઘટવું જ જોઈએ. અને એને માટે ઊંઘ આરામ આપીને નવસર્જન કરાવે છે, સ્ફૂર્તિ આપે છે કે ફરી આ ધ્યેયને સિદ્ધ કરો.

❑❑❑



બ્લેક હોલ?

□ પ્રા. જે. આર. વઘાશિયા

માર્ચ, 2020ના 'નવનીત સમર્પણ'ના 'લાંબી દૃષ્ટિ, ટૂંકી દૃષ્ટિ' લેખમાં કહેવાયું છે કે 2019ના એપ્રિલમાં નાસા, હાર્ડવર્ડ (અહીં 'હાર્વર્ડ' જોઈએ) યુનિવર્સિટી, એમ.આઇ.ટી. વગેરે અમેરિકાની ઉચ્ચ સંસ્થાઓએ બ્લેક હોલની ઇમેજ એટલે કે ઓળો કે પડછાયો, તેની શોધ કરી.' પ્રસ્તુત વિષયના સંદર્ભે જણાવવાનું કે, વૈજ્ઞાનિક શોધ અને સંશોધનોમાં ખંડન અને મંડનની ક્રિયા-પ્રક્રિયા સતત ચાલતી જ રહે છે. તે ન્યાયે બ્લેક હોલની પ્રસ્તુત શોધ આખરી હકીકત નથી તેમ જ અધિકૃત પણ નથી. હાલમાં પણ તે શંકાના દાયરામાં જ છે. માંડીને વાત કરીએ તો બ્રહ્માંડમાં બ્લેક હોલ (કાળા ડાઘ) હોવા અંગે સર્વપ્રથમ ઇંગ્લેન્ડના ભૂસ્તર અને ખગોળશાસ્ત્રી જ્હોન મિશેલે 1784માં અને ફ્રાંસના ગણિતશાસ્ત્રી પિઅરે સાયમન લેપલેસે 1796માં રજૂઆત કરી હતી. ત્યારબાદ અમેરિકાના ભૂસ્તરશાસ્ત્રી હાર્ટલેન્ડ સ્નાઈડરે 1939માં તેને અનુમોદન આપ્યું અને 1965માં ગણિતિક ભૂસ્તરશાસ્ત્રી રોજર પેનરોસે તેમ જ 1974માં ભૂસ્તરશાસ્ત્રી સ્ટિફન હોકિંગે બ્લેક હોલની માન્યતાને દૃઢ બનાવી હતી.

છેલ્લાં 235 વર્ષથી બ્લેક હોલની આ માન્યતા (નહીં કે હકીકત) પર વિશ્વભરના વૈજ્ઞાનિકો ચાલી રહ્યા છે. પરંતુ જેમાંથી પ્રકાશનું કિરણ પણ પસાર ન થઈ શકે તેવા કાળા ડાઘ (બ્લેક હોલ) બ્રહ્માંડમાં હોવાની માન્યતા સદંતર ખોટી છે તેવો દાવો અને તે સંબંધિત સંશોધનપત્ર (15 peer reviewed paper). ભાભા એટમિક રિસર્ચ સેન્ટરના વરિષ્ઠ થિયરેટિકલ એસ્ટ્રોફિઝિસિસ્ટ (સૈદ્ધાંતિક નક્ષત્ર ભૌતિક વિજ્ઞાની) ડો. અબ્હાસ મિત્રાએ વર્ષ 2000માં રજૂ કર્યો હતો, તે અહીં વિશેષ નોંધવું ઘટે.

તેમના મતે પ્રખ્યાત વિજ્ઞાનીઓ રોજર પેનરોસે અને સ્ટિફન હોકિંગે કરેલી મહત્ત્વની ધારણાઓ. જેવી કે 'પ્રકાશને અટકાવવામાં આવે છે' તે આલ્બર્ટ આઇન્સ્ટાઈનની થિયરી 'વહેતું પ્રવાહી પ્રકાશની ઝડપને આંબી ન શકે' તેનાથી વિપરીત છે. ડો. અબહાસે આલ્બર્ટ આઇન્સ્ટાઇનની થિયરીને બે અલગ વિચારધારાઓ 'જનરલાઇઝ્ડ કોલેપ્સ ઇક્વેશન' અને 'પૃથ્વી પર પ્રકાશ સાથે અથડાતા તત્ત્વ'થી તપાસી છે. ચકાસી છે, અને સાબિત કરવાનો પ્રયત્ન કર્યો છે કે, ફાઈનાઈટ મેસ અથવા કાળા ડાઘ (બ્લેક હોલ) જે નાસા અને અન્ય વૈજ્ઞાનિકો દર્શાવે છે, તેને કોઈ ચુંબકીય તત્ત્વ પકડી રાખતું નથી અને તેનો ખરો અર્થ પણ સમજાતો નથી. ડો. અબ્હાસના બ્લેક હોલના અનાસ્તિત્વ અંગેના આ સંશોધનપત્રના સહયોગી તરીકે ડેરીલ લાઇટર (વર્જિનિયા યુનિવર્સિટી), સ્ટેનલી રોબર્ટસન (સાઉથ ઓક્લોહોમા સ્ટેટ યુનિવર્સિટી) અને નોર્મન ગ્લેન્ડનિન્ગ (લોરેન્સ બર્કલે લેબોરેટરી) પણ સામેલ હતા અને તે વાતની વૈજ્ઞાનિક સાબિતી આપી હતી કે, બ્રહ્માંડમાં 'ખરો બ્લેક હોલ' છે જ નહીં. જે છે તે 'આભાસી બ્લેક હોલ' જ છે. તેમના કહેવા મુજબ, તેમના સંશોધનપત્રમાં જે હકીકત દર્શાવી હતી કે, 'પ્રભામંડળનો પ્રસ્ફોટ બ્લેક હોલ માધ્યમથી સમજી શકાતો જ નથી' તે જ હકીકત નાસાના રિપોર્ટમાં પણ જોવા મળે છે. તો પછી 'ખરા બ્લેક હોલ'ની શોધ શંકાસ્પદ બની જાય છે. તેમના પ્રસ્તુત સંશોધનપત્રે વિશ્વના વરિષ્ઠ ભૂસ્તર-ખગોળશાસ્ત્રીઓને તે સમયે વિચારતા કરી મૂક્યા હતા અને આજે નાસાના સાંપ્રત સંશોધન પછી પણ તે યથાવત્ જ છે. ટૂંકમાં, બ્લેક હોલ શોધકાર્ય મુદ્દે નાસા સહિત વિશ્વના સર્વ ભૂસ્તર-ખગોળશાસ્ત્રીઓની લાંબી દૃષ્ટિ આવકાર્ય છે પણ સ્વીકાર્ય એટલા માટે નથી, કારણ કે તે હજી પણ ટૂંકી પડે છે અને વધુ લાંબી દૃષ્ટિ માંગે છે.

❑❑❑



જન્મ: ૧-૧-૧૯૨૭ - અવસાન: ૩૦-૪-૨૦૨૦

કુન્દનિકા કાપડીઆ: એક અંજલિ

□ દીપક દોશી

એમનો જન્મ જાન્યુઆરી ૧, ૧૯૨૭ના રોજ લીંબડી ગામે. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ગોધરા. કોલેજશિક્ષણ ભાવનગરની શામળદાસ કોલેજમાં. બાદ મુંબઈ સ્કૂલ ઓફ ઇકોનોમિક્સમાંથી 'એન્ટાયર પોલિટિક્સ' સાથે એમ.એ.

તેઓ 1955થી 1957 સુધી 'યાત્રિક' અને 1962થી 1980 સુધી 'નવનીત'નાં સંપાદિકા રહ્યાં. સંપાદનમાં એમની પરિષ્કૃત રસ-રુચિએ ચાર ચાંદ લગાવ્યા.

વાર્તા, નવલકથા, નિબંધ, પ્રાર્થના અને અનુવાદ જેવા વિવિધ સાહિત્યપ્રકારોમાં એમનું ખેડાણ છે. જોકે 'સાતપગલાં આકાશમાં' અને 'પરમ સમીપે' ખૂબ પ્રસિદ્ધિ પામ્યાં છતાં એમનું ઉત્તમ સાહિત્યિક પ્રદાન ટૂંકી વાર્તાઓ દ્વારા પ્રગટ થયું. 'પ્રેમનાં આંસુ', 'વધુ ને વધુ સુંદર', 'જવા દઈશું તમને', 'કાગળની હોડી'. 'મનુષ્ય થવું', 'પ્રેમ જ સર્વ કાંઈ' અને 'ઘર તરફ' એમનાં વાર્તાસંગ્રહો છે.

પોતાની વાર્તાઓ અને સમગ્ર સર્જનાત્મકતાના સંદર્ભે તેઓ લખે છે, ''મારે મન જીવવું મુખ્ય છે, લખવું ગૌણ છે. અને એટલે મારી વાર્તાઓનો પ્રધાનસૂર જીવનલક્ષિતા છે.

મારાં મોટા ભાગનાં લખાણો અને વાર્તાઓમાં જીવનને સુંદરથી અધિક સુંદર બનાવવાના સંકેતો પ્રગટપણે કે પ્રચ્છન્નપણે રહેલા હોય છે. એમાં કલાતત્ત્વની ઉપેક્ષા નથી પણ દિશા જીવનના વિવિધ સૌંદર્યોના ઉઘાડ ભણીની હોય છે.''

('ઘર તરફ'ની પ્રસ્તાવનામાંથી)

એમનું માત્ર સર્જન જ નહીં પણ જીવન સુધ્ધાં સૌંદર્યોના ઉઘાડ તરફ સતત ગતિશીલ હતું. 'નંદિગ્રામ'ની કાંટાળી ભૂમિમાંથી હાલનું નંદનવન સ્વરૂપ એની સાખ પૂરે છે. નાનામાં નાની અભિવ્યક્તિથી લઈને જીવન સમગ્રમાં એમણે પ્રેમ અને સૌંદર્યના રંગ પૂરીને એક વ્યાપક સર્જનકર્મ નિભાવ્યું છે. આ સૌંદર્યદૃષ્ટિ પાછળ માત્ર એક અધ્યાત્મ અનુરાગી દૃષ્ટિ નથી, એક આધુનિક સ્ત્રી-માનસ પણ છે. એ રીતે 'સાત પગલાં આકાશમાં'ની વસુધીથી લઈને એમનો વ્યાપ 'પરમ સમીપે'ના ઈશા કુન્દનિકા સુધી ફેલાયેલો છે.

ધરમપુર જતાં રસ્તામાં 'નંદિગ્રામ' ખાતે એમને અવારનવાર મળવાનું બનતું. એમના વ્યક્તિત્વમાં રહેલી એક કડપ અનુક્રમે ઓગળતી પ્રેમ સ્વરૂપ બની હતી. 'નંદિગ્રામ' એ રીતે 'આનંદગ્રામ' તરફ ગતિ કરી રહ્યું હતું. વધતી ઉંમર છતાં નાનામાં નાની ગતિવિધિઓમાં એમનું ચીવટભર્યું ધ્યાન. સાંભળવાનું થોડું ઓછું થતું પણ સમજ ઉપર એનો કોઈ મદાર નહોતો અનુભવાતો.

મારી હંમેશની ફરિયાદ હતી કે એમણે લખવાનું કેમ ઓછું કરી નાખ્યું હતું? ગયા વર્ષે એમની 70 જેટલી અગ્રંથસ્થ વાર્તાઓમાંથી પસાર થવાનું થયું ત્યારે



ખ્યાલ આવ્યો કે વાર્તા માટે આવશ્યક લગભગ બધી જ લાક્ષણિકતાઓનો તેઓ સર્જનાત્મક વિનિયોગ કરી શકતાં હતાં. પણ શબ્દ અને સર્જન જ્યારે એકમેકમાં રસાઈ જાય ત્યારે 'પરમ'ના 'સામીપ્ય'નું 'નંદિગ્રામ' રચાતું હોય છે. સાંઈ મકરન્દ દવેની જીવનદૃષ્ટિ અને ઈશા કુન્દનિકાની કાર્યક્ષમતા વિના એ શક્ય ન બને.

'નવનીત સમર્પણ'માં આવતી શ્રદ્ધાંજલિઓ બાબત એક વખત વાત કરતાં કહે, ''મારા વિશે લખવાનું આવે તો તમે શું લખો? મને કહો.'' મેં કહ્યું કે એ તો પ્રસંગમાંથી ઊભી થતી સંવેદના હોય, એની કલ્પના કરવાનું મારું ગજું નથી. ત્યાર પછી એમણે એક 'ખાનગી' લખેલું કવર મોકલીને ફોન કર્યો હતો કે હું ન હોઉં ત્યારે ખોલજો અને પ્રગટ કરવા જેવું હોય તો કરજો. કવર ઑફિસમાં છે. હાલ લોકડાઉનમાં ઑફિસ જઈ શકાય એમ નથી. કવર ખૂલી શકે એમ નથી. આવો નાટ્યાત્મક અંત પણ એમને અભિપ્રેત હશે?

આજે વિશ્વ જ્યારે વાઈરસના લોકડાઉનથી ગ્રસ્ત છે ત્યારે આવી સાર્થક જીવનયાત્રા આપણા માટે પ્રેરક બની રહે છે. ઈશા-કુન્દનિકાને અંતરપૂર્વકની શ્રદ્ધાંજલિ. ❑❑❑

તમારી દૃષ્ટિએ

એપ્રિલ 2020ના અંકમાં 'કાન્તની ખુરશી' લેખમાળામાં સ્વ. દલસુખભાઈ ત્રિવેદી વિષે વાંચ્યું. 1959માં તેઓ પાલનપુરમાં જિલ્લા કેળવણી અધિકારી તરીકે કામ કરતા હતા અને હું પણ ત્યાં કામ કરતો હતો. બન્ને ભાવનગરી હતા એટલે સાથે સાંજે ફરવા જતા. ત્યારે તેમણે વાત કરી હતી કે એક વાર તેમને તે જિલ્લાની કોઈ શાળાનું ઉદ્‌ઘાટન કરવાની વિનંતી કરવામાં આવી. ત્યારે તેમણે કહેલું કે ઉદ્‌ઘાટન વિધિની જરૂર નથી, પણ હું ત્યાં આવીને પહેલો વર્ગ ભણાવીશ.

એ અંકમાં જ 'રુદાલી' વાર્તા અને નોબેલ સન્માનિત ડૉ. રામન વિશેનો પરિચય વાંચીને આનંદ થયો.

બકુલ મૂ. ભટ્ટ
સાન એન્ટોનિઓ, ટેક્ષાસ

'વર્તમાન યુગમાં નાટકના માધ્યમની જવાબદારી છે કે તત્કાલીન નિસર્ગવાદના પોકળ પડદાને ચીરી નાખીને જીવનની આંતરિક વાસ્તવિકતાઓનો પ્રેક્ષકોને પરિચય કરાવે. નાટકમાં અસલ જિંદગીની હૂબહૂ નકલ ન કરતાં નિસર્ગવાદ પર જો જરૂર કરતાં વધારે ભાર મૂકવામાં આવશે તો જીવનમાં ખરાં રહસ્યો અને અંદરની વાસ્તવિકતા કાયમ માટે ઓઝલ રહેવા પામશે.'

- રવીન્દ્રનાથ ટાગોર



વોટ્સએપ

□ સં. શરીફા વીજળીવાળા

બાપુ : અલ્યા જગલા, આ શિયાળામાં લાંબી બાંયનાં લૂગડાં પેરતો હોય તો આમ ઠુંઠવાવું ન પડેને?

જગલો : ટાઢકથી મરી જાઉં પણ બાયુંનાં લૂગડાં નો પેરું તે નો જ પેરું...

☺ ☺ ☺

રમા : જમરૂખને બટકું ભરો ને પછી જમરૂખમાં ઇયળ હલતી દેખાય એના કરતાં કશું ખરાબ હોઈ શકે ખરું?

શીલા : હા, ઇયળ અડધી દેખાઈ ઈ...

☺ ☺ ☺

શિયાળાનો કમાલનો જાદુ બતાવું? કરી જોજો આજે જ.

કોઈ પણ વ્યક્તિ પર ટાઢું પાણી રેડી જુઓ... એ તરત ગરમ થઈ જશે બોલો!

☺ ☺ ☺

ન્યાયાધીશ : આ ઉંમરે છોકરીની છેડતી કરી? શરમ ન આવી? 80 વર્ષના થયા છો... તમને માફ ન કરાય...

દાદા : સાહેબ પણ મારી વાત તો સાંભળો...

ન્યાયાધીશ : કોઈ 20-22નો છોકરો હોય તો હું માફ પણ કરું પણ તમને તો ન જ કરાય...

દાદા : અરે સાહેબ, મારી વાત તો સાંભળો... આ કેસ 60 વર્ષ જૂનો છે. જુઓ પેલા બેન પણ એના પૌત્ર સાથે આવ્યાં છે!! તારીખ પર તારીખ પડતી જ રહી...

ન્યાયાધીશ શું બોલે?

☺ ☺ ☺

ઇતિ સ્થેન સમાપયેત

લોકડાઉનના સમયમાં પત્નીઃ ''ફ્રી બેઠા હો તો કપડાં ધોઈ નાખો, નહીં તો હું ધોઈ નાખીશ.''

સમજદારને ઇશારો પૂરતો છે.

☺ ☺ ☺

પત્નીઃ ''આ લોકડાઉનના સમયમાં બધાં ઘરકામ ઉપર તમારો સરસ હાથ બેસી ગયો છે! હવે ઓફિસ જાઓ ત્યારે ત્યાં પણ ઝાડૂ પોતાં કરવા ન બેસી જતા!''

☺ ☺ ☺

લોકડાઉનને લીધે મહિનાથી ઘરમાં બેઠો છું. આવતાં જતાં મારી પત્ની મારી સામે જોઈને બોલે છેઃ ''શી ખબર આ બીમારી ક્યારે જશે!'' આમાં મારે શું સમજવું?

☺ ☺ ☺

પત્નીઃ ''હવે મહિનો થઈ ગયો, આ દાઢી ક્યારે કઢાવો છો?''

પતિઃ ''કેમ? તને શું વાંધો છે?''

પત્નીઃ ''મને તો કોઈ વાંધો નથી પણ આ બાજુવાળી પૂછતી'તી કે તમારા ત્યાં જે બાવો આવે છે એ કોરોનાનો દોરો કરે છે?''

☺ ☺ ☺

બોસઃ ''મેં તને ફોન કર્યો ત્યારે તારી પત્નીએ કહ્યું કે તું રસોઈ બનાવે છે! તારે મને વળતો ફોન કરવો જોઈએ ને!''

કર્મચારીઃ ''અરે સાહેબ મેં વળતો ફોન કર્યો હતો પણ તમારાં પત્નીએ કહ્યું કે તમે વાસણ માંજો છો!''

☺ ☺ ☺

Printed and Published by P.V. Sankarankutty on behalf of Bharatiya Vidya Bhavan, printed at Siddhi Printers, 13/14 Bhabha Bldg, Khetwadi 13th Lane, Mumbai-400 004 and published for Bharatiya Vidya Bhavan, K. M. Munshi Marg, Chowpatty, Mumbai-400 007.

Editor : Deepak Doshi

BHAVAN'S DIGITAL BOOKS

Now available at all Amazon stores across the world

Total Pages 140
Date of Publication : 23rd of every previous month
R.N.I. 35887/80 Registered No. MCW / 110 / 2015-2017 Posted on Mumbai Patrika
Channel Sorting Office Mumbai-400 001 on 27th & 28th of every previous month

